# જીવનનું સર્વાંગી વિજ્ઞાન

GJ 891.478
SH 91 J

ઈ.એફ.શુમાખર

# જીવનનું સર્વાંગી વિજ્ઞાન

ઈ૦ એફ૦ શુમાખર

યજ્ઞ પ્રકાશન
ભૂમિપુત્ર હુજરાતપાગા વડોદરા ૩૯૦ ૦૦૧

૨૫ રૂપિયા

Library IIAS, Shimla
GJ 891.478 SH 91 J
00130277

પ્રથમ આવૃત્તિ

મે ૨૦૦૮ પ્રત ૧,૦૦૦

Acc. No. 130277
Date 10-9-2010
SHIMLA
GJ
Sh 91 J

પ્રકાશક
પારુલ દાંડીકર
યજ્ઞ પ્રકાશન સમિતિ હુજરાતપાગા વડોદરા ૩૯૦ ૦૦૧

મુદ્રક
મધુ પેકેજિંગ
કારેલીબાગ વડોદરા ૩૯૦ ૦૧૮

# પ્રકાશકીય

છેલ્લા ત્રણ-ચાર સૈકા દરમ્યાન ભૌતિક પદાર્થ વિજ્ઞાનના ક્ષેત્રે માણસે મોટી હરણફાળ ભરી. ઇંદ્રિયગોચર જ્ઞાન અને તર્કબુદ્ધિ પર આધારિત આ આધુનિક વિજ્ઞાનનો આપણા જીવન પર ભારે પ્રભાવ પડ્યો. પરંતુ હવે ધીરે ધીરે તેની મર્યાદાઓ પણ છતી થઈ રહી છે. જીવનને આનંદદાયક તેમ જ અર્થપૂર્ણ બનાવવા તથા જીવન-રહસ્યનો તાગ પામવા આ પૂરતું નથી, એવી સમજ હવે પાંગરતી જાય છે.

માણસની વિકાસયાત્રાના આગળના ટપ્પા માટેનું મનોમંથન ને મથામણ આજે ચાલી રહ્યાં છે. તે સંદર્ભમાં શુમાખરનું ૧૯૭૭માં બહાર પડેલું પુસ્તક 'A Guide for the perplexed' (મૂંઝાયેલાને માર્ગદર્શન) ઉપયોગી થાય તેવું છે. તેમાં એમણે ભૌતિક વિજ્ઞાનની મર્યાદાઓ દર્શાવી છે તથા જીવનનાં અન્ય ક્ષેત્રોમાંના તેના અનધિકાર આક્રમણ અને આપખુદી સામે જેહાદ જગાવી છે : ''આ વિજ્ઞાનો મનુષ્યને જીવનનું રહસ્ય સમજાવવાને બદલે તેનાથી દૂર ઘસડી જવાનાં. પરિણામે, જીવનનાં અનેક અન્ય પાસાં — તર્કબુદ્ધિથી ન ઊકલી શકે તેવાં પાસાં — મનુષ્યની સમજ ને પકડ બહાર રહી જવાનાં.... ૧૯મી સદીના કેટલાક વિચારો કોઈ પરમ સત્યો જેવી પ્રતિષ્ઠા પામ્યા છે. વાસ્તવમાં, તે કોઈ પરમ સત્યો છે નહીં. માટે એ ભૌતિકવાદી વિચારોની ગુલામીમાંથી મુક્ત બનો. ભૌતિક વિજ્ઞાનોની સીમાઓ પિછાનો. સાહિત્ય-નીતિશાસ્ત્ર-જીવનમૂલ્યો-તત્ત્વજ્ઞાન વગેરેને જીવનમાં યથાસ્થાને પુનઃ સ્થાપિત કરો. ભૌતિક વિજ્ઞાનનો સામ્રાજ્યવાદ ખતમ કરો.''

એટલે એક નવું વિજ્ઞાન, એક સર્વાંગી જીવન-વિજ્ઞાન આજે હવે વિકસાવવાનું છે. તેમાં શુમાખરના આ વિચારો બહુ જ ઉપયોગી થાય તેવા છે. ઉપરોક્ત પુસ્તકના નિચોડરૂપ આ વિચારો કાન્તિ શાહે અહીં રજૂ કર્યા છે. ૧૯૮૦માં 'ભૂમિપુત્ર'માં લેખમાળા રૂપે તે છપાયેલા. હવે પુસ્તક રૂપે પ્રકાશિત થાય છે. આજે વિજ્ઞાન-અધ્યાત્મના સમન્વયના નવા યુગ ભણી જ્યારે આપણે આગળ વધી રહ્યા છીએ, ત્યારે ચિંતન-મંથનમાં આ ઘણું મદદરૂપ બની રહેશે.

## અ નુ ક્ર મ


| | | |
|---|---|---|
| | નૂતન માનવ-સંસ્કૃતિના બુલંદ ઉદ્‌ગાતા | 07 |
| ૧. | આધુનિક બુદ્ધિવાદની મર્યાદાઓ | 13 |
| ૨. | ભિન્ન ભિન્ન યોનિઓ વચ્ચેનો વિવેક | 17 |
| ૩. | બાહ્ય કરણો અને અંતઃકરણ | 24 |
| ૪. | અંદર ખોળો — જાતને ઓળખો ! | 30 |
| ૫. | જગતની આરસીમાં તમારું મોઢું જુઓ ! | 35 |
| ૬. | અન્યના અંતરમાં ડોકિયું કરો ! | 39 |
| ૭. | ભૌતિક વિજ્ઞાન અને તેની મર્યાદા | 47 |
| ૮. | ઉત્ક્રાંતિવાદ : વિજ્ઞાન કે તૂત ? | 54 |
| ૯. | જીવન એક પાઠશાળા | 60 |
| ૧૦. | કળાનો અસલ મર્મ | 66 |
| ૧૧. | માનવ-વિકાસની અસીમ સંભાવનાઓ | 69 |
| ૧૨. | ઊર્ધ્વ યાત્રામાં જ માનવ્યનો મર્મ | 74 |

# નૂતન માનવ-સંસ્કૃતિના બુલંદ ઉદ્ગાતા

એરિક ફ્રોમે કહ્યું છે કે હવે ભૌતિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, માનસશાસ્ત્ર, એમ જુદું જુદું વિચારવાને બદલે આ બધાંનો જ એક સાથે માનવીય દૃષ્ટિએ વિચાર કરવો જોઈએ. માનવને કેન્દ્રમાં રાખી બધી બાબતોનો સમગ્રપણે વિચાર થવો જોઈએ. આને એમણે નામ આપ્યું છે, Science of Man —માનવ-વિજ્ઞાન, માનવશાસ્ત્ર. શુમાખરનો યથાર્થ પરિચય આપવો હોય તો તેઓ આવા એક માનવશાસ્ત્રી હતા એમ કહી શકાય. સામાન્ય રીતે તેઓ એક અર્થશાસ્ત્રી તરીકે વધુ જાણીતા છે. પણ તે એમનો પર્યાપ્ત કે યથાર્થ પરિચય નથી. ખરું જોતાં તો અર્થશાસ્ત્રમાંયે તેઓ મૌલિક અને નવી કેડીઓ પાડનારું ચિંતન કરી શક્યા તેનું મુખ્ય કારણ એ પોતે અસલમાં માનવશાસ્ત્રી હતા એ જ છે. સૃષ્ટિમાંનાં વિવિધ તત્ત્વોનું સંતુલન જાળવી રાખવાની અગત્યતા આજે આપણે સમજતા થયા છીએ, તેમ ચિંતનનાંયે અનેકવિધ પાસાંનું સંતુલન સાધવું અનિવાર્ય છે. શુમાખરના ચિંતનમાં આવા સંતુલનની ઝાંખી થાય છે. એમના ચિંતનની વિલક્ષણતા આ સંતુલનને આભારી છે.

જન્મે તેઓ જર્મન હતા. જિંદગીનાં મહત્ત્વનાં વરસો ગાળ્યાં એમણે ઇંગ્લેંડમાં. અને એમનું ચિંતન-મનન ચાલ્યું જગતનું, સમગ્ર માનવજાતનું. (પશ્ચિમ) જર્મનીના બોન નગરમાં ૧૯૧૧માં એમનો જન્મ થયો. બોન, બર્લિન, ઓક્સફર્ડ અને કોલમ્બિયા યુનિવર્સિટીઓમાં શિક્ષણ મેળવી ૧૯૩૦માં કોલમ્બિયામાં અર્થશાસ્ત્રના અધ્યાપક બન્યા. પછી વેપાર, ખેતી અને પત્રકારત્વનાં ક્ષેત્રનોય અનુભવ લીધો. હિટલર સત્તા પર આવતાં ૧૯૩૭માં જર્મની છોડીને ઇંગ્લેંડ આવી વસ્યા.

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન એક જર્મન-વિરોધી ટોળાએ એમના નિવાસસ્થાન પર દેકારો મચાવ્યો, ત્યારે શુમાખરે બહાર આવી શેકસપિયરના એક નાટકમાંથી ટોળાંશાહીની ઠેકડી ઉડાવતી પંક્તિઓ કડકડાટ બોલીને ટોળાને સ્તબ્ધ કરી દીધેલું. છતાં જર્મન હોવાને નાતે એમને થોડો વખત જેલમાં રહેવું પડેલું. ૧૯૪૬માં એમને અંગ્રેજ નાગરિકત્વ પ્રાપ્ત થયું.

પશ્ચિમ જર્મનીમાંના યુનાઈટેડ કિંગ્ડમ કંટ્રોલ કમિશન, ઇંગ્લેંડના રાષ્ટ્રીય કોલસા બૉર્ડ, બ્રહ્મદેશની સરકાર વગેરેના આર્થિક સલાહકાર તરીકે એમણે વરસો સુધી કામ કર્યું. ભારત સરકારે પણ ૧૯૬૨માં એમને પંચવાર્ષિક યોજના અંગે સલાહ માટે બોલાવેલા. આર્થિક આયોજન અંગે એમણે લખેલો નિબંધ 'ભારતીય વિકાસ યોજના' આજેયે એટલો જ પ્રસ્તુત છે.

છએક માસ ત્યારે તેઓ ભારતમાં રહી ગયેલા. તે વખતે ભૂદાન-ગ્રામદાન આંદોલનનાયે નિકટના પરિચયમાં આવ્યા. પાછળથી ઇંગ્લેંડની એક બહેન એરિકા લિંટનના ગ્રામદાની ગામોનો આંખો દેખા હાલ રજૂ કરતા પુસ્તકની પ્રસ્તાવનામાં શુમાખરે માનવીય સમાજ-રચનાની દિશામાં ગ્રામદાન જેવા આંદોલનનું મહત્ત્વ વિશદ્ રીતે સમજાવ્યું છે. તેમાં એમ પણ કહ્યું છે કે ''ગ્રામદાન એ બીજું કાંઈ નહીં પણ એક અહિંસક ક્રાંતિ છે.''

તે વખતે જયપ્રકાશજી સાથે પણ તેઓ ગાઢ પરિચયમાં આવેલા. બંને અંગત મિત્રો બની ગયા. જયપ્રકાશજીએ એમને વારાણસીની 'ગાંધીઅન ઇન્સ્ટિટ્યુટ ઑફ સ્ટડીઝ'ના નિયામકપદનો સ્વીકાર કરવા આમંત્રણ આપેલું. તેઓ તૈયાર પણ થયા. પરંતુ કેટલાંક અંગત કારણોસર એમને ઇંગ્લેંડ પાછા જવું પડ્યું. ૧૯૭૩માં જે૦પી૦ના નિમંત્રણથી તેઓ ફરી ભારત આવેલા. શુમાખરનું ૪ સપ્ટેમ્બર ૧૯૭૭ના રોજ એકાએક સ્વિટ્ઝર્લેન્ડમાં મૃત્યુ થયું, ત્યારે જે૦પી૦ ચંડીગઢમાં અટકાયત હેઠળ હતા. ત્યારની જેલ-ડાયરીમાં જે૦પી૦એ શુમાખર સાથેની મૈત્રીનો ઉષ્માભર્યો ઉલ્લેખ કર્યો છે.

જે૦પી૦એ એક જગ્યાએ નોંધ્યું છે તેમ શુમાખરના ચિંતન પર બુદ્ધ અને ગાંધીના વિચારોની ઘણી અસર વર્તાય છે. છેલ્લા બે દાયકામાં શુમાખરનાં વ્યાખ્યાનો અને લખાણોએ દુનિયાભરના વિચારવાન માણસોનું સારું એવું ધ્યાન ખેંચ્યું છે. એમનું પુસ્તક 'સ્મોલ ઇઝ બ્યૂટિફુલ' (નાનું સોહામણું છે) ખૂબ જ લોકપ્રિય થયું છે. આજની ઔદ્યોગિક બિભીષિકાથી આતંકિત જગતને તેમાં તાજગીભર્યું નવું ચિંતન સાંપડે છે.

એરિક ફ્રોમની જેમ શુમાખર પણ ટેકનોલોજીને માનવીય સ્વરૂપ આપવાની તાતી જરૂર ઉપર સતત ભાર મૂકતા રહ્યા હતા. જોકે 'એપ્રોપ્રીએટ ટેક્નોલોજી' (માફકસરની, બંધબેસતી અને માનવસમાજને અનુરૂપ એવી ટેકનોલોજી) માટેની એમની હિમાયત અંગે શરૂ-શરૂમાં ગેરસમજો પણ થયેલી. કેટલાંકને એમ લાગ્યું કે આ તો ધનિક દેશોની બીજાઓને હંમેશાં પાછળ જ રાખવાની ચાલાકી છે. પરંતુ વાસ્તવમાં આની પાછળ ગાંધીજીના ચિંતન જેવી જ એક નરવી જીવનદષ્ટિ છે.

લગભગ ગાંધીના જ શબ્દોમાં શુમાખર પણ કહે છે કે ''આપણને જરૂર યંત્રની નહીં, ઓજારની છે. માણસ એમ કહી શકે કે આ ઓજાર મારું છે, અને હું તેને ચલાવું છું. એ મારા હાથનો કે મારી આંખનો વિસ્તાર છે, પણ તે મારા તાબામાં છે, અને હું જે ઉત્પન્ન કરું છું તે મારું સર્જન છે.''

શુમાખરે વિકાસ અંગેની આપણી કલ્પનામાં ધરમૂળથી પરિવર્તન લાવવાની હિમાયત કરી છે. એમણે કહ્યું છે કે આયોજનની શરૂઆત ચીજવસ્તુથી નહીં, માણસોથી કરવી જોઈએ. ''આપણે ગરીબી દૂર કરવી છે, તો તેને માટે વધુ ને વધુ ચીજવસ્તુ ખડકી દેવા કરતાં માણસો પોતે વધુ ઉત્પાદક બને તે ઉપર પહેલું ધ્યાન આપીએ. ગાંધીએ કહ્યું હતું તેમ આપણને મબલખ ઉત્પાદનની જરૂર નથી, પણ મબલખ હાથો વડે થતા ઉત્પાદનની જરૂર છે. માણસોને વધુ ઉત્પાદન કરતા કેમ કરી શકાય ? એમને વધુ સારાં સાધનો આપીને. એ સાધનો એમનાં કસબ-કારીગરી, એમની મૌલિકતા, એમનો ઉત્સાહ, ટૂંકમાં એમની પોતાની અંદર જે સર્વશ્રેષ્ઠ હોય તેને બહાર પ્રગટ કરી શકે તેવાં હોય. માણસની જરૂરિયાતો પૂરી પાડવા માટે તેને પોતાને કેળવીને વધુ ને વધુ સમર્થ બનાવો.''

શુમાખર તો ગરીબી અંગે જ સાવ નવા દૃષ્ટિકોણથી વિચારવાનું કહે છે : ''ખરેખર તો ગરીબી શબ્દ મારે જે કહેવું છે તે કહી બતાવતો નથી. તેને માટે બીજો શબ્દ જોઈએ. અને તે શબ્દ છે, કંગાલિયત. કંગાલિયત સાવ નીચેમાં નીચેનું તળિયું છે, જ્યાં તમને બે ટંક ખાવાનાંયે સાંસાં છે, અને શરીર કેમ ટકાવી રાખવું એ જ સવાલ છે. તેનાથી ઉપરનું સ્તર કદાચ ગરીબી કહેવાય, જ્યાં માણસો માંડ માંડ સાદાઈ ને કરકસરથી પૂરું કરતા હોય અને બચત જેવું એમની પાસે કાંઈ ન હોય. તેનાથી ઉપરના સ્તરને પર્યાપ્તપણાનું સ્તર કહીશ, જ્યાં તમે સારી રીતે જીવી શકતા હો અને તમારી પાસે બે પૈસા બચતાયે હોય. છેવટનું સ્તર છે અતિરેકનું, જે મર્યાદા વિનાનું છે અને જ્યાં માણસ ઓચાઈ જાય છે. હું એમ કહીશ કે કંગાલિયત અને અતિરેક એ બંને સ્તરો તંદુરસ્ત નથી. પરંતુ પર્યાપ્તપણું અને ગરીબી એ બેમાંથી કયું સારું તે હું કહી શકતો નથી. અને આ પ્રકારના ગરીબ લોકોને મદદ કરવામાં મને રસ નથી. તેઓ કાંઈ ડૂબી નથી રહ્યા કે મારે એમને બચાવવા કૂદી પડવું પડે.''

ખેતીવાડીના કામ સાથે પણ શુમાખર શરૂઆતથી સંકળાયેલા રહેલા. ૧૯૪૭માં સોઈલ એસોસિએશનની સ્થાપના થઈ તેની સાથે એમનો નાતો રહ્યો. ૧૯૭૦માં તે મંડળના એ પ્રમુખ પણ બન્યા. આ મંડળે ૨૦ વરસ સુધી પ્રયોગો કર્યા બાદ એવું તારણ કાઢ્યું છે કે રાસાયણિક ખાતરથી ધરતીમાંનું હ્યુમસનું પ્રમાણ ઘટતું જાય છે અને

ધરતીનું પોત તૂટી જાય છે. આથી શુમાખર સેન્દ્રિય ખાતરની હિમાયત કરતા. કૌટુંબિક ખેતી નાબૂદ કરીને કારખાનાની ઢબે કે વેપારી પદ્ધતિએ ખેતી કરવા સામે પણ એમનો વિરોધ હતો. એ પોતે સરે પરગણામાં આવેલા પોતાના ગામની જમીન પર ખેતીવાડીના પ્રયોગો પણ કરતા.

સરવાળે તેઓ એવા નિષ્કર્ષ પર આવેલા કે ''પશ્ચિમની સભ્યતા ભૂલી પડી છે. તે માનવજાતની સર્વસામાન્ય પરંપરાથી એકદમ ચાતરી જઈને હડહડતા ભૌતિકવાદમાં ગરકી ગઈ છે અને આજના આપણા બધા પ્રશ્નો આને લીધે જ ઊભા થયા છે.... આપણાં હૃદયમાં પરિવર્તન નહીં થાય ત્યાં સુધી આ સવાલો અણ-ઊકલ્યા જ રહેશે.... આજે પાયાનાં મૂલ્યોમાં પરિવર્તન કરવાની અને નૈતિક પુનરુત્થાનની જરૂર છે.... આ સવાલ નવી જીવનશૈલી અપનાવવાનો છે.''

આ માટે શિક્ષણ-પદ્ધતિમાં અને આજના અભ્યાસક્રમમાં ધરમૂળથી ફેરફાર કરવાની વાત તેઓ કહેતા આવ્યા છે. ''તમે જ્યાં સુધી કેળવણીમાં આને લગતા અને આ માટે આવશ્યક એવા ફેરફારો ન કરો, ત્યાં સુધી આ થવું મુશ્કેલ છે.''

આ બધું સરકાર કદાપિ નહીં કરી શકે એવો એમનો નિશ્ચિત મત હતો. એમણે કહ્યું છે કે ''સરકાર તો માત્ર પ્રવર્તમાન તંત્રના વહીવટી કારભારીથી વિશેષ કશું જ નથી. આખાયે માળખામાં સમૂળું પરિવર્તન આણવાનું તેનું ગજું નથી.''

૧૯૭૬માં આપણા મનુભાઈ પંચોળી સાથેની મુલાકાતમાં એમણે કહેલું : ''ભણેલા લોકોએ વ્રતસ્થ થઈને ગામડામાં રહેવા જવું જોઈએ. તેમના દ્વારા એપ્રોપ્રિએટ ટેકનોલોજી અને વિજ્ઞાનનો ગામડામાં પ્રવેશ કરાવવાનું બને. તેમની ઉપર બધો આધાર છે.''

૧૯૬૫માં એમણે 'ઇન્ટરમીડીએટ ટેકનોલોજી ડેવલપમેન્ટ ગ્રૂપ'ની સ્થાપના કરી ત્યારે તેનું કામ કોઈ મૂડી વિના જ શરૂ કરેલું. ચાલુ વર્કશોપોનો સહકાર મેળવીને કામ ચલાવતા.

શુમાખરના મત પ્રમાણે આજના દુઃખનું કારણ સાવ ખોટી જીવનપદ્ધતિ છે. તેને જડમૂળથી બદલ્યા વિના કશું થઈ શકશે નહીં. આ સંદર્ભમાં એમણે માર્મિક રીતે કહ્યું છે : ''તમે વસ્તી વધારો રોકવા માંગો છો. પરંતુ અમેરિકન જીવન-પદ્ધતિમાં એક માણસ ભારતીય જીવન-પદ્ધતિવાળા બીજા માણસ કરતાં પચાસગણું વાતાવરણ દૂષિત કરે છે અને પચાસગણો વસ્તુઓનો બગાડ કરે છે. હવે, તમે સંખ્યા તો ઘટાડો, પણ ભારતીય જીવન-પદ્ધતિને બદલે અમેરિકન પદ્ધતિ અપનાવો તો બગાડ વધુ નહીં થાય તેની શી ખાતરી ?''

કુદરતને સર કરવી છે એ ખોટો અભિગમ છે. માણસે કુદરતના ખોળામાં રમવાનું છે. ભારતમાં એક વાર એમને પ્રણાલીગત કેળનાં પાન પર ભોજન પીરસાયું. ભોજન બાદ એ પતરાળાંને આરોગી જતી ગાયોને જોઈ તેઓ બોલ્યા : ''ભારતીયોએ એવું વાસણ - સફાઈ યંત્ર પ્રયોજ્યું છે, જે સામેથી દૂધ આપે છે !''

તેથી તેઓ કહેતા કે હવે આપણે એવી જીવનશૈલીનો વિકાસ કરવો છે, જે ભૌતિક વસ્તુઓને એમના યોગ્ય સ્થાને મૂકી દે, અર્થાત્ એમને મુખ્ય નહીં, ગૌણ સ્થાન આપે. માણસ પછી મનને ગમતી એવી નાની મોટી સુખસગવડોથી હજી આકર્ષાય ખરો, પરંતુ હવે એને તેની ઝાઝી તમા રહે નહીં. આ સંદર્ભમાં એમણે પોતાનો એક અનુભવ ટાંકયો છે : ''ભારતમાં અને બીજે ઘણી અગવડો વેઠીને હું જ્યારે કાંઈક સુખ-સગવડવાળી હોટેલોમાં પાછો ફરતો, ત્યારે મને કંઈક રાહતની લાગણી જરૂર થતી. પરંતુ એ હોટલની સુખ-સગવડથી મારા જીવનનો ઉચ્ચ ઉદ્દેશ સધાતો હોય એવા ભુલાવામાં હું નહોતો પડયો.''

માનવજીવન એ કોઈ અકસ્માત નથી. ઉચ્ચ ઉદ્દેશ તેની સાથે સંકળાયેલો જ છે. માનવજીવન સાથે આવા કોઈ ઉચ્ચ ઉદ્દેશનો અને કલ્યાણકારી મૂલ્યનો કશો અનુબંધ જ ન હોત તો માનવ-ચેતના, માનવ-પુરુષાર્થ માટે અવકાશ જ ન રહેત. એક વાતચીતમાં શુમાખરે કહ્યું : ''બધી વસ્તુ છેવટે ત્યાં આવીને ઊભી રહે છે કે આપણે આ પૃથ્વી ઉપર આવ્યા જ શું કામ તેનો કાંઈ ને કાંઈ તાગ મેળવવો. ....કેટલીક વસ્તુઓ આપણામાં મુકાયેલી છે અને સંપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે આ માનવદેહ મળ્યો છે.... આપણા બધા જ સાવ એકદમ દુન્યવી સવાલો સાથે પણ ફિલસૂફીની આ બધી બાબતને ઘણો બધો સંબંધ છે જ.''

શુમાખરના ચિંતનમાં જે તાજગીભરી નરવાઈ જણાય છે તેનો મૂળ સ્રોત અહીં છે. અર્થશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર વગેરેનાં પોથાંઓમાં કેદ થયા વિના તેઓ નવું મૌલિક ચિંતન કરી શક્યા તે મનુષ્ય અને મનુષ્ય-જીવન અંગેના એમના આવા આગવા અભિગમને આભારી છે. તેથી જ માનવજાતના વિકાસ અંગેની એમની કસોટી સર્વાંગી છે તથા આર્થિક-ભૌતિક વિકાસનેય તેઓ નૈતિક ને માનવીય મૂલ્યની કસોટીએ ચકાસે છે.

એમના આખાયે ચિંતનની આધારશિલા રૂપ જીવન વિશેની પોતાની ફિલસૂફી તેઓ છેલ્લે 'A guid for the perplexed' (મૂંઝાયેલાને માર્ગદર્શન)માં આપણી સમક્ષ રજૂ કરી ગયા છે. આ પુસ્તક ૧૯૭૭માં એમના મૃત્યુના થોડા મહિના પહેલાં જ બહાર પડેલું.

એમનાં અન્ય પુસ્તકો છે – Small is Beautiful, The Age of Plenty, The good Work. આ બીજાં બધાં જ પુસ્તકો એમનાં પ્રવચનો અને લેખો પરથી સંકલિત થઈને બહાર પડેલાં છે. A Guide for the Perplexed જ એકમાત્ર પુસ્તક રૂપે ખાસ લખ્યું છે. તેમાં એમનો જીવન પ્રત્યેનો અભિગમ તેમ જ સમગ્ર ફિલસૂફી નખ-દર્પણમાં આવી જાય છે. 'ભૂમિપુત્ર' લગભગ ૧૯૬૦થી શુમાખરની વિચારધારા ગુજરાતી વાચકો સમક્ષ રજૂ કરતું આવ્યું છે. આ પુસ્તક પણ આપણે ૧૯૮૦માં લેખમાળા રૂપે આપેલું. આ એક ઘણું જ મહત્ત્વનું પુસ્તક છે. તેમાં ભૌતિક વિજ્ઞાનના સામ્રાજ્યવાદને ખતમ કરીને એક નવી જીવનપદ્ધતિ અપનાવવાનો અનુરોધ છે. એમણે કહ્યું છે : "૧૯મી સદીના કેટલાક વિચારો કોઈ પરમ સત્યો જેવી પ્રતિષ્ઠા પામ્યા છે. વાસ્તવમાં તે કોઈ પરમ સત્યો છે નહીં. માટે ૧૯મી સદીના વિચારોની ગુલામીમાંથી મુક્ત બનો. (ભૌતિક) વિજ્ઞાનની સીમાઓ પિછાનો. સાહિત્ય-નીતિશાસ્ત્ર — જીવનમૂલ્યો.... તત્ત્વજ્ઞાનને યથાસ્થાને પુનઃસ્થાપિત કરો."

શુદ્ધ વૈજ્ઞાનિક ભૂમિકા પરનું જીવન વિશેનું યથાર્થ તત્ત્વજ્ઞાન કેવું હોય, તેની સમગ્ર રૂપરેખા આ પુસ્તકમાં આપવાનો શુમાખરે પ્રયત્ન કર્યો છે. એમની સમસ્ત વિચારધારાને બરાબર સમજવા માટે પણ આ પુસ્તકની પૃષ્ઠભૂમિની જરૂર છે. આમાં વિજ્ઞાન અને અધ્યાત્મના સુભગ સમન્વયનીયે ઝાંખી મળે છે. માનવીય સમાજરચનાની આકાંક્ષા સેવનારાઓ તેમ જ તેને માટે અવિરત મથનારાઓ માટે આ પુસ્તકનું ઝીણવટભર્યું અધ્યયન ઘણું ઉપયોગી નીવડે તેમ છે.

– **કાન્તિ શાહ**

# ૧

# આધુનિક બુદ્ધિવાદની મર્યાદાઓ

૧૯૬૮ની વાત છે. હું રશિયા ગયેલો. લેનિનગ્રાડમાં મેં મારી પાસેનો શહેરનો નકશો કાઢ્યો. મારે જોવું હતું કે અત્યારે હું ક્યાં છું. પણ નકશામાં તે સ્થળ મને ક્યાંય જડ્યું નહીં. મેં જોયું કે મારી આસપાસ તો કેટલાંય મોટાં મોટાં દેવળો હતાં. પરંતુ પેલા નકશામાં તો તેનું કોઈ ચિહ્ન જડે નહીં ! છેવટે મારા દુભાષિયાએ મને કહ્યું કે "અમે લોકો અમારા નકશામાં દેવળો બતાવતા નથી." ત્યાં નકશામાં એક દેવળ બતાવાયું હતું તે મેં એને દેખાડ્યું. તો એ બોલ્યો, "એ તો મ્યુઝીયમ રૂપે રાખ્યું છે."

આવું બનતું હોય છે. આપણી નજર સામે આપણે એવું ઘણું જોતા હોઈએ, જેની નકશામાં કશી ભાળ સુધ્ધાં ન મળે. શાળા-કૉલેજના દિવસો દરમ્યાન મારી સામે જીવનના જે નકશા મૂકવામાં આવેલા, તેમાં એવી કેટલીયે ચીજોનું નામનિશાન નહોતું, જે મને પોતાને તો અત્યંત અગત્યની લાગતી હતી. આને લીધે વરસો સુધી હું ભારે મૂંઝવણમાં રહ્યો. શું મારા નિરીક્ષણમાં કશીક ત્રુટિ હતી ? મારી એ મૂંઝવણ ત્યારે જ દૂર થઈ, જ્યારે મેં મારા નિરીક્ષણ અંગે કશી શંકા રાખવાને બદલે નકશાની આધારભૂતતા વિશે જ શંકા સેવવા માંડી.

મને જે નકશા આપવામાં આવેલા, તેમાં મને જણાવાયું હતું કે લગભગ મારા બધા જ પૂર્વજો ભ્રાંતિમાં રાચતા હતા તથા બુદ્ધિહીન માન્યતાઓ અને વાહિયાત વહેમોને આધારે જ જીવતા હતા. હજારો માણસો એક ટાણા-ઉપવાસ જેવા સાવ અર્થહીન સંયમ પાળતા, બ્રહ્મચર્ય પાળીને આત્મનિગ્રહ વહોરતા, તીર્થયાત્રાઓ, પૂજાપાઠ, જપ, નામસ્મરણ વગેરે પાછળ નાહક પોતાનો સમય વેડફતા. સાવ વ્યર્થ.

કેવળ અજ્ઞાન અને મૂર્ખામીને કારણે. તેની કોઈ કીમત હોય તો સંગ્રહસ્થાનમાંની વિસ્મયકારક ચીજવસ્તુ તરીકે. આપણા પૂર્વજો જે કાંઈ લખી ગયા છે તે પણ માત્ર પુસ્તકાલયમાં રાખી મૂકવાને પાત્ર છે, કદાચ ક્યારેક કોઈ ઇતિહાસકાર અથવા સંશોધકને કામ લાગે !

શાળા-કૉલેજમાં મને આવું જ બધું શીખવવામાં આવેલું. આપણા પૂર્વજો ધર્મ વગેરેમાં શ્રદ્ધા ધરાવતા તે તો એમના અધકચરાપણાની નિશાની હતી. તેઓ એટલા નાદાન હતા. એમને ઉત્ક્રાંતિના સિદ્ધાંતનું જ્ઞાન નહોતું. અને તેથી જાતજાતની કાલ્પનિક પુરાણ કથાઓ એમણે જોડી કાઢેલી.

તેથી 'અસલ' જ્ઞાન અને 'અસલ' જીવન માટેના નકશાઓમાં એવી જ વસ્તુઓ દર્શાવવામાં આવે, જેનું અસ્તિત્વ સાબિત થઈ શકે. એમનો પહેલો સિદ્ધાંત જાણે એ હતો કે ''જે શંકાસ્પદ જણાય તેને રજૂ જ ન કરો.'' ત્યારે મને થયા કરતું કે સાબિતી એ તો ઘણી સૂક્ષ્મ ને અઘરી વસ્તુ છે. એટલે ડહાપણભરેલું તો એ છે કે એનાથી સાવ ઊલટો સિદ્ધાંત રાખવો —''જે શંકાસ્પદ જણાય તેને ભારપૂર્વક રજૂ કરો.'' કેમ કે જે શંકાથી પર છે, તે તો એક અર્થમાં જડ મૃતવત્ છે. જીવન માટે તે કોઈ પડકાર નથી. સંત થોમસે કહેલું : ''સામાન્ય વસ્તુઓના અત્યંત ચોક્કસ જ્ઞાનની તુલનાએ ઉચ્ચતમ વસ્તુઓ વિશેનું અલ્પતમ જ્ઞાન પણ વધુ ઇચ્છનીય છે.'' સંભવ છે કે ઉચ્ચતમ વસ્તુઓ વિશેનું પૂર્ણ અને ચોક્કસ જ્ઞાન મેળવવાનું શક્ય ન હોય. પરંતુ આ કારણે જો આપણે જ્ઞાનને કેવળ શંકારહિત ક્ષેત્ર પૂરતું જ સીમિત રાખીએ, તો આપણે ઘણું બધું જ્ઞાન ગુમાવવું પડે.

વિદ્યાર્થીકાળ દરમ્યાન મારી સામે જે નકશાઓ મૂકવામાં આવેલા તેમાં દાક્તરી વિદ્યા, કૃષિ, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર વગેરે બાબતમાં પણ આવું જ વલણ અખત્યાર કરવામાં આવેલું. આ બધી બાબતમાં જે નવાં શાસ્ત્રો પ્રચલિત થયેલાં તે સિવાય બીજા કશાને તે નકશાઓમાં સ્થાન નહોતું. ગુહ્ય વિદ્યા, ગૂઢ જ્ઞાન કે અસામાન્ય અનુભવોનું તો નામ જ ન લેવાય. એ તો માનસિક દુર્બળતાની નિશાની ગણાય ! આખોયે નકશો જમણેથી ડાબે અને ઉપરથી નીચે ઉપયોગિતાવાદી રંગોથી જ રંગવામાં આવેલો. માણસ માટે કશુંક નફાકારક હોય અથવા માનવ-અસ્તિત્વ માટેના સંઘર્ષમાં ઉપયોગી જણાય તેને જ આ નકશામાં સ્થાન મળતું.

આધુનિક ભૌતિક વિજ્ઞાનવાદે જે નકશા બનાવ્યા, તેમાં જે ખરેખર અગત્યના પ્રશ્નો હતા તે અનુત્તર જ રહ્યા. અરે, એમણે તો એ પ્રશ્નો જ ગેરવાજબી છે એમ ઠરાવી દીધું ! મનુષ્યના પ્રાચીન જ્ઞાનવારસાની તેણે બિલકુલ ઉપેક્ષા કરી. વૈજ્ઞાનિક વસ્તુનિષ્ઠાને નામે જોરશોરથી એમ જાહેર કરવામાં આવે છે કે જીવનમાં મૂલ્યો અને અર્થપૂર્ણતાની વાત કરવી નિરર્થક છે, માણસ એ બીજું કાંઈ નહીં એક અટપટી જૈવિક રાસાયણિક યંત્રરચના માત્ર છે.

ભૌતિક વિજ્ઞાનનો પોતે પૂર્ણ હોવાનો ડોળ અને દાવો એ આજનો મોટો ખતરો છે. વિજ્ઞાનીઓ અમુક એક ક્ષેત્રના નિષ્ણાતો છે, પણ તેઓ જાણે સમગ્ર જીવન વિશે માર્ગદર્શન આપવાને કાબેલ છે એવું વલણ ખતરનાક છે. ઘણા સૈકાઓ સુધી ધર્મશાસ્ત્રોનો સામ્રાજ્યવાદ ચાલ્યો. આજે હવે ત્રણ સૈકાથી તેનાથીયે વધુ આક્રમક એવો 'વિજ્ઞાનનો સામ્રાજ્યવાદ' ચાલી રહ્યો છે.

આધુનિક બુદ્ધિવાદના જનક દકાર્તે (૧૫૯૬-૧૬૫૦)એ જાહેર કરી દીધું કે ''જેમણે સત્યના ધોરી માર્ગે ચાલવું હોય તેમણે ગણિત અને ભૂમિતિ જેવા ચોક્કસ ને અફર નિયમો જેને લાગુ ન પડી શકે એવી કોઈ પણ ચીજ તરફ ધ્યાન જ ન આપવું.... તર્કબુદ્ધિ જેની સાબિતી આપે એ જ વાત માનો.''

ટૂંકમાં, દકાર્તેને બૌદ્ધિક તર્કના જોરે શંકાથી સાવ પર હોય એવા ચોક્કસ જ્ઞાન અને વિચારોમાં જ રસ છે. તેને તો પ્રકૃતિના માલિક ને કબજેદાર બનવું છે. તેણે તો એવી ફરિયાદ કરી કે તત્ત્વજ્ઞાન વિશે શ્રેષ્ઠ બુદ્ધિમાનોએ સદીઓ લગી ચિંતન-મનન કર્યું છે, છતાં તેમનું એક પણ કથન એવું નથી જે શંકાથી પર હોય અને જેના વિશે વિવાદ ઊભો થયો ન હોય. તેથી તેણે પ્રજ્ઞાની વાત જ પડતી મૂકી અને ગણિત ને ભૂમિતિ જેવા અસંદિગ્ધ, અફર જ્ઞાન પર જ બધું ધ્યાન કેંદ્રિત કર્યું. આ રીતે નવી બુદ્ધિવાદી વિચારસરણીએ ચિત્તના સામર્થ્યને જ નિશ્ચિત સંકુચિતતામાં જકડી દીધું.

આને પરિણામે જીવનની કેટલીયે મહત્ત્વની બાબતોને આ આધુનિક બુદ્ધિવાદે તૈયાર કરેલા નકશામાં સ્થાન ન મળ્યું. માણસનું જીવન એટલું દરિદ્ર બન્યું. વળી, પરંપરાગત જ્ઞાને જગતને ત્રિ-પરિમાણમાં જોયેલું. તેમાં 'ઉચ્ચ' અને 'નિમ્ન'નો

ભેદ અર્થપૂર્ણ ને તાત્ત્વિક મહત્ત્વ ધરાવતો હતો. પણ નવી બુદ્ધિવાદી વિચારસરણીએ ઊર્ધ્વ પરિમાણને ઝનૂનભેર દૂર હડસેલ્યું છે. આનો અર્થ એ થયો કે નીતિશાસ્ત્ર માટે કોઈ સ્થાન ન રહ્યું. સારા-નરસાનો ભેદ અને નરસા કરતાં સારું ઉચ્ચતર હોવાનો દાવો આ બુદ્ધિવાદી વિચારસરણીમાં થઈ જ ન શકે. દરેક બાબતનો નિર્ણય ઉપયોગિતાની દૃષ્ટિએ જ કરવો રહ્યો, મૂલ્ય વગેરેની દૃષ્ટિએ નહીં.

પ્રાચીન જ્ઞાન એમ કહેતું કે માણસનું સુખ ઊર્ધ્વ પ્રગતિ કરતા જવામાં, પોતાની ઉચ્ચતમ શક્તિઓનો વિકાસ કરતા જવામાં, ઉચ્ચતર અને ઉચ્ચતમ ચીજોનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં અને શક્ય હોય તો 'ઈશ્વર-દર્શન' કરવામાં રહેલું છે. પરંતુ આધુનિક બુદ્ધિવાદને આમાંનું કશું ગળે ઊતરતું નથી. જો કે આધુનિક માણસ પણ વર્તમાન જીવનના સ્તર કરતાં ઊંચે ઊઠવા તો ઇચ્છે જ છે. વધુ ને વધુ પૈસાદાર બનીને, વધુ ને વધુ ઝડપભેર ચારેકોર ઘૂમી વળીને, ચંદ્ર ઉપર પહોંચીને તે રોજબરોજના જીવનથી ઊંચે ઊઠવાનાં ફાંફાં મારે છે.

પરંતુ હકીકત એ છે કે સાચું ને પૂર્ણ સુખ મેળવવાની પ્રક્રિયા વિશે આધુનિક જગત કશું જ જાણતું નથી. માણસને વ્યક્તિગત કે સામૂહિક ઉપયોગિતાવાદ અને સ્વાર્થ કરતાં આગળ લઈ જઈ શકે તેવું માર્ગદર્શન મળવું જોઈએ. પણ 'ઉચ્ચ' અને 'નિમ્ન'ના મૂલ્ય-વિચાર વિના તે શક્ય જ નથી. તેથી આધુનિક બુદ્ધિવાદ માણસને સાચા અને પૂર્ણ સુખ માટેનું માર્ગદર્શન શી રીતે આપી શકે ?

# ૨

# ભિન્ન ભિન્ન યોનિઓ વચ્ચેનો વિવેક

**આ** જગતને સમજવા માટે જુદી જુદી યોનિઓ વચ્ચેની ભિન્નતા સમજવી અનિવાર્ય છે. તેના વિના દરેક વસ્તુનું ઉચિત ને કાયદેસર સ્થાન કયું છે, તે સમજવું શક્ય નથી બનતું. એક યોનિ માટે અમુક વસ્તુ સાચી હોય તે તેનાથી ઉપરની યોનિ માટે સાચી ન પણ હોય. પ્રાચીન પરંપરામાં દૈવી યોનિ, મનુષ્ય યોનિ, પશુ યોનિ વગેરે બાબત વિચારણા થયેલી. આધુનિક પરંપરા ઉપર ઉત્ક્રાંતિના સિદ્ધાંતનો પ્રભાવ રહ્યો છે. તેમાં અસ્તિત્વની શૃંખલા જોવા મળે છે. સૌથી નીચે નિર્જીવ જડ પદાર્થ છે. અને સૌથી ઉપરની કડી છે, માણસ. માણસથી ઉપરની અસ્તિત્વની કોઈ કક્ષા આધુનિક વિજ્ઞાન ઓળખતું નથી.

આવી ચાર કક્ષાઓ તેમ જ તેમના વચ્ચેનો તફાવત તો સ્પષ્ટપણે જોઈ શકાય તેમ છે : ખનિજ, વનસ્પતિ, પશુ, મનુષ્ય. નિર્જીવ ખનિજ અને સજીવ વનસ્પતિ વચ્ચેનો તફાવત સમજવામાં કશી મુશ્કેલી પડે તેમ નથી, તેવી જ રીતે જીવંત વૃક્ષ તથા મરેલા ને પડી ગયેલા વૃક્ષ વચ્ચેનો આશ્ચર્યકારક ને રહસ્યમય તફાવત પણ ઊડીને આંખે વળગે તેવો છે. પહેલાં શું હતું, અને પછી શું ચાલ્યું ગયું ? આપણે તેને 'જીવન' કહીએ. 'જીવનશક્તિ' કહેવા જતાં તો પાછું ભૌતિક વિજ્ઞાનીઓને વાંકું પડશે. કેમ કે એવી કોઈ શક્તિ-બક્તિનું અસ્તિત્વ જ એમની પોથીમાં હજી ક્યાંય શોધાયું નથી ! અને છતાં તફાવત છે, એ તો એક હકીકત છે. સૌથી નિમ્ન એવી ખનિજની કક્ષા કરતાં વનસ્પતિની કક્ષામાં કશુંક વિશેષ છે. આપણે ભલે તેને સમજાવી ન શકીએ. આપણે તેનો નાશ કરી શકીએ, પણ તેનું સર્જન કરી શકતા નથી.

જડ પદાર્થ આ 'જીવન'થી વિહોણો છે. પરંતુ જડ પદાર્થથી આ ઉપરની કક્ષાએ જતાં દંગ થઈ જઈએ છીએ. જડ પદાર્થ પોતા થકી કશું કરી શકતો નહોતો. ત્યારે જીવંત વનસ્પતિ પોતાની આસપાસથી પોષણ મેળવી શકે છે, વૃદ્ધિ પામી શકે છે અને પોતાની પુનરુત્પત્તિયે કરી શકે છે. આ કઈ શક્તિ છે, તે સમજવા માટે ભૌતિક પદાર્થ વિજ્ઞાન તેમજ રસાયણશાસ્ત્રના નિયમો, સિદ્ધાંતો અને ફોર્મ્યુલાઓમાંથી આપણને કશું જડે તેમ નથી. 'જીવન' એ કશુંક નવું, કશુંક વિશેષ છે.

વનસ્પતિ-કક્ષાથી પશુકક્ષા પર જતાંયે આવો જ બીજો કૂદકો જોવા મળે છે. તેમાં વળી બીજી કેટલીક શક્તિનો વધારો થાય છે. તેને લીધે એક પ્રાણી એવી ઘણી વસ્તુ કરી શકે છે, જે કરવાનું વનસ્પતિની કક્ષાએ તો કલ્પી પણ નથી શકાતું. તે શક્તિઓ પણ રહસ્યમય છે. તેને આપણે 'સચેતનતા' (consciousness) કહીશું. કૂતરાં, બિલાડાં, ઘોડા વગેરેમાં આવી સચેતનતા સહેલાઈથી જોઈ શકાય છે. સજીવ વનસ્પતિ કરતાં આ પશુની કક્ષામાં કશુંક નવું છે, કશુંક વિશેષ છે.

પશુની કક્ષાથી મનુષ્યની કક્ષા ઉપર જતાં બીજી કેટલીક શક્તિઓનો વધારો થાય છે. તેનો ઇનકાર કોણ કરી શકે તેમ છે ? તે શક્તિઓ કઈ છે અને તેનું સ્વરૂપ કેવું છે, તે વિશે ભલે વિવાદ ચાલ્યા કરે. પરંતુ એક વસ્તુ નિર્વિવાદ છે કે મનુષ્ય એવું ઘણું બધું કરી શકે છે, જે કરવાની પશુની કક્ષાએ તો બિલકુલ સંભાવના જ નથી. મનુષ્યમાં વનસ્પતિ જેવું જીવન છે, પશુ જેવી સચેતનતા છે, અને આ ઉપરાંત કશુંક વિશેષ પણ છે. આને શું કહીશું ?

માણસ વિચારી શકે છે એટલું જ નહીં, એ પોતાની આ વિચાર-પ્રક્રિયા વિશે સભાન પણ છે. તેનામાં જ્ઞાનનો પ્રાદુર્ભાવ થયો છે. 'હું' કહી શકાય એવું કંઈક અહીં છે. હવે એ કેવળ કુદરતી પ્રેરણાઓનો ગુલામ નથી, પોતે કર્તા પણ છે. સંચાલક છે. સચેતનતાને પોતાના હેતુઓની દિશામાં એ દોરી શકે છે. હેતુપૂર્ણ અભ્યાસ, સંશોધન, ખોજ, સંચિત જ્ઞાન વગેરે અનેકવિધ સંભાવનાઓ આને લીધે ઊભી થાય છે. આને આપણે 'આત્મ-સભાનતા' (self-awareness) કહીશું.

આમ, ખનિજનું કેવળ અસ્તિત્વ છે. તે જીવનવિહોણું છે. વનસ્પતિમાં અસ્તિત્વ ઉપરાંત જીવન છે. પશુમાં અસ્તિત્વ અને જીવન ઉપરાંત સચેતનતા છે. મનુષ્યમાં અસ્તિત્વ, જીવન અને સચેતનતા ઉપરાંત આત્મ-સભાનતા છે. આમાંથી માત્ર જડ અસ્તિત્વ જ દશ્ય છે, નજરોનજર જોઈ શકાય તેવું છે. જીવન, સચેતનતા અને આત્મ-સભાનતા એ ત્રણેય શક્તિઓ અદશ્ય છે, આંખે જોઈ શકાય તેવી નથી. જો કે એ ત્રણેયનો પ્રભાવ આપણે રોજબરોજ અનુભવીએ છીએ.

હવે, ભૌતિક પદાર્થવિજ્ઞાન અને રસાયણ શાસ્ત્ર કેવળ ખનિજની, જડ પદાર્થની નિમ્નતમ કક્ષા સાથે જ સંબંધ ધરાવે છે. તે કક્ષાએ જીવન, સચેતનતા અને આત્મ-સભાનતાનો સવાલ જ નથી. એટલે પદાર્થવિજ્ઞાન અને રસાયણશાસ્ત્ર આ ત્રણ શક્તિઓ વિશે કાંઈ કહેતાં કાંઈ જ કહી શકે તેમ નથી. આ શક્તિઓને સમજાવવાની તે વિજ્ઞાનોમાં કશી ગુંજાશ નથી. જીવન એ બીજું કાંઈ નહીં, અણુઓના એક વિશિષ્ટ સંયોજનનું લક્ષણ માત્ર છે એમ કહેવું તે શેક્સપિયરનું 'હેમ્લેટ' કેવળ શબ્દોના એક વિશિષ્ટ સંયોજનનું લક્ષણ માત્ર છે એમ કહેવા બરાબર છે. વાસ્તવમાં આધુનિક વિજ્ઞાન પાસે જીવન વિશેની જાણકારી માટે કોઈ પદ્ધતિ જ નથી. ખરેખર એમ હોય, તો આ વાતનો નિખાલસપણે સ્વીકાર કરવો જોઈએ. તેને બદલે જીવનની ઇતિશ્રી ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રમાં થઈ જાય છે, એવો દાવો કરવાનો શો અર્થ ?

આવું જ સચેતનતા બાબત અને આત્મ-સભાનતા બાબત પણ. પ્રાકૃતિક વિજ્ઞાનોથી ભિન્ન બીજી માનવ-વિદ્યાઓ એક યા બીજી રીતે સચેતનતા સાથે સંબંધ ધરાવે છે. પરંતુ પશુની કક્ષાની સચેતનતા અને મનુષ્યની કક્ષાની આત્મ-સભાનતા વચ્ચે વિવેક કરવાનું ચૂકી જવાય છે. આને પરિણામે પશુ અને મનુષ્ય વચ્ચે 'ખરેખર' કોઈ તફાવત છે કે કેમ તેના વિશે આધુનિક વિચારણા વધુ ને વધુ સંદિગ્ધ બનતી જાય છે. તેથી મનુષ્યના સ્વભાવ વિશેનું જ્ઞાન મેળવવા માટે પ્રાણીઓના વહેવાર-વર્તનનો અભ્યાસ ઘણા મોટા પ્રમાણમાં હાથ ધરાય છે !

અલબત્ત, મનુષ્યમાં પણ તેની નીચેની ત્રણેય કક્ષાઓનો સમાવેશ થાય જ છે. એટલે ખનિજ, વનસ્પતિ અને પશુઓના અભ્યાસ પરથી મનુષ્ય વિશેની

કેટલીક વસ્તુઓ પર અવશ્ય પ્રકાશ પડે. પરંતુ જે કેટલીક ખાસ વસ્તુઓને કારણે એ પોતે માનવ બને છે, તેનું જ્ઞાન તો આ રીતે હરગિજ મળી શકે નહીં. અને માણસની દૃષ્ટિએ જોઈએ તો આ જ્ઞાન જ માનવ-જીવન માટે સૌથી વધુ મહત્ત્વનું છે. માનવ વિશાળ મસ્તિષ્કવાળું એક અનન્ય બુદ્ધિશાળી પ્રાણી છે, અથવા ઓજારો બનાવનારું પ્રાણી છે, અથવા પૂંછડી વિનાનો વાનર માત્ર છે, એવી એવી વ્યાખ્યાઓથી કોઈ અર્થ સરશે નહીં. કૂતરો એટલે ભસતું ઝાડ અથવા દોડતી કોબી એવી વ્યાખ્યા જેવી જ અક્કલહીન આ વ્યાખ્યાઓ પણ ગણાય. માણસને પૂંછડી વિનાનો વાનર માત્ર માનીને ચાલવાને કારણે જ આધુનિક જગત પાશવતા ભણી, હેવાનિયત ભણી, જંગલિયત ભણી આગળ વધી રહ્યું છે !

માનવ એક અનોખી કૃતિ છે. તેનામાં વિવેકબુદ્ધિ ખીલેલી છે. તેની શક્તિઓ અનંત છે. આત્મ-સભાનતાની શક્તિને કારણે તેનામાં અનેકવિધ સંભાવનાઓ પડેલી છે. તે બધું સિદ્ધ કરવાનું છે, તેનો નિરંતર વિકાસ કરતા રહેવાનું છે. માણસે જો ખરે જ માનવ બનવું હોય તો આ બધી શક્તિઓ તેણે આત્મસાત્ કરવી જોઈએ. વળી, આપણે જેમ જડ પદાર્થથી લઈને મનુષ્ય સુધીની એક પછી એક શ્રેણી જોઈ, તેમ મનુષ્યથી ઉપરની શ્રેણી પણ હોઈ શકે. પ્રાચીન કાળથી લઈને મનુષ્યથી ઉપરની શ્રેણી વિશે મોટા ભાગની માનવજાત શ્રદ્ધા ધરાવતી આવી છે.

પરંતુ આ બધી વિચારણાને ભૌતિક શાસ્ત્રમાં તો કોઈ સ્થાન નથી કેમ કે એ તો એવી જ વસ્તુઓમાં માને છે, જેનું આપણી પંચેન્દ્રિયો દ્વારા વસ્તુલક્ષી વૈજ્ઞાનિક નિરીક્ષણ થઈ શકે. અને તેવું તો માત્ર જડ પદાર્થની કક્ષાએ જ શક્ય છે. અને તેમ છતાં આપણા પોતાના આંતરિક અનુભવને આધારે ભૌતિક શાસ્ત્રની પહોંચ બહારની આ બધી વસ્તુઓ પણ આપણને ઓછી પરિચિત નથી.

નીચેની શ્રેણીથી જેમ જેમ ઉપર જતા જઈએ છીએ તેમ તેમ પ્રગતિનાં લક્ષણ જોવા મળે છે. એવું એક લક્ષણ છે, નિષ્ક્રિયતાથી સક્રિયતા તરફ આગળ વધતા જવાનું. જડ પદાર્થ, દા.ત. પથ્થર બિલકુલ નિષ્ક્રિય છે. પોતા થકી એ કશું કરી શકે તેમ નથી. વનસ્પતિ સંપૂર્ણપણે તો નહીં પણ મુખ્યત્વે નિષ્ક્રિય છે. બદલાતા સંજોગોને અનુરૂપ થવાની તેનામાં અમુક મર્યાદિત શક્તિ છે. તે

પ્રકાશ તરફ વળે છે અને પોતાનાં મૂળિયાંને જમીનમાં ભેજ તેમ જ પોષણ તત્ત્વો તરફ પ્રસારે છે. સક્રિય બુદ્ધિનો કંઈક અણસારો વનસ્પતિમાં જોવા મળે છે. પ્રાણીની કક્ષાએ સક્રિયતા તરફ ખાસ્સી પ્રગતિ થયેલી જણાય છે. જીવનની પ્રક્રિયા વેગવાન બની છે. તેમાં તેની સ્વાધીનતા પણ વધુ દેખાય છે. ખોરાકની પ્રાપ્તિ માટે કે ભયથી બચવા માટે તે ત્વરિત પગલું ભરી શકે છે. પ્રાણીમાં 'આંતરિક જીવન'નો અણસાર પણ મળે છે – સુખ, દુઃખ, ભય, અપેક્ષા, વગેરે. અને જેનામાં આંતરિક જીવન છે, તેનામાં કર્તાપણાનો અંશ પણ આવવાનો. કૂતરો પોતાના માલિકને ઓળખે છે અને આનંદથી કૂદે છે; પોતાના દુશ્મનને પિછાને છે અને ભયથી ભાગે છે.

મનુષ્યની કક્ષાએ આ કર્તાપણું ઘણું સક્રિય જણાય છે. માણસ પોતાની આસપાસના વાતાવરણ પર અને તે રીતે પોતાના જીવન પર અમુક અંશે અંકુશ મેળવી શકે છે, પોતાના હેતુઓ માટે આસપાસની ચીજવસ્તુઓનો ઉપયોગ કરી શકે છે. તેનામાં ઇચ્છાશક્તિ પણ ઉમેરાય છે. જો કે માણસ હજી પૂર્ણ સક્રિયતાને આંબી શક્યો નથી. ઘણી બાબતમાં હજી તે પરાધીન ને સંજોગોથી હડસેલાતો રહે છે. સંપૂર્ણ સક્રિયતા ને સ્વાધીનતા પ્રાપ્ત કરવાની માનવજાતની મથામણ છે. આજના મનુષ્યની કક્ષા કરતાં ઉચ્ચ એવા મહા-માનવની કલ્પના થઈ શકે છે.

પ્રગતિનું બીજું લક્ષણ છે, સ્વતંત્રતા ભણી આગળ વધતા જવાનું. જડ પદાર્થમાં સ્વતંત્રતાનું નામોનિશાન નથી. ન કોઈ પસંદગી માટે ગુંજાશ, ન વિકાસની કોઈ શક્યતા. વનસ્પતિ, પશુ અને મનુષ્યની કક્ષાએ આ સ્વતંત્રતા વધતી જતી જણાય છે. અને તેમ છતાં એમ જોવા મળે છે કે મોટા ભાગના માણસો હજી ઘણુંખરું યંત્રવત્ વર્તે છે. એમની આત્મ-ચેતના સુષુપ્ત છે.

ત્રીજું લક્ષણ છે, અવિભાજ્યતાનું, આંતરિક ઐક્યનું. જડ પદાર્થનું ફરી ફરી વિભાજન થઈ શકે છે. વનસ્પતિની કક્ષાએ પણ આંતરિક ઐક્ય હજી એટલું નબળું છે કે ઘણી વાર તેના ભાગોને કાપી નાખ્યા પછીયે તે જુદા જુદા ભાગો અલગ અલગ જીવે છે અને વિકાસ કરે છે. પશુની કક્ષાએ આમ થવું શક્ય નથી. તેનો કાપી નાખેલો ભાગ અલગ રીતે જીવી શકે નહીં. જો કે પશુની કક્ષાએ



Acc. No. 130277
Date

પણ માનસિક સ્તરે આંતરિક ઐક્ય ઓછું છે. તેની તર્કશક્તિ, સુસંગતતા, સ્મરણશક્તિ વગેરે મંદ છે. મનુષ્ય આની સરખામણીમાં ઘણું વધુ આંતરિક ઐક્ય ધરાવે છે. તેમ છતાં તેણે પોતાના વિચ્છિન્ન વ્યક્તિત્વ ઉપર હજી પૂરતો કાબૂ મેળવ્યો નથી.

પ્રગતિનું એક લક્ષણ એ પણ છે કે જેમ જેમ ઉપરની શ્રેણીએ જતા જઈએ તેમ તેમ બાહ્યમાંથી આંતરિક તરફ પ્રયાણ થતું જાય છે, તથા તે આપણી પંચેન્દ્રિયોની પહોંચ બહારનું થતું જાય છે. જીવન, સચેતનતા, આત્મ-સભાનતા એ બધું ઇન્દ્રિયગોચર નથી. એમને ન રંગ છે, ન ધ્વનિ છે, ન ગંધ છે, ન સ્વાદ છે, ન સ્પર્શ છે. અને છતાં એ બધું જ મહત્ત્વનું છે.

જેમ જેમ ઉપરની કક્ષાએ જઈએ છીએ તેમ તેમ જગત વધુ સમૃદ્ધ થતું જાય છે. જડ પદાર્થનું તો પોતાનું કોઈ જગત જ નથી. એક વૃક્ષનું પોતાની આસપાસની થોડી જમીન, હવા, પાણી, પ્રકાશ પૂરતું સીમિત જગત છે. પ્રાણીનું જગત તેનાથી મોટું છે, પરંતુ મુખ્યત્વે તેની શારીરિક જરૂરિયાતો પૂરતું સીમિત છે. માણસનું જગત આના કરતાં ઘણું વિશાળ ને સમૃદ્ધ છે. પ્રાચીન તત્ત્વજ્ઞાન એમ કહેતું આવ્યું છે કે માણસ સમસ્ત બ્રહ્માંડની અનુભૂતિ કરી શકે છે. માણસનો પોતાનો જેટલો વિકાસ થયો હશે, તેટલું તેનું જગત વધુ સમૃદ્ધ ને વિશાળ હશે.

આ દૃષ્ટિએ જોઈએ તો આજના ભૌતિક વિજ્ઞાનવાદથી જકડાયેલા માણસનું જગત તો સાવ ગરીબડું ને કંગાળ હશે. કારણ કે એ તો એટલી જ વસ્તુઓમાં માને છે કે જે ગણી શકાય, માપી શકાય, તોલી શકાય. ઇંદ્રિયગોચર ન હોય એવી આંતરિક વસ્તુઓ પ્રત્યેથી તો તેણે મોં ફેરવી લીધું છે ! આવા ભૌતિક વિજ્ઞાનવાદી માણસને પછી જગત અર્થહીન, વેરાન જેવું ભાસે, તેમાં નવાઈ શી ?

આપણે આ અગાઉ જોયું તેમ માણસમાં આ ચારેય કક્ષાનો સમાવેશ થયેલો છે. ઘણી પ્રાચીન પરંપરાઓ માણસને ચાર 'દેહ' છે એમ વર્ણવે છે —પાર્થિવ દેહ (physical body), આકાશી દેહ (etheric body), સૂક્ષ્મ અંતરિક્ષ દેહ (astral body) અને 'હું' અથવા સ્વયં અથવા આત્મા (I or Self or Spirit). કેટલીક પરંપરા દેહ, આત્મા અને પરમાત્માની વાત કરે છે. માણસનું લક્ષ સ્થૂળ

જગત પર કેન્દ્રિત થતું ગયું તેમ કેટલાકે પરમાત્માને પડતો મૂકી માણસને દેહ અને આત્મા રૂપે વર્ણવ્યો. ભૌતિક વિજ્ઞાનવાદનો ઉદય થતાં આત્માયે અલોપ થતો ગયો. આત્માને ન તો તોલી શકાય, ન માપી શકાય, તો પછી અમારા વિજ્ઞાનમાં એનું અસ્તિત્વ જ શી રીતે સંભવી શકે ? બસ, માણસ અણુ-પરમાણુની એક અટપટી સંરચના માત્ર છે. જગત એક અકસ્માત માત્ર છે. માનવના અસ્તિત્વમાં કે જગતમાં ન કોઈ હેતુ છે, ન કોઈ અર્થ છે. સર્વત્ર અરાજકતા છે.

આજનો આધુનિક ભૌતિક વિજ્ઞાનવાદ માણસનું અને જગતનું આવું ચિત્ર આપણી સામે રજૂ કરે છે. પરંતુ ખરેખર વાસ્તવિકતા શી છે ? આપણા દરેકનો આંતરિક અનુભવ શો છે ? આપણી અનુભૂતિ એવી છે કે અસ્તિત્વની ઉચ્ચ, ઉચ્ચતર શ્રેણીઓ છે. મનુષ્યયોનિની ખાસ માનવીય કહી શકાય એવી અમુક લાક્ષણિકતાઓ છે, અને માનવના વિકાસનીયે અનંત સંભાવનાઓ છે. આત્મ-સભાનતા માણસને પશુયોનિથી જુદો પાડે છે, અને તેની ક્ષિતિજો અમર્યાદ છે. એ માણસને ખરેખર 'માનવ' બનાવે છે એટલું જ નહીં, બલ્કે માણસને માનવમાંથી મહામાનવ બનવા માટેની સંભાવના પૂરી પાડે છે, તદુપરાંત માણસ માટે મહામાનવ બનવાનું આવશ્યક બનાવી મૂકે છે. શાસ્ત્રોમાં કહ્યું છે : ''પૂરેપૂરા માનવ બનવા માટે નકરા માણસપણાને અતિક્રમી જવું પડશે.''

# ૩

# બાહ્ય કરણો અને અંતઃકરણ

**મા**ણસ પોતાની આસપાસના જગત સાથે સંપર્કમાં આવે છે, તેના વિશેનું જ્ઞાન મેળવવા કોશિશ કરે છે. ગ્રીક ફિલસૂફ પ્લોટિનસે કહ્યું છે કે ''જ્ઞાન મેળવવા માટે વસ્તુને અનુરૂપ એવી ઇન્દ્રિયોની જરૂર પડે છે.'' માણસ પાસે જો યોગ્ય સાધન ન હોય, તો તે કશું જાણી શકે નહીં. જે વસ્તુઓ જાણવી છે તેને અનુરૂપ પર્યાપ્ત સમજશક્તિ પણ માણસ પાસે હોવી જોઈએ. પ્લોટિનસે એમ પણ કહ્યું છે કે, ''આંખ જો પહેલાં સૂરજ સમાન ન બની હોય, તો સૂરજને કદી જોઈ શકે નહીં અને આત્મા પોતે સૌંદર્યવાન ન હોય, તો પરમ સૌંદર્યનું દર્શન કરી શકે નહીં.'' પ્રાચીન કાળથી એક માન્યતા એવી ચાલી આવે છે કે 'જે પિંડે છે તે જ બ્રહ્માંડે છે.'

આપણી પાંચ શારીરિક ઇન્દ્રિયો જડ પદાર્થની જાણકારી માટે પૂરતી છે. જો કે તેમના દ્વારા માત્ર ઇન્દ્રિયગોચર સ્થૂળ માહિતી જ મળે છે. તે માહિતીના અર્થઘટન માટે વળી જુદા પ્રકારની ક્ષમતાની કે માનસિક શક્તિની જરૂર પડે છે. તેને આપણે ચૈતસિક ઇન્દ્રિયો કહી શકીએ. શારીરિક ઇન્દ્રિયો તો બધા તંદુરસ્ત માણસોમાં લગભગ સમાન જોવા મળે છે, પરંતુ ચિત્તની શક્તિમાં નોંધપાત્ર તફાવત જણાય છે. અમુક માણસોમાં ઉચ્ચ સંગીતને સમજવાની ને માણવાની શક્તિ હોય છે, જ્યારે બીજા તેમ કરી શકતા નથી. આ તફાવત શ્રવણેન્દ્રિયનો નહીં, ચિત્તનો છે. અમુકમાં આવી ચૈતસિક ક્ષમતા હોય છે, અને અમુકમાં નથી હોતી. શ્રવણેન્દ્રિય તો દરેક પાસે છે, પણ દરેક પાસે આવી ચૈતસિક ક્ષમતા નથી. શ્રવણેન્દ્રિય તો માત્ર સૂરોની હારમાળા જ ઝીલે છે, તેમાંનું સંગીત ચિત્તની શક્તિ દ્વારા ગ્રહણ થાય છે.

બીજા બધા અનુભવોની બાબતમાં પણ આવું જ છે. આપણામાં જે અનુભવને ઝીલવાની ચૈતસિક ક્ષમતા હોય, તે જ અનુભવ આપણા માટે વાસ્તવિક બને છે. દરેકે દરેક વખતે દરેકે દરેક બાબતને ઝીલવાની ક્ષમતા આપણામાં હોય જ, એમ તો આપણે ન કહી શકીએ અને તેથી આપણા માટે જે સુગમ નથી કે ગ્રાહ્ય નથી તેનું અસ્તિત્વ જ નથી અથવા તો એ બીજાઓનો કપોળકલ્પિત તુક્કો છે કે ભ્રમ છે, એમ કહેવાનો આપણને કોઈ હક નથી.

આપણી શારીરિક ઇન્દ્રિયો તો માત્ર સ્થૂળ માહિતી પૂરી પાડે છે. તેનું અર્થઘટન, તેની મુલવણી, તેનું ઓછું-વત્તું મહત્ત્વ આંકવું, વગેરે બધું ચૈતસિક પ્રક્રિયા દ્વારા થાય છે. કોઈનામાં આવી ચૈતસિક શક્તિ ઉચ્ચ કક્ષાની જોવા મળે છે, જ્યારે કોઈનામાં સાવ નિમ્ન કક્ષાની જણાય છે. હકીકતોનાં સૂક્ષ્મ પાસાંને ગ્રહણ કરવાની અને સમજવાની ઉચ્ચ શક્તિઓ ઘણા ઓછા માણસોમાં જોવા મળે છે.

માણસની આસ્થા, પૂર્વધારણાઓ, અનુમાનો, સંસ્કારો વગેરે પણ આમાં અગત્યનો ભાગ ભજવે છે. આત્મ-સભાનતા અને માણસની આંતરિક શક્તિઓનુંયે મહત્ત્વ છે. અસલમાં તો એ શક્તિઓ જ માણસને અસલ માનવ બનાવે છે અને માનવની કક્ષાથી પણ ઉપર ઊઠવાની સંભાવના પ્રગટ કરે છે. માત્ર હૃદય-અંતઃકરણ મારફત જ ઉચ્ચ કક્ષાઓ સાથેનો સંપર્ક સાધી શકાય છે.

આધુનિક યુગના ભૌતિક વિજ્ઞાનવાદને વરેલા માણસને આ બધું બિલકુલ નહીં સમજાય. માનવ કરતાં કાંઈ ઉચ્ચ હોય, એમ એ માને જ શાનો ? અને માનવને પણ એ કેવળ એક જરા વધુ વિકાસ પામેલું પશુ માને એટલું જ ! એ તો ઠોકી-વગાડીને એમ જ કહેશે કે જે કાંઈ સત્ય શોધી શકાય તે માત્ર મગજ દ્વારા જ શોધી શકાય, અને તેનું સ્થાન માથામાં છે, હૃદયમાં નહીં. એટલે કે 'હૃદય દ્વારા કાંઈ સત્ય ગ્રહણ કરવું,' એ તેને માટે સાવ અર્થહીન વાત છે. બૌદ્ધિક વિજ્ઞાનવાદ એને કેવળ શારીરિક ઇન્દ્રિયો ઉપર જ આધાર રાખવાનું શીખવશે. એવા ઇન્દ્રિયગોચર જ્ઞાન સિવાય બીજી કોઈ ઉચ્ચ કક્ષાની વાસ્તવિકતા એને માટે છે જ નહીં. એ એના જેવો માણસ છે, કે જેની પાસે રેડિયો હોવા છતાં તેનો ઉપયોગ કરવાનો તે ઇન્કાર કરે છે, કેમ કે એણે એવી ગાંઠ વાળી લીધી છે કે આ રેડિયોમાંથી તો વાતાવરણના ઘોંઘાટ સિવાય બીજું કશું મળી શકે તેમ નથી !

પરંતુ સામાન્ય માણસો તો સંતો, સાધુઓ અને પયગંબરોનાં વચનો પર આસ્થા રાખીને ચાલશે કે માણસ કરતાં પણ ઉચ્ચ કક્ષાઓ છે જ તથા માણસ જો પોતાની તર્કબુદ્ધિને શ્રદ્ધાના માર્ગદર્શનમાં ચાલવા દેશે, તો તે આ ઉચ્ચતર કક્ષાઓને આંબી શકશે.

બૌદ્ધો કહે છે તેમ શ્રદ્ધા 'સત્યનું નેત્ર' ઉઘાડે છે. તેને 'હૃદયનું નેત્ર' અથવા 'આત્માનું નેત્ર' પણ કહે છે. સંત ઑગસ્ટીન એ જ વાત પર ભાર મૂકતા રહ્યા કે ''આ જીવનમાં આપણું સમગ્ર કર્તવ્ય છે, હૃદયના નેત્રને ફરી સ્વસ્થ બનાવવું કે જેથી ઈશ્વરનાં દર્શન થઈ શકે.'' જોહ્ન સ્મિથ સલાહ આપે છે : ''ઇન્દ્રિયનું નેત્ર બંધ કરીને આપણે સમજબુદ્ધિનું વધુ ઉજ્જ્વળ નેત્ર, આત્માનું નેત્ર ઉઘાડવું જોઈએ. એ નેત્ર બધા જ પાસે હોય છે, પણ બહુ થોડા તેનો ઉપયોગ કરે છે.''

આપણી બાહ્ય ઇન્દ્રિયો માત્ર દશ્ય વસ્તુઓને જ જોઈ શકે છે, જ્યારે હૃદયનું નેત્ર અદશ્યને જોઈ શકે છે. હૃદયનું નેત્ર આંતરસૂઝ જન્માવે છે. તેની શક્તિ તર્કબુદ્ધિની શક્તિ કરતાં ક્યાંય ચઢિયાતી છે. તર્કની પ્રક્રિયા અભિપ્રાયો જન્માવે છે, આંતરસૂઝ નહીં. બુદ્ધ કહે છે : મેં તત્ત્વવિષયક અભિપ્રાયોનું દારિદ્રય પિછાન્યું, એટલે એમાંના કોઈને વળગી રહ્યા વિના સત્યની ખોજ કરી, અને મેં 'જોયું.'

ટૂંકમાં, ઇન્દ્રિયગોચર માહિતી આંતરસૂઝ કે સમજ જન્માવતી નથી. વિચારો આંતરસૂઝ ને સમજ જન્માવે છે, અને વિચારોની સૃષ્ટિ આપણી ભીતર રહેલી છે. વિચારોનું સત્ય ઇન્દ્રિયો દ્વારા જોઈ શકાતું નથી, એ તો માત્ર પેલા વિશિષ્ટ અંતઃકરણ દ્વારા જ જોઈ શકાય છે. જેને ક્યારેક 'હૃદયનું નેત્ર' કહે છે. એ હૃદયના નેત્ર સામે સત્ય રજૂ થાય, ત્યારે અજબ રહસ્યમય રીતે તે સત્યને પારખવાની શક્તિ ધરાવે છે.

આપણી પંચેન્દ્રિયો માત્ર જડ પદાર્થોનું જ આકલન કરી શકે છે. પરંતુ જીવનને તો કોણ જોઈ, સાંભળી, સ્પર્શી, ચાખી કે સૂંઘી શકે ? જીવનને ન કોઈ આકાર છે ન રંગ, ગંધ, સ્વાદ કે ધ્વનિ છે. અને તેમ છતાં આપણે 'જીવન'ને ઓળખી તો શકીએ જ છીએ. તેનો અર્થ એ કે બાહ્ય ઇન્દ્રિયો કરતાં ઉચ્ચતર અને વધુ આંતરિક કોઈક કરણ આપણામાં હોવું જોઈએ. આ કરણ આપણા ભીતરના જીવન

સાથે એકરૂપ છે, આપણા જીવંત દેહની અચેત પ્રક્રિયાઓ અને સંવેદનો સાથે એકરૂપ છે, અને જે મુખ્યત્વે સૌર ચક્રમાં (જઠરથી નીચેના ભાગમાં આવેલું નાડીજૂથ) કેન્દ્રિત થયેલું છે. એવી જ રીતે આપણે આપણી પોતાની સચેતનતા (જે મુખ્યત્વે મસ્તિષ્કમાં કેન્દ્રિત છે) દ્વારા સચેતનતાને ઓળખીએ છીએ. અને આપણે આપણી પોતાની આત્મ-સભાનતા દ્વારા આત્મ-સભાનતાને ઓળખીએ છીએ. સાંકેતિક અર્થમાં તેમ જ જાત-અનુભવથી આપણે જાણીએ છીએ કે તેનું સ્થાન આપણા અંતરતમ ને ઉચ્ચતમ એવા હૃદયના ક્ષેત્રમાં છે.

પરંતુ આધુનિક બુદ્ધિવાદ આ કશાનું અસ્તિત્વ જ સ્વીકારતો નથી. તે કેવળ ઇન્દ્રિયગોચર જ્ઞાન અને તર્કબુદ્ધિને જ માન્ય રાખે છે. આધુનિક બુદ્ધિવાદના જનક એવા દકાર્તેએ જાહેર કરી દીધેલું કે, ''અત્યાર સુધી અભિપ્રાયો તો અનેક મળ્યા, પરંતુ કોઈ પણ વસ્તુનું ચોક્કસ અફર જ્ઞાન નથી મળ્યું. માણસ હવે પુખ્ત બન્યો છે. એ પોતાનો સ્વામી છે અને દરેક વસ્તુને તર્કબુદ્ધિની સરાણે ચઢાવી શકે છે. આના ઉપર 'આદરપાત્ર વિજ્ઞાન'નો પાયો નખાશે.... માત્ર ગણિતશાસ્ત્રી જ ચોક્કસ પ્રયોગો કરી બતાવી શકે છે. જીવનનાં અન્ય ક્ષેત્રોમાં પણ એ જ નિયમોને અનુસરીને માણસે ગણિત ને ભૂમિતિ જેવું અફર જ્ઞાન મેળવવાનું છે.''

આ રીતે પશ્ચિમના માણસનું મોઢું જ સાવ જુદી દિશામાં થઈ ગયું. 'સમજબુદ્ધિ માટેનું વિજ્ઞાન' (science for understanding)ને બદલે 'ચાતુરી ભરેલી વ્યવસ્થા માટેનું વિજ્ઞાન' (science for manipulation) એ તેનું ધ્યેય બન્યું. સમજબુદ્ધિ માટેના વિજ્ઞાનનો હેતુ હતો માણસનું બુદ્ધત્વ અને માણસની મુક્તિ. ચાતુરીભરેલી વ્યવસ્થા માટેના વિજ્ઞાનનો હેતુ છે શક્તિ પ્રાપ્ત કરવાનો. દકાર્તેએ ભાખેલું કે હવે માણસ 'પ્રકૃતિનો સ્વામી અને માલિક' બનશે.

સમજબુદ્ધિ માટેનું વિજ્ઞાન 'પ્રજ્ઞા' કહેવાતું થયું અને સામાન્ય વહેવારમાં 'વિજ્ઞાન' એટલે માત્ર ચાતુરીભરેલી વ્યવસ્થા માટેનું વિજ્ઞાન. પ્રજ્ઞાનો અનિષ્ટ ઉપયોગ થવાની શક્યતા નથી. પણ આ ભૌતિક વિજ્ઞાનનો અનિષ્ટ ઉપયોગ પણ થઈ શકે. ચાતુરીભરેલી વ્યવસ્થા માટેનું વિજ્ઞાન જ્યારે પ્રજ્ઞાના અંકુશ હેઠળ હોય, ત્યારે ઘણું મૂલ્યવાન સાબિત થાય, પરંતુ તે વિના તેની ભૌતિક શક્તિઓનો પુષ્કળ દુરુપયોગ

થઈ શકે. આજે તો તે વિજ્ઞાન આર્થિક ને રાજકીય સત્તા વધારવા માટેનું સાધન જ બની બેઠું છે. અગાઉનું વિજ્ઞાન પ્રકૃતિને ઈશ્વરનું સર્જન અને માણસની જનની ગણતું. આજના ભૌતિક વિજ્ઞાન માટે પ્રકૃતિ જાણે કોઈ દુશ્મન છે, જેના પર આધિપત્ય જમાવવાનું છે અથવા તો જાણે કોઈ ખાણ છે, જેને લૂંટવાની છે. અગાઉનું વિજ્ઞાન માણસને ઈશ્વરની પ્રતિકૃતિ ગણતું. જ્યારે આજનું ભૌતિક વિજ્ઞાન માણસને ઉત્ક્રાંતિની એક અકસ્માત નીપજ માત્ર ગણે છે.

પશ્ચિમની સંસ્કૃતિમાં ધીરે ધીરે સમજબુદ્ધિ માટેના વિજ્ઞાનનું સ્થાન નગણ્ય થતું ગયું. તેનું બધું જ્ઞાન ચાતુરી ભરેલી વ્યવસ્થા માટેના વિજ્ઞાન ઉપર જ કેન્દ્રિત થતું ગયું. આનાં કમ સે કમ ભારે ગંભીર પરિણામો આવ્યાં :-

(૧) માણસના જીવનનો અર્થ અને હેતુ શો છે ? ઈષ્ટ શું અને અનિષ્ટ શું ? માણસનાં અબાધિત કર્તવ્યો અને અધિકારો કયા છે ? —આવા પ્રશ્નોને જે સંસ્કૃતિમાં અવૈજ્ઞાનિક ઠરાવી દેવામાં આવે, તે સંસ્કૃતિ અવશ્ય વ્યથા, હતાશા અને ગુલામીની ગર્તામાં ગરક થતી જશે. ગમે તેવા ઊંચા જીવનધોરણ છતાં અને દીર્ઘાયુ માટેની ગમે તેવી સફળ તબીબી સેવાઓ છતાં એવી સંસ્કૃતિમાં લોકો ધીરે ધીરે સ્વાસ્થ્ય અને સુખ ગુમાવતા જશે. 'માણસ માત્ર રોટલા પર જ જીવી શકે નહીં,' એ વાતની પ્રતીતિ થશે.

(૨) વિજ્ઞાનને કેવળ જગતનાં બાહ્ય ને ભૌતિક પાસાં પૂરતું જ સીમિત કરી નાખવાથી જગત સાવ ખાલી ને અર્થહીન ભાસવા લાગશે. જેઓ પ્રજ્ઞાનું મૂલ્ય ને આવશ્યકતા સમજે છે એવા લોકો પણ આ કહેવાતા વૈજ્ઞાનિક ભૌતિકવાદની સંમોહન શક્તિની અસરમાંથી છૂટી શકશે નહીં, તથા પ્રજ્ઞાના માર્ગને અનુસરવાની હિંમત ગુમાવી બેસશે. ભૌતિક વિજ્ઞાન શ્રદ્ધા વગેરે ઉચ્ચ શક્તિઓની ઉપેક્ષા જ કરે છે. એટલે શ્રદ્ધા જીવનમાં માર્ગદર્શક બનવાને બદલે જીવનમાં તેનું કશું સ્થાન જ નહીં રહે. આમ, ઊગરવાના બધા માર્ગો બંધ થઈ જાય છે.

(૩) મનુષ્યની ઉચ્ચ શક્તિઓ પ્રજ્ઞાની પ્રાપ્તિ માટે ઉપયોગમાં લેવાતી નથી. તેથી તે શક્તિઓ નિશ્ચેષ્ટ બનીને અંતે લુપ્ત થઈ જશે. પરિણામે વ્યક્તિની ને સમાજની સમસ્યાઓના ઉકેલ માટે કોઈ આશા રહેતી નથી. ઉકેલ માટેના

પ્રયાસો વધુ ને વધુ રઘવાયા બનતા જાય છે, જ્યારે જેનો ઉકેલ જણાતો નથી એવી સમસ્યાઓનો ખડકલો થતો જાય છે. માણસની સંપત્તિ ભલે વધતી હોય, તેની ગુણવત્તા ઘટતી જાય છે.

છેલ્લાં ત્રણસો વરસના એકાંગી વિકાસને પરિણામે પશ્ચિમનો માણસ આજે સાધનોની બાબતમાં સમૃદ્ધ છે, પણ સાધ્યોની બાબતમાં દરિદ્ર છે. પ્રજ્ઞાની બાબતમાંયે પામર છે. તેની પાસે કોઈ મૂલ્યો રહ્યાં નથી. સત્તા, પૈસો, બજાર, ઝડપ વગેરે એના દેવ બની બેઠા છે.

આધુનિક જગત સંશયવાદમાં સપડાયેલું છે. જે કોઈ બાબતમાં માણસની ઉચ્ચતર શક્તિઓની જરૂર પડે છે, તેના વિશે એ સાશંક છે. પરંતુ સંશયવાદ કે જેને માટે કશાનીયે જરૂર પડતી નથી, તેના વિશે એ બિલકુલ સાશંક નથી.

## ૪

# અંદર ખોળો – જાતને ઓળખો !

આપણે જોયું કે આજનું ભૌતિક વિજ્ઞાન આપણને સંપૂર્ણ આકલન કરાવી શકતું નથી. સંપૂર્ણ આકલન માટે બાહ્ય તેમ જ આંતરિક, દૃશ્ય તેમ જ અદૃશ્ય બંને ક્ષેત્રનું જ્ઞાન આવશ્યક છે. જડ પદાર્થની જેમ જેમ ઉપરની યોનિએ જતા જઈએ છીએ તેમ તેમ બાહ્ય સ્વરૂપોની તુલનાએ આંતરિક અનુભવો વધુ ને વધુ મહત્ત્વ ધારણ કરે છે. આંતરિક અનુભવોનું અસ્તિત્વ છે જ, પણ આપણી બાહ્ય ઇન્દ્રિયો દ્વારા તેનું આકલન થઈ શકતું નથી. તેથી બાહ્ય કરણો અને અંતઃકરણ દ્વારા બંને ક્ષેત્રનું જ્ઞાન મેળવીને સંપૂર્ણ આકલન કરવું રહ્યું.

આમ, જ્ઞાનનાં ચાર ક્ષેત્ર થાય છે : આપણા પોતાના વિશે બાહ્ય તેમ જ આંતરિક જ્ઞાન મેળવવું તથા અન્ય લોકો વિશે પણ બાહ્ય તેમ જ આંતરિક જ્ઞાન મેળવવું. એટલે કે (૧) અન્ય લોકોની નજરે હું કેવો દેખાઉં છું ? (૨) મારા આંતરિક જગતમાં ખરેખર શું ચાલી રહ્યું છે ? મારી આંતરિક અનુભૂતિઓ શી છે ? (૩) મારી આસપાસના જગતમાં હું ખરેખર શું જોઉં છું ? (૪) અન્ય લોકોનાં આંતરિક જગતમાં ખરેખર શું ચાલી રહ્યું છે ? એમની આંતરિક અનુભૂતિઓ શી છે ? આ ચારેય ક્ષેત્રના જ્ઞાન દ્વારા જ સંપૂર્ણ આકલન થઈ શકશે. આ ચાર ક્ષેત્રોને એક પછી એક તપાસીએ.

સોક્રેટિસે કહ્યું છે કે પ્રથમ મારે મારી જાતને ઓળખવી જોઈએ. આપણે પણ આપણા આંતરિક ક્ષેત્રથી શરૂઆત કરીએ. મારી ભીતર ખરેખર શું ચાલી રહ્યું છે ? કઈ વસ્તુ મને સુખ આપે છે, કઈ વસ્તુ દુઃખ ? કઈ વસ્તુ મને શક્તિ આપી જાય છે, અને કઈ મને નબળો પાડે છે ? મારો જીવન પર ક્યાં ક્યાં અંકુશ

છે, અને જીવનનો મારા પર ક્યાં ક્યાં અંકુશ છે ? મારા ચિત્ત પર, મારી લાગણીઓ પર હું અંકુશ રાખી શકું છું ? જીવનના સંચાલન માટે આ આંતરિક જ્ઞાનનું મૂલ્ય શું છે ?

પ્લોટિનસ કહી ગયો છે : ''બાહ્ય પરિવેશ સંકેલી લઈને ભીતર દષ્ટિ કરો. તમારી જાત હજી સુંદર ન લાગતી હોય, તો શિલ્પી જેમ ટાંકણું લઈને મૂર્તિનો સુંદર ઘાટ ઘડતો હોય છે તેમ તમારી જાતને ઘડતા રહો.''

ભારતના સ્વામી રામદાસ : ''યુગયુગોના વાયરા સોંસરી ઋષિઓની રહસ્યમય દિવ્ય સંકેતોની વાણી કાને પડે છે - અંદર ખોળો, જાતને ઓળખો !''

ચીનના લાઓ-ત્ઝુએ આશરે અઢી હજાર વર્ષ પૂર્વે કહેલું : ''જે અન્યને જાણે છે, તે શાણો છે; જે પોતાને જાણે છે, તે પ્રબુદ્ધ છે.''

વીસમી સદીના લેખક ઓસ્પેન્સ્કીએ આ મૂળભૂત વિચાર આ રીતે રજૂ કર્યો છે : ''મનુષ્યની ઉત્ક્રાંતિનો અર્થ છે, કેટલાક આંતરિક ગુણો અને લક્ષણોનો પ્રયત્નપૂર્વક વિકાસ.''

આધુનિક જગતે અગાઉના કોઈ પણ યુગ કરતાં વધુ માનસશાસ્ત્રના સિદ્ધાંતો અને સાહિત્ય સર્જ્યાં છે. અને તેમ છતાં આ બધી બાબતો વિશેનું તેનું જ્ઞાન અતિ અલ્પ છે. ઓસ્પેન્સ્કીએ કહ્યું છે તેમ : ''મનોવિજ્ઞાન એ એક નવું વિજ્ઞાન છે એમ ઘણી વાર કહેવાય છે. આ બિલકુલ ખોટું છે. મનોવિજ્ઞાન એ કદાચ સહુથી પ્રાચીન વિજ્ઞાન છે, અને કમનસીબે એક ભુલાઈ ગયેલું વિસ્મૃત વિજ્ઞાન છે.'' મનોવિજ્ઞાનના એકદમ પાયાનાં લક્ષણો આપણને ધર્મઉપદેશોમાં જોવા મળે છે. છેલ્લા કેટલાક સૈકાઓમાં ધર્મભાવના ભુલાતી ગઈ તેમ તેમ આ લક્ષણો પણ અલોપ થતાં ગયાં.

આ પારંપરિક મનોવિજ્ઞાન માણસને 'યાત્રી' અને 'રાહી' તરીકે માને છે, જે મોક્ષ, પ્રબુદ્ધતા, કે મુક્તિના શિખરે પહોંચી શકે છે. આ પ્રાચીન મનોવિજ્ઞાન મુખ્યત્વે માંદા માણસો સાથે નહીં, તંદુરસ્ત માણસો સાથે કામ પાડતું. માનસિક રીતે અસ્વસ્થ માણસને કેમ 'નોર્મલ' બનાવી દેવો, તેમાં એની ઇતિશ્રી નહોતી થતી. બલ્કે જે સ્વસ્થ છે તેને મહાસ્વસ્થ બનાવવાની તેની નેમ હતી. માણસમાં

મહાસ્વસ્થ બનવાની સંભાવના છે, અને એ જ એની અંતિમ મંઝિલ છે.

આ કેવલ અસામાન્ય માણસો માટે જ નથી. દરેક સામાન્ય માણસમાં પણ આ સંભાવના રહેલી છે. રોજ-બરોજના જીવનની ગૌણ બાબતોમાંથી અવારનવાર પોતાની જાતને સંકોરી લઈ ભીતરની યાત્રા કરવાની તૈયારી જોઈએ, એક આંતરિક નિષ્ઠા જોઈએ. આપણે જોયું કે મનુષ્યયોનિનું પાયાનું લક્ષણ આત્મ-સભાનતા છે. એવી આત્મસભાનતા વિના માણસના આંતરિક જગતની ખોજ અને અધ્યયન બિલકુલ અસંભવ છે.

આ આત્મ-સભાનતાને ધ્યાનની શક્તિ સાથે ગાઢ સંબંધ છે. મારું ધ્યાન ઘણી વાર અથવા મોટે ભાગે બાહ્ય પરિબળોથી અથવા મારી આંતરિક અપેક્ષાઓ, ભયો, ચિંતાઓ વગેરેથી ઘેરાયેલું હોય છે. અને આવા સંજોગોમાં હું લગભગ યંત્રવત્ કામ કરું છું. જો કે આ બધો વખત એવી શકયતા તો છે જ કે હું બધો દોર મારા હાથમાં લઉં અને મારા ધ્યાનને મારી પસંદગી મુજબ વાળું. હું બાહ્ય દબાણોથી અથવા મારી લાગણીઓથી અને આવેગોથી દોરવાતો ન રહું, બલ્કે તેના પર અંકુશ રાખતો થાઉં.

આ બાબતમાં માણસને સૌથી વધુ રસ પડવો જોઈએ, કેમ કે આમાં તો માણસની માણસ તરીકેની મુખ્ય ખાસિયત રહેલી છે. તેથી જ પારંપરિક ધર્મ-ઉપદેશોમાં આ બાબત કેન્દ્રસ્થાને રહેલી છે. પરંતુ આધુનિક જગતમાં આ જ બાબત સૌથી વધુ ઉપેક્ષા, ગેરસમજ અને વિકૃત રજૂઆત પામી છે. પરિણામે, આજે આપણા જીવનમાં સંપૂર્ણ આત્મસભાનતા અને સ્વતંત્રતાની ક્ષણો બહુ જ વિરલ બની ગઈ છે. આપણું મોટા ભાગનું જીવન કોઈ ને કોઈ પ્રકારની ગુલામીમાં પસાર થાય છે. આ કે તે પરિબળના આપણે દાસ બની રહીએ છીએ અને પ્રવાહમાં તણાતા રહીએ છીએ તેથી આપણે જાગરૂક થવાનું છે, આત્મ-સભાન થવાનું છે.

આ માટે જુદા જુદા ધર્મોએ જુદા જુદા માર્ગોનું ખેડાણ કર્યું છે. બુદ્ધના ધ્યાનમાર્ગમાં તેને સમ્યક્ સભાનતા કહી છે. ધ્યાનની ઉચ્ચ ગુણવત્તાનું લક્ષણ છે, કૈવલ્ય. તેમાં કેવળ સાક્ષીરૂપે નિરીક્ષણ થાય છે. આપણા પ્રત્યે તેમ જ આપણી ભીતર શું બની રહ્યું છે તેના વિશેની એકાગ્ર સભાનતા. ન કોઈ પ્રત્યાઘાત, ન

કોઈ સ્પંદન, ન આલોચના, ન પરીક્ષણ, ન ચિંતન. આ કૈવલ્ય ધ્યાન અંદરની બધી બોલચાલ બંધ કરી દેવાથી અથવા જો બંધ ન કરી શકાય તો તેનું શાંતિથી નિરીક્ષણ કરવાથી સાધી શકાય છે. વિચાર, તર્કબુદ્ધિ, ચર્ચા, અભિપ્રાયો વગેરેથી ક્યાંય ઉપરની આ ચીજ છે. તેમાં ચિત્ત વસ્તુના મૂળ સ્વરૂપ સુધી પહોંચે છે.

તર્કબુદ્ધિ તેની તર્કક્રિયા શરૂ કરે તે પહેલાં તેને યથાર્થ, નિર્ભેળ સામગ્રી પૂરી પાડવી જોઈએ. આપણાં અહં, રાગદ્વેષ, મોહ, એષણાઓ, મમત્વ વગેરેમાંથી મુક્ત થઈને જ આ બની શકે. લેટિન ભાષામાં રીલિજિયન (ધર્મ)નો અર્થ સમજવા જેવો છે. રી-લેજિયો એટલે પુનઃસંધાન —માણસનું વાસ્તવતા (સત્) જોડે પુનઃસંધાન. તે વાસ્તવતાને તમે ઈશ્વર કહો, સત્ય કહો, અલ્લાહ, સચ્ચિદાનંદ કે નિર્વાણ કહો.

અને યોગ શું છે ? યોગના શ્રેષ્ઠ પ્રબોધક પતંજલિએ કહ્યું છે : ''ચિત્તમાં ઊઠતા તરંગોના નિયમનને યોગ કહે છે.'' સૌથી પહેલાં આપણી અંદર ઊઠતા વિચારના તરંગો પર અંકુશ મેળવ્યા વિના બાહ્ય સંજોગો પર અંકુશ મેળવી શકાતો નથી. સમ્યક્ દર્શન માટે વિચારની પ્રક્રિયાને તેની મર્યાદામાં રાખવાની જરૂર છે. જ્યારે તેને આદેશ અપાય, ત્યારે તે મૌન થઈ જાય અને જ્યારે તેને અમુક ચોક્કસ ને સ્પષ્ટ કામગીરી સોંપાય, ત્યારે જ ફરી સક્રિય બને. ''તમારી કલ્પનાશક્તિના પ્રબળ આવેગને વચ્ચે વચ્ચે દાબી દેવો જોઈએ. તમે જો તેને નહીં દાબો, તો તે તમને દાબી દેશે.''

ભારતીય પદ્ધતિમાં યોગ કેન્દ્રસ્થાને છે, તો ખ્રિસ્તી પદ્ધતિમાં પ્રાર્થના કેન્દ્રસ્થાને છે. અંતરમાં સતત પ્રાર્થના થતી રહેવી જોઈએ. તેને 'હૃદયની પ્રાર્થના' પણ કહે છે. માણસમાં આત્મ-સભાનતાની ગૂઢ શક્તિ છે. અને તેનું સ્થાન હૃદયમાં છે. એક વિશિષ્ટ પ્રકારની ઉષ્મા રૂપે તેની અનુભૂતિ થઈ શકે છે. નાની પ્રાર્થના દ્વારા ચિત્તને એકાગ્ર કરવા માટે તેને હૃદયમાં પરોવવું જોઈએ કેમ કે ચિત્ત જ્યાં સુધી મસ્તિષ્કમાં રહેશે, કે જ્યાં વિચારોની ધમાચકડી ચાલી રહી છે, ત્યાં સુધી તે કોઈ વસ્તુ પર એકાગ્ર થઈ શકશે નહીં. પરંતુ જ્યારે ધ્યાન હૃદયમાં પરોવાય છે, ત્યારે દેહ અને આત્માની તમામ શક્તિઓ ત્યાં એકાગ્ર થાય છે. સમગ્ર

માનવજીવનનું આવી રીતે એક સ્થળે કેન્દ્રીકરણ થવાથી હૃદયમાં એક વિશિષ્ટ સંવેદનની અનુભૂતિ થાય છે. આ સંવેદન શરૂઆતમાં મંદ, પણ ઉત્તરોત્તર પ્રબળ, દઢ અને ગાઢ બનતું જાય છે.

અમુક શબ્દોનું શાંતિથી સતત રટણ કરવાથી આવું કોઈ આધ્યાત્મિક પરિણામ આવી શકે, એ વિચાર જ આધુનિક માનસને એટલો બધો વિચિત્ર લાગે છે કે એ તેને એક તૂત ગણીને કાઢી નાખે છે. પ્રયોગ કરીને તેને નાણી જોવા પણ આપણે ઝટ તૈયાર થતા નથી. પરંતુ માનવીય કક્ષાએ દશ્ય કરતાં અદશ્ય બાબતો અપાર પ્રભાવ અને મહત્ત્વ ધરાવે છે. આ મૂળભૂત સત્યનું શિક્ષણ આપવું એ પરંપરાગત રીતે ધર્મનું મુખ્ય કામ રહ્યું છે. પરંતુ પશ્ચિમની સભ્યતાએ ધર્મનો ત્યાગ કર્યો હોવાથી આજે માણસને આ શિક્ષણ આપનારું કોઈ રહ્યું નથી. તેથી માનવ-જીવનમાં જે બધી સમસ્યાઓ ઊભી થાય છે તેના ઉકેલ માટે પશ્ચિમની સભ્યતા બિલકુલ અસમર્થતા અનુભવે છે. માનવથી નીચેની કક્ષાના પ્રશ્નો બાબત આ સભ્યતાનું સામર્થ્ય ગજબનું છે. પરંતુ માનવીય કક્ષાના પ્રશ્નો બાબત એ અજ્ઞાન છે અને અસમર્થ છે.

આનું મુખ્ય કારણ માણસના આંતરજગત વિશેના જ્ઞાનનો અભાવ છે. આ અભાવની આપણે પૂર્તિ કરવી પડશે. માણસના આંતરિક જગતનું પૂર્ણ જ્ઞાન આપણે મેળવવું પડશે. અને તે માટે હજારો વરસથી માનવજાતે ધ્યાન, યોગ, પ્રાર્થના વગેરે જુદા જુદા માર્ગોનું ખેડાણ કર્યું છે, તે તરફ ફરીથી ગંભીર લક્ષ આપવું પડશે, અને તે ખેડાણને આગળ વધારવું પડશે. માણસે ભીતર દષ્ટિ કરવાની છે અને પોતાની જાતને ઓળખવાની છે. ઇંદ્રિયોની અને તર્ક-વિચારણાની ગુલામીમાંથી મુક્ત થઈને આત્મ-સભાનતા કેળવવાની છે, અંતરમાં રહેલા 'વિશુદ્ધ અહં' અથવા 'આત્મા' અથવા 'શૂન્યાવસ્થા' અથવા 'દિવ્ય શક્તિ'ની અનુભૂતિ કરવાની છે.

## ૫

# જગતની આરસીમાં તમારું મોઢું જુઓ !

**આ**પણી જાતને બરાબર ઓળખવા માટે કેવળ આપણી ભીતર જોવું જ પૂરતું નથી, પણ જગતની આરસીમાં આપણો બાહ્ય દેખાવ, આપણી બાહ્ય છબી જોવી પણ જરૂરી છે. મારા આંતરિક જગતમાં ખરેખર શું ચાલી રહ્યું છે, મારી આંતરિક અનુભૂતિઓ શી છે, તે મારે જાણવું જોઈએ. પરંતુ આની સાથોસાથ અન્ય લોકોની નજરે હું કેવો દેખાઉં છું, જગત મારા વિશે શું માને છે, તે પણ મારે જાણવું જોઈએ. મારું મારી જાત વિશેનું જ્ઞાન સ્વસ્થ તેમ જ પૂર્ણ બને તે માટે આ બંને જાણકારી આવશ્યક છે. તો જ સમતુલા જળવાશે. બીજાઓની નજરે પણ આપણી જાતને ઓળખવાની તૈયારી નહીં હોય, તો આપણે આપણી જાત વિશેની નરદમ વિપરીત તથા અત્યંત વિઘાતક એવી ભ્રમણાઓમાં જ રાચતા રહીશું.

આપણને પોતાને આપણા પ્રત્યક્ષ વ્યવહાર અને કાર્ય કરતાં આપણા અંતરમાંની ભાવના અને ઈરાદાઓ વધુ વાસ્તવિક લાગે છે. જ્યારે બીજા લોકોને આપણી ભાવના કે ઈરાદાઓ કરતાં આપણો પ્રત્યક્ષ વ્યવહાર જ વધુ વાસ્તવિક જણાય છે. આને લીધે ઘણી ગેરસમજો જન્મે છે. જો હું કેવળ મારી આંતરિક અનુભૂતિઓના આધારે જ મારું ચિત્ર ખડું કરું, તો મને પોતાને આખા વિશ્વના કેન્દ્ર રૂપે જોઉં. બધું મારી આસપાસ ફરતું રહે છે. કેન્દ્રમાં હું જ છું. હું દુઃખી તો આખું જગત દુઃખનો દરિયો, અને હું સુખી તો આખું જગત ઉલ્લાસનો મહેરામણ ! આ બરાબર નથી. આ રીતે આપણી જાતનું વાસ્તવિક ચિત્ર ખડું થતું નથી. માટે અંતર-નિરીક્ષણની સાથોસાથ જગતની નજરે આપણું તટસ્થ નિરીક્ષણ પણ જરૂરી બને છે.

આ ઘણું અઘરું કામ છે. આમાં બિલકુલ નિઃસ્પૃહ થઈને અનાસક્ત ભાવે અન્યની નજરે પોતાની જાતને જોવી પડે છે. પરંતુ તે વિના અન્ય લોકો સાથે સુસંવાદી-સુમેળભર્યા સંબંધો અશક્ય થઈ પડે છે. 'બીજાઓ પ્રત્યે એવું વર્તન ન દાખવો, જેવું બીજાઓ તરફથી તમે ન ઇચ્છતા હો' — બીજાઓ ઉપર મારી ખરેખર શી અસર પડે છે તે જો હું ન જાણું તો આ ઉપદેશનો શો અર્થ રહે ?

દરેક માણસને એ જાણવાનું ઘણું સ્વાભાવિક કુતૂહલ હોય છે કે પોતે કેવો દેખાય છે, પોતાનો અવાજ કેવો છે, બીજાઓનાં મનમાં પોતાની કેવી છાપ છે. પરંતુ આવાં 'ખાસ દર્પણો' આ પૃથ્વી પર નથી. અને તેમાં કદાચ ઈશ્વરની કૃપા જ છે. કેમ કે નહીં તો તેનો આઘાત આપણે જીરવી ન શકત. આપણામાં ખરેખર ઘણું ખોટું છે એ વાત સ્વીકારવી હમેશાં પીડાજનક હોય છે. તેથી આવી અળખામણી હકીકત સામે આંખ આડા કાન કરવા આપણે અનેક પ્રપંચો અને કરામતોની ભ્રમજાળ રચતા રહીએ છીએ. તેને બદલે બીજાની ભૂલો અને ખામીઓ શોધવા તરફ આપણે સહેલાઈથી સરી પડીએ છીએ. બીજાની કણ જેવડી ભૂલ આપણને પહાડ જેવડી દેખાય છે, જ્યારે પોતાની પહાડ જેવડી ભૂલ આપણી નજરે પણ પડતી નથી !

આ સંજોગોમાં આપણા અને અન્ય લોકોનાં જીવન વચ્ચે સુસંવાદ સ્થાપવો શી રીતે ? પરંપરાગત ધર્મગ્રંથોમાં આ વિશે, અલબત્ત છૂટુંછવાયું, માર્ગદર્શન મળે છે. બીજાનો ખ્યાલ રાખીને વર્તો, તમારી જાતને બીજાની જગ્યાએ મૂકીને વિચારો. આ માટે એક ઘણી વધારે ઉચ્ચ કક્ષાની આંતરિક સત્યવાદિતા અને સ્વતંત્રતાની જરૂર પડે છે. એક દિવસમાં તે શીખી શકાતું નથી, અને સાતત્યપૂર્વકની સાધના વિના કેવળ સારી ભાવના સેવવાથી તેમાં ઝાઝું નીપજતું નથી.

એ સાધના કેવી હોય ? આત્મ-સભાનતા વિના આ દિશામાં કશું થઈ શકશે નહીં. મારી જાતને બીજા માણસની પરિસ્થિતિમાં મૂકીને જોવી હોય, તો મારે મારી પરિસ્થિતિ વિશે અનાસક્ત ભાવ કેળવવો પડે. આ માટે સામાન્ય

મનોભાવથી ઉપર ઊઠવું પડે. તેમાં પછી તમે સાચા કે એ સાચો, એવો સવાલ રહેતો નથી. આપણી ચેતનાને આત્મસભાનતાની કક્ષાએ લઈ જવાની આ સાધના છે.

આપણી જાત અંગેની એક બાબત વિશે આપણે ઓછામાં ઓછા સભાન હોઈએ છીએ, અને તે લોલકના બે છેડા જેવો આપણા વર્તનનો વિસંવાદ. આ વિરોધાભાસ બીજા લોકોની નજરે ચઢે છે, આપણને પોતાને તેનો ખ્યાલ આવતો નથી. આપણે જ્યારે આપણી જાતને બીજાની નજરે જોવાની ટેવ પાડીએ છીએ, ત્યારે આપણા વિચારોમાંનો કે આપણાં વર્તનોમાંનો આ વિરોધાભાસ આપણે પણ જોઈ શકીએ છીએ. જગતની આરસી આ માટે ઉપયોગી થાય છે. આ એક ઘણી અગત્યની બાબત છે. તેમાં અસલ તત્ત્વ છે, તટસ્થ અને સ્વસ્થ આત્મ-નિરીક્ષણનું.

આપણી ભીતર દૃષ્ટિ કરીને જાતને ઓળખવાનો પ્રયત્ન કરીએ છીએ, ત્યારે આપણને આપણી મહાનતાનું ભાન થાય છે; અને જગતની નજરે જાતને ઓળખવાનો પ્રયત્ન કરતાં આપણી અલ્પતાનું ભાન થાય છે. આ મહાન, મહાન વિશ્વમાં મારી શી હસ્તી છે ? આવડા મોટા વિશ્વમાં એક ટચૂકડી પૃથ્વી, અને એ પૃથ્વી પરની ચાર અબજ કીડીઓમાંની એક કીડી સમો હું ! અને તેમ છતાં પાસ્કલે કહ્યું છે તેમ : ''માણસ માત્ર એક બરુ સમાન છે, કુદરતમાં નબળામાં નબળી વસ્તુ; પરંતુ તે એક ચિંતનશીલ બરુ છે.'' આપણે તેને આત્મ-સભાનતાવાળું બરુ કહીશું, અને તે દૃષ્ટિએ અનંતપણે મૂલ્યવાન, પછી ભલે ને એની આત્મસભાનતા મોટે ભાગે હજી સુષુપ્તાવસ્થામાં જ રહેતી હોય.

આપણે સમાજમાં વસીએ છીએ, એકલા નથી જીવતા, બીજાઓની સાથે જીવીએ છીએ. આપણા માટે એ બધા આરસી સમાન છે. એમના દ્વારા આપણે ખરેખર છીએ તેવા આપણી જાતને જોઈ શકીએ છીએ. બીજાઓની પરિસ્થિતિમાં આપણી જાતને મૂકીને વિચારીએ. બીજાની જરૂરિયાતો, મૂંઝવણો અને મુશ્કેલીઓનું નિરીક્ષણ કરીએ અને તેને સમજીએ. એક દિવસ આપણે એવા બિંદુએ પહોંચીએ,

જ્યારે આપણી પોતાની જરૂરિયાતો, મૂંઝવણો અને મુશ્કેલીઓ સાથેનો આપણો અલ્પ 'અહં' આમાં વચ્ચે આવે જ નહીં. આવી સંપૂર્ણ અહંશૂન્યતા એટલે જ સંપૂર્ણ તટસ્થતા અને સંપૂર્ણ પ્રભાવકતા.

ખ્રિસ્તી ધર્મનો આદેશ છે : ''પડોશી પર તમારી જાત જેવો પ્રેમ રાખો.'' આનો શો અર્થ ? જ્યારે એક માણસ પોતાની જાતને ચાહતો હોય, ત્યારે ચાહક અને પ્રેમપાત્ર વચ્ચે કશો અંતરાય નથી. પરંતુ જ્યારે એ પોતાના પડોશીને ચાહે છે, ત્યારે એનો પોતાનો અલ્પ 'અહં' વચ્ચે હાજર હોય છે. તેથી પડોશી પર પોતાની જાત જેવો જ પ્રેમ રાખવાનો અર્થ છે, માણસના પોતાના અહંના કશાયે અંતરાય કે ડખલ વિના પ્રેમ રાખવો. એટલે કે સંપૂર્ણ પરહિતભાવની સિદ્ધિ, અહંભાવના બધા જ અંશોનો લોપ.

# ૬

## અન્યના અંતરમાં ડોકિયું કરો !

આપણા પોતાના વિશે જેમ આંતરિક અને બાહ્ય જ્ઞાન મેળવવાનું છે, તેમ અન્ય લોકો વિશે અને જગત વિશે પણ આંતરિક અને બાહ્ય જ્ઞાન આપણે મેળવવાનું છે. અન્ય લોકોનાં આંતરિક જગતમાં ખરેખર શું ચાલી રહ્યું છે ? એમની આંતરિક અનુભૂતિઓ શી છે ? — આ જાણવું પણ આપણા માટે અત્યંત જરૂરી છે. આપણે જેમ આપણી ભીતર ખોળવાનું છે, તેમ અન્યના અંતરમાં પણ ડોકિયું કરવાનું છે.

પરંતુ આજે આપણે એવી દુનિયામાં જીવી રહ્યા છીએ કે જેમાં મોટા ભાગના લોકો પોતાના આંતરિક જીવન વિશે બીજા કોઈ જાણે એમ ઇચ્છતા જ નથી. તેઓ એમ કહેશે, ''મારામાં માથું ન મારો. મને રેઢો મૂકો. તમે તમારું કામ સંભાળો.'' કયારેક કોઈ બીજા પાસે પોતાનું અંતર ઠાલવવા ઇચ્છશે, તો તેમ કરવું એને બહુ જ અઘરું લાગશે, પોતાની વાત કેવી રીતે વ્યક્ત કરવી તે એને સૂઝશે નહીં, વધુ તો હાવભાવથી વ્યક્ત કરવા કોશિશ કરશે.

અને તેમ છતાં અન્ય લોકોનાં આંતરિક જીવનનું જ્ઞાન મેળવવું અનિવાર્ય છે. આપણે જાણીએ છીએ કે બીજાઓ સાથેના આપણા સંબંધો આપણા જીવનને સુખમય પણ બનાવી શકે છે અથવા દુઃખી પણ કરી નાખી શકે છે. જો આ સંબંધો બગડે, તો પછી ગમે તેટલો પૈસો, આરોગ્ય, કીર્તિ કે સત્તા પણ તેની ખોટ પૂરી શકતાં નથી અને આ સંબંધો આપણે બીજાને કેટલા સમજી શકીએ છીએ તથા બીજા આપણને કેટલા સમજી શકે છે, તેના પર અવલંબે છે.

કેટલાકને થાય છે કે પરસ્પરના સંપર્કમાં એવી કોઈ મુશ્કેલી નથી. આપણે બીજાને ધ્યાન દઈને સાંભળીએ અને ઝીણવટથી નિહાળીએ, તો ઘણું. પણ વાત એટલી સહેલી નથી. પહેલાં તો પોતે શું કહેવા માગે છે તે વિશે વક્તા જાતે ચોક્કસ હોવો જોઈએ. પછી પોતાના આંતરિક વિચારો, ભાવનાઓ વગેરે વ્યક્ત કરવા માટે યોગ્ય શબ્દો, હાવભાવ, ઉચ્ચાર વગેરે એને હાથવગા થવા જોઈએ. ત્યાર બાદ શ્રોતાએ કશી ભૂલચૂક વિના આ બધું ગ્રહણ કરવાનું છે તથા બાહ્ય શબ્દો, પ્રતીકો, હાવભાવ વગેરેનો આંતરિક ભાવ પકડવાનો છે. આ આખીયે પ્રક્રિયા દરમ્યાન ગમે ત્યાં વિક્ષેપ ઊભો થવાનો સંભવ છે. બોલનારો જે કહેવા માગતો હોય, તે જ અર્થમાં સામો માણસ સમજશે એમ ખાતરીથી કહી શકાય નહીં.

અને છતાં આશ્ચર્યની વાત એ છે કે વાસ્તવિક જીવનમાં માણસ-માણસ વચ્ચેનો સંપર્ક અશક્ય નથી. માણસો ઘણી વાર એમ પણ કહેતા હોય છે કે ''તમે જે રીતે રજૂઆત કરો છો તે મને ગમતી નથી, અને છતાં તમારા મનમાં જે અર્થ છે તેની સાથે હું સંમત થાઉં છું'' આ વસ્તુ ભારે મહત્ત્વની છે. 'મનનો મેળ' હોય તો બધું આસાનીથી સમજાઈ જાય.

પાયાની વાત આ જ છે. આપણા રોજબરોજના જીવનમાં આપણી નિકટના માણસો સાથે જો સાચો મનમેળ ન સાધી શકીએ. તો જીવતર ખારું-ખારું ને ત્રાસદાયક થઈ જાય. અને આવો મનમેળ સાધવા માટે પરસ્પરનો આંતરિક પરિચય અનિવાર્ય છે. એકબીજાને વધુ સારી રીતે સમજવા માટે એકબીજાના મનોવ્યાપારનું બહેતર જ્ઞાન આપણે મેળવવું પડશે. સામાન્ય રીતે બને છે એવું કે આપણી પોતાની બાબતમાં આપણે આપણા આંતરિક ઇરાદાઓના પ્રકાશમાં મુલવણી કરીએ છીએ, જ્યારે બીજાઓની બાબતમાં એમના ઇરાદાઓને મહત્ત્વ આપવાને બદલે એમનાં બાહ્ય કાર્યોના પ્રકાશમાં મુલવણી કરીએ છીએ. આને લીધે ઘણી ગેરસમજો અને અન્યાય થવા માટે અવકાશ રહે છે. આથી જ અન્ય લોકોનાં અંતરમાં ડોકિયું કરવાની આવશ્યકતા છે.

બધાં પરંપરાગત બોધવચનો એક જ વાત કહે છે : ''તમે જેટલે અંશે તમારી જાતને ઓળખશો, તેટલે જ અંશે બીજાઓને સમજી શકશો.'' આપણા

પોતાના આંતરિક અનુભવો વિશે આપણે જેટલા સભાન બનીશું તેટલા જ અન્યના આંતરિક અનુભવોને પણ સમજવા શક્તિમાન બનીશું. આજે એમ કહેવાય છે કે માણસ સમાજમાં વસે છે. તેણે પોતાના પડોશી પર પ્રેમ રાખવો જોઈએ, અથવા કમ સે કમ તેના તરફ ખરાબ વર્તાવ તો ન જ કરવો જોઈએ. માણસમાં સહિષ્ણુતા, અનુકંપા, સમજદારી ખીલવી જોઈએ. પરંતુ જ્યાં સુધી તમે તમારી જાતને પ્રેમ નહીં કરો, ત્યાં સુધી પડોશીને પણ પ્રેમ નહીં કરી શકો. જ્યાં સુધી તમારી પોતાની જાતને નહીં સમજો, ત્યાં સુધી પડોશીને પણ નહીં સમજી શકો; આત્મ-જ્ઞાનના આધાર વિના તમારા પડોશી વિશેનું આંતરિક જ્ઞાન પણ નહીં મેળવી શકો. આધુનિક જગત આત્મજ્ઞાન તરફ ભારે દુર્લક્ષ સેવે છે. તેથી અન્ય લોકોના આંતરિક જગતમાં ખરેખર શું ચાલી રહ્યું છે તે જાણવા-સમજવા માટે એ સુસજ્જ નથી.

અસલ આત્મજ્ઞાન માટે કોઈ માણસ 'અંતરયાત્રા' આરંભે, રોજબરોજના જીવનની એકધારી જંજાળોમાંથી પોતાની જાતને ખેંચી લઈને યોગસાધના જેવું કાંઈક કરવા ઇચ્છે, તો તુરત લોકો કહેશે કે એ માણસ સ્વાર્થી છે, પલાયનવાદી છે, પોતાની સામાજિક જવાબદારીઓમાંથી ભાગી ગયો છે ! બીજી બાજુ દુનિયાની સમસ્યાઓ વધતી જાય છે. દરેક જણ એવો અફસોસ વ્યક્ત કરે છે કે આજે 'ડાહ્યા' માણસો જ ક્યાં છે, નિસ્વાર્થી નેતાઓ જ ક્યાં રહ્યા છે, વિશ્વાસપાત્ર માર્ગદર્શકો જ ક્યાં જડે છે ? જેમણે કદી કોઈ 'આંતરિક કાર્ય' જ નથી કર્યું, અથવા આ શબ્દોનો અર્થ પણ જેમને ખબર નથી, એવા લોકો પાસે આવા ઉચ્ચ ગુણોની અપેક્ષા રાખવી કેટલી વાજબી છે, એ જ મૂળમાં વિચારવા જેવું છે. એ બધા લોકો સુસભ્ય, શિષ્ટ, કાયદાનું પાલન કરનારા અને સારા નાગરિકો હોઈ શકે, પરંતુ ધર્મને તો આપણે દેશવટો આપ્યો છે. ધર્મની વાતોને જુનવાણી ગણીને હસી કાઢી છે. આમ, આપણને જાગૃત કરીને ખરેખરા માનવીય સ્તરે, આત્મ-સભાનતા, આત્મ-સંયમ અને આત્મજ્ઞાનના સ્તરે લઈ જવા માટેના તથા તે દ્વારા અન્ય લોકોને સમજવા તેમ જ જરૂર પડે એમને સહાયરૂપ થવા માટેના એક માત્ર પરિબળની, ધર્મના પરિબળની આપણે અવગણના કરી છે.

આત્મજ્ઞાનની સાધના માટે જે જે પદ્ધતિઓ શોધાઈ છે, તેમાં શારીરિક ક્રિયાઓ અને અવસ્થાઓના નિયમન ઉપર ખાસ ભાર મુકાયો છે, કેમકે વિચાર-પ્રક્રિયાના નિયમન માટે આ પહેલું પગલું છે. શારીરિક ક્ષોભ અનિવાર્યપણે માનસિક ક્ષોભ જન્માવે છે, અને એવી અવસ્થામાં આંતરિક જગતનું કોઈ નિરીક્ષણ શક્ય નથી, અંતરમાં જ્યારે પ્રગાઢ શાંતિ અને સ્વસ્થતા વ્યાપે છે, ત્યારે આત્મજ્ઞાન પાંગરે છે.

આજકાલ અવનવા ચૈતસિક અનુભવો વિશે ઘણી બધી વાતો થાય છે. પરંતુ તેમાં અધ્યાત્મ અને રહસ્યવાદ વચ્ચેનો ભેદ પારખવાની બિલકુલ અશક્તિ જણાય છે. રોજબરોજની કંટાળાજનક નીરસ જિંદગીમાં માણસને કાંઈ ને કાંઈ રોમાંચ જોઈએ છે. એટલે પછી તે ચમત્કારો અને હેરતભર્યા પ્રયોગો પાછળ દોડે છે. પરંતુ અધ્યાત્મના બધા જ સાધકોએ એવી સલાહ આપી છે કે એવા ચમત્કારિક અનુભવોમાં કદી અટવાઈ જવું નહીં. આંતરિક સાધના દરમ્યાન એવા અનુભવો લગભગ થશે જ, પણ સાધકે તે તરફ ઝાઝું ધ્યાન ન આપવું. પ્રકાશ દેખાશે, અનહદ સુખની લાગણી થશે, ઉલ્લાસનો ઉછાળો આવશે, માનસિક શાંતિનો અનુભવ થશે, વગેરે. પરંતુ ત્યાં અટકી જવાનું નથી. આત્મજ્ઞાનની સિદ્ધિ માટે તો હજી ઘણું આગળ ને આગળ વધવાનું છે. આ બધી આધિભૌતિક અવસ્થાઓને પાર કરીને જ અધ્યાત્મમાં પ્રવેશ થઈ શકશે.

આવી આંતરિક સાધના અથવા યોગની સાધના એ જગતના બધા જ ધર્મોનું મૂળ તત્ત્વ છે. તેને ધર્મનું 'પ્રાયોગિક માનસશાસ્ત્ર' પણ કહ્યું છે. ડૉ. ઇવાન્સ વાંઝે કહ્યું છે : ''પશ્ચિમનો માનવી શું બાહ્ય જગતના અભ્યાસમાં જ પોતાના જ્ઞાનની ઇતિશ્રી માનશે ? એ પોતાની જાતને નહીં ઓળખે ? પૂર્વનો ઋષિ આપણને માનવસ્વભાવના અગોચર પાસાની વૈજ્ઞાનિક સમજ કેળવવા માટેની પદ્ધતિ બતાવી શકે તેમ છે. કમનસીબે આપણાં પ્રાયોગિક વિજ્ઞાનો ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, શરીરશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, અર્થશાસ્ત્ર વગેરે સુધી જ મર્યાદિત છે. યોગને પશ્ચિમના લગભગ બધા વિજ્ઞાનીઓ દિવાસ્વપ્ન કહીને હસી કાઢે છે ! પરંતુ આવું બેહૂદું વલણ ઝાઝું ટકશે નહીં.''

યોગ પણ એક વિજ્ઞાન છે. તે બાહ્ય સૃષ્ટિનો નહીં પણ આંતરિક સૃષ્ટિનો અભ્યાસ કરે છે. પશ્ચિમના વિજ્ઞાનની જેમ માત્ર તેની જાણકારી પૂરતી નથી. શિસ્ત અને વ્યવસ્થિત સાધના કરીને જ કોઈ પણ માણસ યોગની વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરી શકે છે. આપણે અગાઉ જોયું તેમ અન્ય લોકોને સમજવા માટે પહેલાં તો આત્મજ્ઞાન જોઈએ. એવી જ રીતે વનસ્પતિ-સૃષ્ટિ અને પશુયોનિના આંતરિક જીવનને સમજવા માટે પણ કંઈક અંશે આત્મજ્ઞાન જરૂરી છે. જેમને ચમત્કારિક સિદ્ધિઓ નહીં, પણ ખરેખર પોતાનો આંતરિક વિકાસ સાધવો છે, એમણે એવા લોકોનાં જીવનનો અભ્યાસ કરવો જોઈએ, જેમણે પોતાની જાતને 'ઊર્ધ્વ મન'ના હવાલે સોંપી છે અને એ રીતે સ્થળ-કાળનાં બંધનોમાંથી મુક્તિ મેળવી છે. આવાં ઉદાહરણોની કોઈ કમી નથી.

આપણે તાજેતરના આવા ત્રણ કિસ્સાઓ પર નજર નાખીશું, જેમાં મનુષ્યની ઉચ્ચતર સંભાવનાઓની ઝલક જોવા મળે છે. આ કિસ્સાઓ આપણી નજર સામે બન્યા છતાં તેના વિશે 'સત્તાવાર' મૌન પાળવામાં આવે છે ! 'એન્સાઈક્લોપીડીઆ બ્રિટાનિકા'માં આમાંના બેનો તો ઉલ્લેખ સુધ્ધાં નથી, અને ત્રીજાનો સાવ અછડતો અને વિકૃત ઉલ્લેખ છે.

પ્રથમ કિસ્સો જેકબ લોર્બરનો છે. તે ઓસ્ટ્રીયામાં ૧૮૦૦માં જન્મેલો. ઓર્ગન, પિયાનો અને વાયોલિન વગાડવામાં તે પારંગત થયો, પણ ઠેઠ ૪૦ની વયે તેને આ કૌશલ્ય દાખવી શકે એવી નોકરીની તક મળી. એ પોતાનું ગામ છોડી નવી નોકરી સ્વીકારવા નીકળવાનો જ હતો, તેવામાં એણે પોતાની ભીતર એક ખૂબ સ્પષ્ટ અવાજ સાંભળ્યો. અંતરના એ અવાજે એને આદેશ આપ્યો : ''ઊઠ, કલમ લે, અને લખવા માંડ !'' ૧૫ માર્ચ ૧૮૪૦ના રોજ આ બન્યું. જેકબ ગામમાં જ રહી પડ્યો અને અંતરનો અવાજ જે લખાવે તે ૬૪ વરસની વયે પોતે મર્યો ત્યાં સુધી લખતો જ રહ્યો. આ ૨૪ વરસ દરમ્યાન એણે ૪૦૦ પાનાંનો એક એવા ૨૫ ગ્રંથો લખ્યા. એ મૂળ હસ્તપ્રતો આજેય મોજૂદ છે. એ એકધારું બિલકુલ સળંગ લખાણ છે, ભાગ્યે જ કોઈ સુધારા હશે. આ ૨૪ વરસ દરમ્યાન લેખનકાર્યમાં એ એટલો વ્યસ્ત હતો કે કમાવા માટે તેની પાસે સમય જ નહોતો. એના મિત્રો એનું ગુજરાન ચલાવતા.

આમાંના ૧૦ ગ્રંથો 'હું, ઈશુ ખ્રિસ્ત, બોલું છું' એમ પહેલા પુરુષ એકવચનમાં લખાયેલા છે. તેમાં આધુનિક માનસને સ્વીકાર્ય ન બને એવી કેટલીક અજાયબીભરી વાતો છે. પરંતુ ઉચ્ચ ડહાપણ અને અંતરસૂઝની પણ એવી થોકબંધ વાતો છે કે તેના જેવું પ્રભાવશાળી સાહિત્ય બીજે મળવું દુર્લભ છે. લોર્બરના ગ્રંથોમાં વૈજ્ઞાનિક બાબતો વિશેનાં પણ પુષ્કળ કથનો છે, જે એના જમાનાની વૈજ્ઞાનિક માન્યતાઓથી સાવ વિરુદ્ધ હોવા છતાં આધુનિક ભૌતિકશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રની નવી શોધોની આગાહી જેવાં હતાં. આ ગ્રંથોની સામગ્રીમાં જે વ્યાપ, ગહનતા અને ચોકસાઈ જોવા મળે છે, તે માટે કોઈ બુદ્ધિગમ્ય ખુલાસો નથી. જેકબ કહેતો કે આમાંનું કશું જ એના પોતાના મગજમાંથી નીપજ્યું નથી. અને તે વિશે એ પોતે પણ બીજાઓ જેટલી જ તાજ્જુબી અનુભવતો.

એનાથી લગભગ એકાદ સૈકા પહેલાં થઈ ગયેલ સ્વીડનબોર્ગ (૧૬૮૮-૧૭૭૨)નો કિસ્સો પણ ઘણી રીતે લોર્બરના જેવો જ છે. એના વિશે 'એન્સાઇકલોપીડીઆ બ્રિટાનિકા' નોંધે છે : ''સ્વીડન બોર્ગનું દર્શન અને ધાર્મિક વિચારો બાલ્ઝાક, બોદલેર, ઇમર્સન, યીટ્સ, સ્ટ્રાઈન્ડબર્ગ જેવા અનેક ખ્યાતનામ લેખકો માટે પ્રેરણાસ્રોત રૂપ હતા. એનાં લખાણોનો અનેક ભાષાઓમાં અનુવાદ થયો છે અને તેની અનેક આવૃત્તિઓ પ્રગટ થઈ છે.''

એમ તો જેકબ લોર્બરનાં લખાણોની પણ અનેક આવૃત્તિઓ થઈ છે અને ૧૦ લાખ કરતાંયે વધુ નકલો વેચાઈ છે. તેમ છતાં આધુનિક જગત એને 'સત્તાવાર' માન્યતા આપવા તૈયાર નથી. આધુનિક માનસની સંકીર્ણતા અને સંકુચિતતાનો આ દાખલો છે. લોર્બરનો કિસ્સો સહન કરી લેવા માટે બહુ નજીકનો ગણાય. તેને કાંઈ દૂરના ભૂતકાળની લોકકથા ગણાવી શકાય નહીં અને તેને સ્વીકારવાથી તો આધુનિક ભૌતિકવાદી વિજ્ઞાનનું આખુંયે તંત્ર જ ભાંગી પડે !

એડગર કેયસ (૧૮૭૭-૧૯૪૫)નો કિસ્સો હજીયે વધુ ધ્યાન ખેંચે તેવો છે. તે અમેરિકામાં થઈ ગયો. લાગલગાટ ૪૩ વરસ સુધી જુદા જુદા છ હજાર કરતાંયે વધારે લોકોના ચોક્કસ સવાલોના એણે એક પ્રકારની નિદ્રાવસ્થામાં જવાબો આપ્યા. એનાં આવાં કથનોનાં ૧૪ હજાર કરતાંયે વધારે સ્ટેનોગ્રાફિક રેકર્ડ આજે મોજૂદ

છે. આ બધી જ સામગ્રી તેના વિષયવાર ઇન્ડેક્ષ સાથે સારી રીતે સંઘરાઈને પડી છે. પરંતુ આધુનિક જગત માટે 'સત્તાવાર' રીતે એડગર કેયસનું અસ્તિત્વ જ નથી ! એન્સાઇકલોપીડીઆમાં એનો ઉલ્લેખ સુધ્ધાં નહીં જડે ! આપણી યુનિવર્સિટીઓમાં એનું નામ પણ નહીં લેવાય !

એડગરનું જીવન પણ જેકબની જેમ સાદાઈ ને ગરીબીમાં વીત્યું. પોતાને જે જબ્બર ખ્યાતિ મળી, તેનો એણે કદી લાભ લેવા કોશિશ કરી નહીં. પોતાની કુદરતી બક્ષિસને કારણે એના પર કામનો પુષ્કળ બોજ રહેતો. હજારો લોકો અનેકવિધ બીમારીની સારવાર માટે એની સલાહ માગતા. સેંકડો ને હજારો માઈલો દૂર વસતા સાવ અજાણ્યા માણસોની બીમારીનુંયે એ અમુક પ્રકારની ધ્યાનાવસ્થામાં મોટે ભાગે ચોક્કસ નિદાન કરી શકતો.

એડગરે કહ્યું છે : ''દેખીતી રીતે જ હું એવા જૂજ માણસોમાંનો એક છું, કે જેઓ પોતાના વ્યક્તિત્વને બાજુએ ખસેડી દઈ પોતાના અંતરાત્માનું જ્ઞાનના વિશ્વવ્યાપી સ્રોત સાથે અનુસંધાન સાધી શકે. કોઈ બડાશ હાંકવાની કામના વિના હું આ કહી રહ્યો છું. મને ખાતરી છે કે બધા જ માણસોમાં એમને ખબર હોય તેના કરતાં ઘણી વધારે મહાન શક્તિઓ રહેલી છે. સ્વાર્થથી વિમુક્ત થવાની તૈયારી હોય, તો આ શક્તિઓને ખીલવી શકાય. વરસમાં એકાદ વાર પણ તમે તમારા પોતાના વ્યક્તિત્વને બાજુએ ખસેડવા, તેમાંથી સંપૂર્ણપણે બહાર નીકળવા તૈયાર છો ખરા ?''

એડગર કેયસ કરતાંયે વધુ સમકાલીન કિસ્સો છે થેરેસા ન્યૂમેનનો. એ પશ્ચિમ જર્મનીમાં ૧૮૯૮ થી ૧૯૬૨ સુધી જીવી ગઈ. એના વિશેના દસ્તાવેજી પુરાવા અને નજરો-નજર જોયેલા અહેવાલો પણ જો આધારભૂત પુરાવા તરીકે ન સ્વીકારી શકાય, તો માણસ માટે જ્ઞાન મેળવવાનું જ અશક્ય થઈ પડે. ઘણું બધું થેરેસાના આંતરિક જીવન સાથે અને તેની અસામાન્ય બાહ્ય અભિવ્યક્તિઓ સાથે સાંકળી શકાય તેમ છે. પરંતુ સૌથી નોંધપાત્ર બાબત આ છે : એ એક ખડતલ, ખુશમિજાજી અને ભારે કોઠાસૂઝવાળી ખેડૂત મહિલા હતી. પાંત્રીસ વરસ સુધી એણે રોજ યુકારિસ્ટ પૂજાવિધિના ન્યૂન પ્રસાદ સિવાય બીજો કશો ખોરાક

કે પીણું લીધું નહોતું. આ કોઈ દૂર દૂરની લોકવાયકા નથી, આપણી નજર સામે જ બનેલી એક ઘટના છે, જેને અસંખ્ય લોકોએ નિહાળી છે અને જેનું સતત સંશોધન પણ થયા કર્યું છે.

જેકબ, એડગર અને થેરેસા અત્યંત ધાર્મિક વ્યક્તિઓ હતી. એ બધાં એમ કહેતાં થાકતાં નહોતાં કે એમનું બધું જ્ઞાન ને શક્તિ ઈશુ ખ્રિસ્ત પાસેથી આવતાં હતાં —એક એવી ઉચ્ચ કક્ષાએથી જેની સામે એમની પોતાની કક્ષાની કશી વિસાત નથી. આ મહામાનવીય સ્તરે તે દરેક જણ સામાન્ય માણસની કક્ષાએ પ્રવર્તતી મર્યાદાઓથી મુક્ત થઈ શક્યા હતા. આ બધા કિસ્સાઓ એક સત્ય સૂચવી જાય છે : આવી 'ઉચ્ચતર શક્તિઓ' માણસ દ્વારા કોઈ આક્રમણ ને આધિપત્યથી પ્રાપ્ત થઈ શકતી નથી. જ્યારે 'શક્તિ' માટેની ઝંખના સંપૂર્ણપણે શમી ગઈ હોય છે, અને તેનું સ્થાન એક પ્રકારની પરમ લગને લીધું હોય છે — જેને ઘણી વાર પ્રભુ માટેનો પ્રેમ કહે છે —ત્યારે આવી ઉચ્ચતર શક્તિઓ તમારામાં ઉમેરાય, કે ન પણ ઉમેરાય.

ખેર, આપણે કહેતા એમ હતા કે આપણા સુસંવાદી જીવન માટે અન્ય લોકોનાં આંતરિક જગતમાં શું ચાલી રહ્યું છે, તેનું જ્ઞાન મેળવવું જરૂરી છે. તે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે આપણી પાસે સીધો કોઈ માર્ગ છે નહીં. પોતાની ભીતરનું જ્ઞાન મેળવી શકાય, બીજાની ભીતરનું જ્ઞાન શી રીતે મેળવવું ? આપણે જોયું તેમ આત્મજ્ઞાન મારફત જ તે શક્ય બનશે. તેથી આત્મજ્ઞાનની ખોજમાં લાગેલો માણસ સમાજથી વિમુખ થઈ ગયો છે એમ માનવું ખોટું છે. તેને બદલે ઊલટાનું એમ બની શકે કે જે માણસ આત્મજ્ઞાન વિહોણો હોય, તે જ કદાચ સમાજ માટે ખતરારૂપ નીવડે; કેમકે બીજા લોકો જે કાંઈ કહેશે કે કરશે તે વિશે એ ગેરસમજ કર્યા કરશે અને પોતાના ઘણાખરા વર્તાવો વિશે સુખેથી બેધ્યાન રહેશે, કશી સભાનતા દાખવી નહીં શકે !

## ૭

# ભૌતિક વિજ્ઞાન અને તેની મર્યાદા

**આ**પણી આસપાસના દશ્યમાન જગત વિશેનું જ્ઞાન પણ આપણે મેળવવાનું છે. આ જ્ઞાન ઇન્દ્રિયગમ્ય છે. તેમાં અનુમાનો, ખ્યાલો, પૂર્વધારણાઓ માટે અવકાશ નથી. જે ઇન્દ્રિય-નિરીક્ષણથી ચકાસી શકાય તેવું ન હોય તે ન ખપે. તેમાં આપણો અભિગમ વસ્તુલક્ષી અને તટસ્થ હોય છે. લાગણીઓનો આમાં સવાલ નથી. આંતરિક અનુભવની આમાં વાત નથી. આ જ્ઞાન સંપૂર્ણપણે ઇન્દ્રિયગોચર જ્ઞાન છે. બધાં ભૌતિક વિજ્ઞાનો આ રીતે જ વિકસ્યાં છે. અને જ્યાં સુધી દશ્યમાન જગતનું બાહ્ય જ્ઞાન મેળવવાનો સવાલ છે ત્યાં સુધી આ અભિગમ બિલકુલ બરાબર છે. કેમકે આમાં આપણે જડ પદાર્થ સાથે કામ લેવાનું છે.

આપણે જાણીએ છીએ ત્યાં સુધી, નિર્જીવ જડ પદાર્થની કક્ષાએ આંતરિક જીવન જેવું કશું હોતું નથી. તેથી આ ક્ષેત્રમાં બાહ્ય નિરીક્ષણ-પરીક્ષણ પરથી જ જ્ઞાન મેળવવાનું છે. જે ઇન્દ્રિયગોચર ન હોય અને જે પ્રયોગશાળામાં ચકાસી શકાય તેમ ન હોય, તે બધું જ્ઞાનના આ ક્ષેત્રમાંથી બાકાત થઈ જશે. છેલ્લા ત્રણેક સૈકામાં આ રીતે ભૌતિક વિજ્ઞાનોએ ઘણી પ્રગતિ સાધી. તેને લીધે એમની કાર્યપદ્ધતિની બધે બોલબાલા રહી. એટલે સુધી મનાવા લાગ્યું કે આ પદ્ધતિ જ એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે, અને આ સિવાયનું કશું વૈજ્ઞાનિક ન ગણાય. આ રીતે મેળવેલું જ્ઞાન જ ખરું જ્ઞાન છે, અને જે પ્રયોગશાળામાં ચકાસી ન શકાય તે જ્ઞાન જ નથી. તેથી ભારપૂર્વક એમ કહેવાયું કે બધાં વિજ્ઞાનોએ ભૌતિક વિજ્ઞાનોની આ કાર્યપદ્ધતિને જ અનુસરવું જોઈએ.

પરંતુ સમજવાની વાત એ છે કે ભૌતિક વિજ્ઞાનોની આ કાર્યપદ્ધતિ માત્ર

જડ પદાર્થોને જ લાગુ પડે છે. આપણે અગાઉ જોયું તેમ ભિન્ન ભિન્ન યોનિઓ વચ્ચે વિવેક કરવો જ જોઈએ. પથ્થર અને માણસ વચ્ચે કોઈ ફરક જ ન માનીએ, તે કેમ ચાલે ? આંતરિક જ્ઞાનની વાતને જડ પદાર્થો પૂરતી કાઢી નાખીએ તે ઠીક છે. પરંતુ તેની ઉપરની કક્ષાએ તો બાહ્ય કરતાં આંતરિક જ્ઞાન જ વધુ મહત્ત્વનું બને. માટે આંતરિક અનુભવો વગેરેને અવૈજ્ઞાનિક ગણીને કાઢી નાખી શકાય નહીં. તેથી ઉપરની કક્ષાએ બાહ્ય કરણો કરતાં અંતઃકરણ વગેરેનું મહત્ત્વ વધારે છે.

જડ પદાર્થો સાથે આપણે પ્રયોગશાળામાં ગમે તેમ પ્રયોગ કરી શકીએ. નિર્જીવ છે એટલે તેનો નાશ થવાનો અથવા તેની આંતરિક અનુભૂતિમાં ખલેલ પહોંચવાનો સવાલ નથી. પરંતુ જીવન, સચેતનતા, આત્મ-સભાનતા સાથે આ રીતે પ્રયોગશાળામાં ગમે તેમ પ્રયોગ કરી શકાય નહીં. કાર્યકારણ સંબંધ અંગેના અફર નિયમો જેવા જડ પદાર્થની કક્ષાએ બાંધી શકાય તેવા ઉપરની કક્ષાએ બાંધી શકાય નહીં.

આ મુખ્ય વાત જ્યારે ભૂલી જવાય છે, અને બધાં વિજ્ઞાનોને ભૌતિકશાસ્ત્રના ઢાંચામાં જ ઢાળવાનો જ્યારે પ્રયત્ન થાય છે, ત્યારે અમુક ‘પ્રગતિ’ જરૂર સધાય છે. આનાથી એક પ્રકારનું જ્ઞાન ભેળું થાય છે. પરંતુ મોટે ભાગે આવું જ્ઞાન માણસની સમજશક્તિ માટે અંતરાયરૂપ બની રહે છે, અને એક અભિશાપ પણ બની જાય છે, જેમાંથી છૂટવું મુશ્કેલ બને છે. ઉચ્ચનું સ્થાન નિમ્ન કક્ષા લઈ લે છે.

ભૌતિકશાસ્ત્ર વગેરેને સૌથી વધુ વિકસિત અને સૌથી વધુ સફળ વિજ્ઞાન ગણવામાં આવે છે. તેની સરખામણીમાં જીવન-વિજ્ઞાનો, સમાજ-વિજ્ઞાનો, માનવ-વિજ્ઞાનો હજી ઓછાં વિકસિત છે એમ માનવામાં આવે છે, કેમકે તેમાં ભૌતિક-શાસ્ત્ર જેવા અફર નિયમો સાધી શકાયા નથી. ખરું જોતાં, અભ્યાસની વસ્તુ જેમ વધુ વિકસિત તેમ તેના વિશેનું વિજ્ઞાન ઓછું વિકસિત અને ઓછું અફર રહેવાનું. ખનીજના એક ગઠ્ઠા વિશે જેવું ચોક્કસ જ્ઞાન મેળવી શકાય તેવું જીવંત માનવ વિશે ન મેળવી શકાય. પણ તેમાં નવાઈ પામવા જેવું કશું નથી. ખનીજ વિશે કદાચ પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય, પરંતુ માનવ વિશેનું જ્ઞાન તો અનંત છે. જીવન, સચેતનતા, આત્મ-સભાનતા વિશેના વિજ્ઞાનમાં કદી પૂર્ણવિરામ આવી શકવાનું નહીં. એ નિરંતર વિકાસ પામતું જ રહેશે.

આટલી વસ્તુ ખ્યાલમાં રાખીને આપણે આપણી આસપાસના દશ્યમાન જગત વિશેનાં વિવિધ વિજ્ઞાનોનો વિકાસ કરવાનો છે. આ વિજ્ઞાનોને આપણે મુખ્ય બે વિભાગમાં વહેંચી શકીએ - (૧) વર્ણનાત્મક (૨) સૂચનાત્મક અથવા માહિતી-પ્રધાન. વર્ણનાત્મક વિજ્ઞાનો ખરેખર શું જોઈ શકાય છે કે અનુભવી શકાય છે તેનું મુખ્યત્વે વર્ણન કરે છે. સૂચનાત્મક વિજ્ઞાનો અમુક વસ્તુઓ કે તંત્રો કઈ રીતે કામ કરે છે અને તેના વડે કેવાં પરિણામો લાવી શકાશે તેની મુખ્યત્વે માહિતી પૂરી પાડે છે, સૂચના આપે છે. વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીવિજ્ઞાન એ વર્ણનાત્મક વિજ્ઞાનનાં ઉદાહરણ છે. ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર એ સૂચનાત્મક વિજ્ઞાનનાં ઉદાહરણ છે. આ બે પ્રકારનાં વિજ્ઞાનો વચ્ચેનો તફાવત મોટે ભાગે ખ્યાલમાં રાખવામાં આવતો નથી, અને તેથી કેટલીક અસ્પષ્ટતા રહે છે.

યથાર્થ વર્ણનમાં હું ખરેખર શું જોઉં છું તે રજૂ કરવાનું હોય છે. તેમાં વલણ એવું રહે છે કે મહત્ત્વનું એવું કશું બાકાત ન રહી જાય તેની બરાબર કાળજી રાખવી. અસરકારક સૂચનામાં અમુક પરિણામ મેળવવા મારે શું કરવું જોઈએ તેની રજૂઆત કરવાની હોય છે. તેમાં વલણ એવું રહે છે કે એકદમ જરૂરી ન હોય એવું બધું જ ચુસ્તપણે બાકાત રાખવું. આ રીતે જોઈએ તો વર્ણનાત્મક વિજ્ઞાન યથાશકય સમગ્ર સત્યને આંબવાનો પ્રયત્ન કરે છે, જ્યારે સૂચનાત્મક વિજ્ઞાન મુખ્યત્વે સત્યનાં એવાં જ પાસાં કે અંશ સાથે સંબંધ ધરાવે છે, જે જરૂરી ને ઉપયોગી હોય.

સૂચના ચોક્કસ, સ્પષ્ટ અને શંકા કે વિવાદથી પર હોય તો જ અસરકારક બની શકે, 'ઠીક ઠીક હુંફાળું થોડુંક પાણી લો,' એવી સૂચના બરાબર ન ગણાય. રસોઈ માટે ભલે તે ચાલે, પણ ચોક્કસ વિજ્ઞાન માટે ન ચાલે. પાણી ચોક્કસ કેટલી માત્રામાં અને કેટલા ઉષ્ણતામાનવાળું લેવું તે સ્પષ્ટ જણાવવું જોઈએ. દરેક માણસ પોતપોતાના વલણ મુજબ તેનું ભિન્ન ભિન્ન અર્થઘટન કરે તે ન ચાલે. તેથી સૂચનાત્મક વિજ્ઞાનમાં તર્કબુદ્ધિ અને ગણિત ઘણો આગળ પડતો ભાગ ભજવશે.

આ દિશામાં થયેલ પ્રગતિ દરમ્યાન એમ જોવા મળ્યું કે ભૌતિક ઘટનાઓમાં એક વિલક્ષણ અને આશ્ચર્યકારક ગણિતશાસ્ત્રીય સુવ્યવસ્થા રહેલી છે. પરિણામે,

કેટલાક પ્રબુદ્ધ આધુનિક ભૌતિકશાસ્ત્રીઓ ઓગણીસમી સદીના સ્થૂળ ભૌતિકવાદથી દૂર થઈને એક પારગામી વાસ્તવિકતા વિશે સભાન થયા છે. ઈશ્વરમાં બધા આધિપત્ય, સત્તા અને મહિમાનું આરોપણ કરતા પરંપરાગત ધર્મનો ભલે તેઓ સ્વીકાર ન કરતા હોય, તેમ છતાં આ બ્રહ્માંડની રચના અને વ્યવસ્થામાં ઉત્કૃષ્ટ કોટિનું ગણિતશાસ્ત્રીય કૌશલ્ય રહેલું છે, તે વાતનો સ્વીકાર કર્યા વિના તેઓ રહી શકતા નથી. આમ, પ્રાકૃતિક વિજ્ઞાન અને ધર્મ વચ્ચેની અત્યંત વિઘાતક ખાઈ પૂરવાની દિશામાં એક નોંધપાત્ર પગલું આ બાજુથી ભરાયું છે.

કેટલાક ભૌતિકશાસ્ત્રીઓ હવે ઈશ્વરની એક મહાન ગણિતશાસ્ત્રી તરીકે કલ્પના કરતા થયા છે. આમાં નવાઈ નથી. સૂચનાત્મક વિજ્ઞાન કેવળ સૃષ્ટિના નિર્જીવ પદાર્થો સાથે જ કામ પાડે છે. ગણિતશાસ્ત્ર છેવટે એક નિર્જીવ વસ્તુ છે. એની ઉચ્ચ કક્ષાએ ગણિતશાસ્ત્ર અવશ્ય એક ઉત્કૃષ્ટ પ્રકારનું સૌંદર્ય અને મનમોહક લાલિત્ય પ્રગટ કરે છે, જેને સત્યનો એક સંકેત પણ માની શકાય. છતાં એટલું નક્કી કે તેમાં જીવનની ઉષ્મા નથી, જિંદગીનો ધબકાર નથી. ભૌતિકશાસ્ત્ર તેમ જ અન્ય સૂચનાત્મક વિજ્ઞાનો આપણી આસપાસની વાસ્તવિકતાના કેવળ જીવનવિહોણા પાસા સુધી જ પોતાને સીમિત રાખે છે.

ખેર, જે મુખ્ય વાત સમજી રાખવા જેવી છે તે એ કે ભૌતિકશાસ્ત્ર તેમ જ અન્ય સૂચનાત્મક વિજ્ઞાનો સૃષ્ટિના કેવળ નિર્જીવ પાસા ઉપર જ આધારિત હોવાથી ફિલસૂફીની બાબતમાં તેઓ લગીરે મદદરૂપ થઈ શકે નહીં. આ 'જીવન' શું છે, તેનું શું પ્રયોજન છે, તેના વિશે આપણને માર્ગદર્શન કરાવવાનું કામ ફિલસૂફીનું છે. અને તેમાં આ વિજ્ઞાનોની ચાંચ ન ડૂબે. ઓગણીસમી સદીના ભૌતિકશાસ્ત્રે આપણને કહ્યું કે જીવન એક અકસ્માત છે, તેમાં ન કોઈ અર્થ છે, ન કોઈ હેતુ. વીસમી સદીના સર્વશ્રેષ્ઠ ભૌતિકશાસ્ત્રીઓ આ બધું પાછું ખેંચી લે છે અને આપણને કહે છે કે અમે તો કેવળ અમુક ચોક્કસ મર્યાદિત બાબતો જ હાથ ધરીએ છીએ, અને આ પ્રકારના જ્ઞાનમાંથી જીવનની ફિલસૂફી અંગે કોઈ સર્વસામાન્ય નિષ્કર્ષો કદાપિ તારવી શકાય નહીં, અને તારવવા જોઈએ પણ નહીં.

આમ, એ તો દિવા જેવું સ્પષ્ટ છે કે આપણો જીવન-વહેવાર કેમ ચલાવવો તે વિશે આ સૂચનાત્મક વિજ્ઞાનો કશું માર્ગદર્શન પૂરું પાડી શકે તેમ નથી. તેમ છતાં એ વિજ્ઞાનો જ આજે એમણે સર્જેલી ટેકનોલોજીઓ મારફત આપણાં જીવનોને ઘડે છે. ટેકનોલોજીનાં કેવાં ઇષ્ટ કે અનિષ્ટ પરિણામો આવે છે તેની એમને કશી પરવા નથી. એ વિજ્ઞાનોને તો નૈતિક અને અનૈતિક જેવો કશો ભેદ જ નથી. પરંતુ છેવટે વિજ્ઞાની વિના કોઈ પણ વિજ્ઞાન સંભવી શકે નહીં. અને ઇષ્ટ-અનિષ્ટનો પ્રશ્ન વિજ્ઞાનના કાર્યક્ષેત્રની બહારનો હોય તો પણ તે પ્રશ્ન કાંઈ વિજ્ઞાનીઓના કાર્યક્ષેત્રની બહારનો હોઈ શકે નહીં. એટલે આજે હવે આ વિજ્ઞાનો જો માનવીય અંકુશની બહાર રહેશે, જાણે લોકોએ ખેંચવાના ભારેખમ જગન્નાથના રથ જેવો રહેશે, તો તેમની સામે પ્રત્યાઘાત અને ઘૃણા જન્મશે.

એક દાવો એવો કરવામાં આવે છે કે 'વિજ્ઞાન' 'સત્ય' પ્રગટ કરે છે - એવું સત્ય કે જે ચોક્કસ છે, અફર છે અને 'વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલું' આધારભૂત જ્ઞાન છે. વિજ્ઞાનનો આવો અનન્ય સામર્થ્યનો દાવો તેને મનુષ્યની બીજી કોઈ પ્રવૃત્તિ કરતાં ઉચ્ચતર સ્થાન અપાવે છે. આ દાવા ઉપર જ 'વિજ્ઞાન'ની પ્રતિષ્ઠા બંધાઈ છે. પરંતુ આ દાવાને ઝીણવટથી તપાસવાની જરૂર છે.

સાબિતી એટલે શું ? આપણે જાતજાતના સિદ્ધાંતો અને પ્રતિપાદનોમાં માનતા હોઈએ છીએ. તેમાંનું કાંઈ પણ 'સાબિત' થઈ શકે છે ખરું ? 'તમે અમુક કરશો, તો તમને તમુક પરિણામ મળશે'—આવું કાંઈક સૂત્ર હોય, તો તે સાબિત થઈ શકે. જો તે કામ ન આપે, તો નકામું ગણાય, અને કામ આપે તો 'સાબિત' થયેલું ગણાય. આ વ્યવહારવાદ કે પરિણામવાદની ફિલસૂફી એમ કહે છે કે 'અમુક ખ્યાલ સત્ય છે, માટે તે કામ આપે છે' એમ કહેવું તર્કસંગત નથી. તેને બદલે તમારે એમ કહેવું જોઈએ કે 'અમુક ખ્યાલ કામ આપે છે, માટે તે સત્ય છે.'

આ ઉપરાંત જે સૂચના હોય તે પ્રસ્થાપિત વૈજ્ઞાનિક સિદ્ધાંતોના સંદર્ભમાં બુદ્ધિગમ્ય જોઈએ. તેમ ન હોય તો તે નકામી. સૂચનાત્મક વિજ્ઞાન આ રીતે બુદ્ધિગમ્ય ન હોય એવી ઘટનાઓમાં રસ નહીં લે, તેની ઉપેક્ષા જ કરશે. એવી ઘટનાઓ પ્રસ્થાપિત વૈજ્ઞાનિક સિદ્ધાંતોને પડકારે તે ન ચાલે. આપણે અગાઉ

જોયું તેમ સૂચનાત્મક વિજ્ઞાનો સમગ્ર સત્ય સાથે નહીં પણ સત્યનાં પોતાના માટે જરૂરી ને ઉપયોગી હોય એવાં જ પાસાં સાથે સંબંધ ધરાવે છે. એટલે તેની સાબિતીઓ અંગે પણ આ જ મર્યાદા રહેવાની. અમુક સાબિતી એટલું જ પ્રસ્થાપિત કરશે કે ફલાણું સૂત્ર કામ આપે છે. પરંતુ આનાથી કાંઈ એવું પ્રસ્થાપિત નથી થતું કે આના કરતાં જુદું બીજું કોઈ સૂત્ર પણ કામ નહીં આપે અથવા તો આના કરતાં સાવ જુદા જ વૈજ્ઞાનિક સિદ્ધાંતો ન હોઈ શકે. એ તો જાણીતી વાત છે કે કોપરનિકસ પૂર્વેનું ખગોળવિજ્ઞાન એવી ધારણા પર રચાયેલું કે સૂર્ય જ પૃથ્વીની આસપાસ ફરે છે, અને આ ધારણાના આધારે જ સૂર્યમાળાના ગ્રહોની ગતિ, સ્થાન વગેરે વિશે સિદ્ધાંતો રજૂ થયેલા. અને ખાસ્સા સમય સુધી આ સિદ્ધાંતોએ કોપરનિકસના સૂર્યકેન્દ્રી ધારણા પર આધારિત સિદ્ધાંતો કરતાંયે વધુ ચોક્કસ પરિણામો ઉપજાવેલાં ! તેથી આ વ્યવહારવાદ કે પરિણામવાદ પણ તીર ને તુક્કા જેવો છે.

વળી, આ બધી મર્યાદાઓ સાથેની સાબિતી પણ કેવળ સૂચનાત્મક વિજ્ઞાનોમાં જ સંભવે છે. વર્ણનાત્મક વિજ્ઞાનોમાં એવી સાબિતી આપી શકાતી નથી. તેમાં વર્ગીકરણ, ધ્યાનમાં આવેલા કેટલાક નિયમો, અનુમાન આધારિત કેટલાંક પ્રતિપાદનો, જુદા જુદા પ્રમાણમાં સત્યાભાસી જણાતા કેટલાક સિદ્ધાંતો વગેરે હોઈ શકે, પણ ચોક્કસ સાબિતી જેવું તેમાં કદાપિ શક્ય બને નહીં. જે કાંઈ આપણે પોતે આપણા ચિત્ત વડે કે હાથ વડે કરી શકીએ, તે જ સાબિત થઈ શકે. આપણા ચિત્ત વડે આપણે ભૂમિતિ, ગણિત, તર્ક કરી શકીએ, અને તેથી તે બાબતોમાં કામ આપે એવી સૂચનાઓ પ્રસ્થાપિત થઈ શકે અને એ રીતે તેની સાબિતી મળી શકે. એવી જ રીતે જડ પદાર્થ સાથે કામ પાડીને આપણે આપણા હાથ વડે જાતજાતની પ્રક્રિયાઓ કરી શકીએ. તેથી તે બાબતોમાં પણ કામ આપે એવી સૂચનાઓ પ્રસ્થાપિત થઈ શકે, અને એ રીતે તેની સાબિત મળી શકે. પરંતુ વર્ણનાત્મક વિજ્ઞાનોમાં આ બધું શક્ય ન બને.

માટે સમજવાની વાત એ છે કે આ પ્રકારની કાર્યપદ્ધતિ, સાબિતી વગેરે સૂચનાત્મક વિજ્ઞાનોને જ લાગુ પડે છે. અને આ પ્રકારનો વ્યવહારવાદ ને પરિણામવાદ

એમને માટે યોગ્ય પણ છે. બુદ્ધિગમ્યતાનો આગ્રહ પણ એમની બાબતમાં ઉચિત છે. પરંતુ આ બધું સૂચનાત્મક વિજ્ઞાનો પૂરતું જ. અન્ય વિજ્ઞાનોને આની આ કાર્યપદ્ધતિ લાગુ પડતી નથી. પરંતુ માત્ર આ જ કાર્યપદ્ધતિ વૈજ્ઞાનિક છે અને આ સિવાયની બીજી કોઈ કાર્યપદ્ધતિ વૈજ્ઞાનિક હોઈ જ ન શકે, એવી એક ખોટી માન્યતા રૂઢ થઈ ગઈ છે, અને તેને લીધે પુષ્કળ મુશ્કેલી ઊભી થાય છે. તેથી આ ખોટી માન્યતાને હવે તિલાંજલી અપાવી જોઈએ, અને આ ભૌતિક વિજ્ઞાનોની કાર્યપદ્ધતિ કરતાં જુદી એવી અન્ય વૈજ્ઞાનિક કાર્યપદ્ધતિઓ, સાબિતીઓ વગેરે પણ હોઈ શકે એ તથ્યનો સ્વીકાર થવો જોઈએ.

## ૮

# ઉત્ક્રાંતિવાદ : વિજ્ઞાન કે તૂત ?

વર્ણનાત્મક વિજ્ઞાનોનું કામ છે વર્ણન કરવાનું. આ ક્ષેત્રના વિજ્ઞાનીઓ જાણે છે કે જગત અનેક અજાયબીઓથી ભરેલું છે. તે જોતાં માણસની યોજનાઓ, શાસ્ત્રો, નકશાઓ વગેરે તો બચ્ચાંની જેમ ફાંફાં મારવા જેવું લાગે છે. આને લીધે એમનામાં વૈજ્ઞાનિક વિનમ્રતાનું વલણ જન્મે છે. 'પ્રકૃતિના સ્વામી કે માલિક' થઈ બેસવાની હુંફાદ એમનામાં સંભવી શકતી નથી.

યથાર્થ વર્ણન ચોક્કસ હોવું જોઈએ તથા મનુષ્યના ચિત્ત દ્વારા સમજી શકાય તેવું હોવું જોઈએ. પાર વિનાની હકીકતોનો સંગ્રહ કરી દેવાથી તે સમજી શકાય નહીં. તેથી તે બધી હકીકતોનું વર્ગીકરણ કરવું પડે, તેમાંથી કેટલાંક સર્વસામાન્ય તારણો કાઢવાં પડે અને કેટલુંક સ્પષ્ટીકરણ કરવું પડે કે જેથી એ બધી હકીકતો એકમેક સાથે કેવી રીતે સંકળાયેલી છે તેનો ખ્યાલ આવે. આવા સિદ્ધાંતો કે પ્રતિપાદનોને કદાપિ 'વૈજ્ઞાનિક રીતે સાબિત' કરી શકાય નહીં. અને સિદ્ધાંત જેટલો વધુ વ્યાપક તેટલો તેમાં માનવું એ વધુ શ્રદ્ધાનો વિષય બની રહે છે.

આવાં વર્ણનાત્મક વિજ્ઞાનો બે પ્રકારનાં છે : (૧) પોતે જેનું વર્ણન કરે છે તેમાં બુદ્ધિ કે અર્થ જુએ છે. (૨) પોતે જેનું વર્ણન કરે છે તેમાં નર્યો અકસ્માત ને અનિવાર્યતા જુએ છે. સ્વાભાવિક છે કે બુદ્ધિ કે અર્થ અથવા અકસ્માત ને અનિવાર્યતામાંનું કશું જોઈ શકાય એવું કે ઇન્દ્રિયો દ્વારા અનુભવી શકાય એવું નથી. માત્ર કેટલાક સંકેતો જ મેળવી શકાય છે, અને સંકેતોના નિરીક્ષણ પરથી એમને ઓછુંવત્તું મહત્ત્વ આપીને કંઈક અર્થઘટન થઈ શકે છે. આ બધું નિરીક્ષણ કરનાર ઉપર નિર્ભર રહે છે. તેથી સંકેતોનો જે કાંઈ અર્થ ઘટાવીએ તે આખરે એક શ્રદ્ધાનો

વિષય જ બની રહે છે. જેને આપણે વૈજ્ઞાનિક સાબિતી કહીએ છીએ તેના પર તે નિર્ભર નથી, પણ માણસની વિવેકબુદ્ધિ પર નિર્ભર છે. આ વિવેકબુદ્ધિ એ નરી તર્કબુદ્ધિને પાર કરી જતી માનવ-ચિત્તની આગવી શક્તિ છે.

આ વાતને ઉત્ક્રાંતિના સિદ્ધાંતના સંદર્ભમાં તપાસી જવા જેવી છે. આધુનિક યુગમાં ઉત્ક્રાંતિનો સિદ્ધાંત સૌથી વધુ પ્રભાવકારી રહ્યો છે. ઉત્ક્રાંતિનો સિદ્ધાંત દેખીતી રીતે જ વર્ણનાત્મક વિજ્ઞાનની કક્ષાનો છે. તેથી સવાલ એ ઊઠે છે કે 'તે વર્ણન શાનું કરે છે ?'

ભૂતકાળમાં પૃથ્વી પર જુદી જુદી વનસ્પતિ અને પ્રાણીઓની જે જાતિઓ થઈ ગઈ, તેમના બંધારણમાં ફેરફારો થતા રહ્યા છે. પૃથ્વીના પોપડામાંથી મળી આવેલા અશ્મિલ અવશેષો પરથી આની પૂરતી સાબિતી મળી છે, તથા કિરણોત્સર્ગી કસોટી દ્વારા આ ફેરફારોના સમયને ઘણી ચોક્કસ રીતે ઐતિહાસિક કાળક્રમમાં પણ મૂકી શકાયા છે. આમ, નિરીક્ષણોના તારણરૂપ કથન તરીકે ઉત્ક્રાંતિને નિઃશંક એક સ્થાપિત સિદ્ધાંત કહી શકાય.

પરંતુ ઉત્ક્રાંતિવાદ એ સાવ જુદી વસ્તુ છે. તે માત્ર જીવનશાસ્ત્રીય ફેરફારોના પદ્ધતિસરના વર્ણનથી જ સંતોષ નથી માનતો, પણ સૂચનાત્મક વિજ્ઞાનની માફક આ ફેરફારો માટેની સાબિતી અને ખુલાસા પૂરા પાડવાનોયે દાવો કરે છે. આ એક ભારે મોટી તાત્ત્વિક ભૂલ છે, અને તેનાં ભારે ખતરનાક પરિણામો આવ્યાં છે.

આપણને એમ કહેવામાં આવે છે કે ''ડાર્વિને બે વસ્તુ કરી : એણે એમ બતાવી દીધું કે ઉત્ક્રાંતિનો સિદ્ધાંત સર્જન વિશેની ધર્મગ્રંથોની દંતકથાઓને ખોટી પાડે છે. ઉપરાંત તેણે એમ પણ બતાવી દીધું કે નૈસર્ગિક પસંદગી દ્વારા ઉત્ક્રાંતિ આપોઆપ થતી રહે છે, અને તેમાં દૈવી માર્ગદર્શન કે યોજના માટે કશો અવકાશ નથી.'' હવે વાસ્તવમાં સર્જન, દૈવી માર્ગદર્શન, દૈવી યોજના છે કે નહીં તેનો નિર્ણય કરવાનું કામ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક નિરીક્ષણના ક્ષેત્રની બહારનું છે. વનસ્પતિ કે પ્રાણીને ઉછેરનાર કોઈ પણ માણસ જાણે છે કે સારી જાત ને ઓલાદની પસંદગી દ્વારા ફેરફારો આણી શકાય છે. તેથી નૈસર્ગિક પસંદગી ઉત્ક્રાંતિના ફેરફાર માટે એક માધ્યમ બન્યું, એમ કહેવું વૈજ્ઞાનિક રીતે સાચું છે. પરંતુ તેટલા પરથી એવો દાવો

કરવો કે ''ઉત્ક્રાંતિ આપોઆપ જ થઈ અને તેમાં દૈવી માર્ગદર્શન કે યોજના માટે કશો અવકાશ નહોતો'' એ તો બિલકુલ વાહિયાત છે. કોઈ એમ સાબિત કરી શકે કે લોકોને રસ્તા પરથી પૈસા જડી રહે છે. પરંતુ આટલા પરથી એવું અનુમાન તો ન બાંધી લેવાય ને કે બધી આવકો આવી જ રીતે પ્રાપ્ત થાય છે ?

ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત સામાન્ય રીતે એવી રીતે રજૂ કરવામાં આવે છે કે જે વૈજ્ઞાનિક ઇમાનદારીનો દ્રોહ કરે. એ પ્રારંભ તો કરે છે જીવસૃષ્ટિમાં થયેલ ફેરફારો અંગે ખુલાસો કરવાથી. પરંતુ પછી એકાએક એ એવો દાવો કરે છે કે ચેતના, અને આત્મ-સભાનતા, ભાષા અને સામાજિક સંસ્થાઓનો કેમ વિકાસ થયો એટલું નહીં, જીવનનો ઉદ્‌ભવ કેમ થયો એ બધું પણ પોતે સમજાવી શકે છે. અટકળો અને કપોળકલ્પનાને છૂટો દોર આપી દેવામાં આવે છે. દરેકે દરેક વાતને ઉત્ક્રાંતિવાદ દ્વારા ગમે તે રીતે સમજાવી દઈ શકાય ! જરીક જેટલી સંભાવનાને પણ વૈજ્ઞાનિક સાબિતી તરીકે માની લેવામાં આવે છે ! બસ, આમ બન્યું જ છે : ''હાઈડ્રોજન, ધુમ્મસ, એમોનિયા અને મીથેનના વાતાવરણ ઉપર વિદ્યુત અને અલ્ટ્રાવાયોલેટ પ્રકાશની પ્રક્રિયાને લીધે અસંખ્ય સજીવ, સંયોજનો ઊભાં થયાં.''

બસ, આના આધારે આપણને એમ માની લેવાનું કહેવામાં આવે છે કે એકાએક સાવ આકસ્મિક રીતે જ જીવંત વસ્તુઓ અસ્તિત્વમાં આવી. એક વાર અસ્તિત્વમાં આવી પછી ચારેકોરની અરાજકતા વચ્ચે પોતાનું અસ્તિત્વ સાચવી શકી : ''એવું અનુમાન કરવું ખોટું નહીં ગણાય કે જીવનનો ઉદ્‌ભવ સજીવ સંયોજનોના પ્રવાહી સૂપમાં થયો. પછી અંતસ્ત્વચા અને કોષો રચાયા. એ રીતે સજીવ, સેન્દ્રિય જીવ અસ્તિત્વમાં આવ્યા. સજીવ ઉત્ક્રાંતિનું આ પ્રારંભબિંદુ ગણાય છે.''

બોલો, કહેવું છે તમારે કાંઈ ? સંયોજનો અને અંતસ્ત્વચા અને કોષો.... અને એક વાર કોષ જન્મ્યો પછી તેમાંથી શેક્સપીઅરને ઊભો થતાં કોણ અટકાવી શકે ? હા, તેને માટે થોડોક સમય જોઈએ એટલું જ ! માટે ચમત્કારોની વાત કરવાની કોઈ જરૂર નથી —અથવા આપણા અજ્ઞાનનો સ્વીકાર કરવાની કોઈ જરૂર નથી. આપણા જમાનાનો આ એક સૌથી મોટો વિરોધાભાસ છે કે પોતાને

ગૌરવભેર 'વિજ્ઞાની' કહેવડાવનારા લોકો આવી શિસ્તવિહોણી અને બેલગામ અટકળોને વૈજ્ઞાનિક તથ્ય તરીકે રજૂ કરવાની હિંમત કરે છે — અને છતાં એમનું ડીંડવાણું વિજ્ઞાનના નામે હાંકે રખાય છે !

મહાન મનોચિકિત્સક કાર્લ સ્ટર્ને આ વિશે કહ્યું છે : ''આ લોકો કહે છે કે નૈસર્ગિક પસંદગીની પ્રક્રિયાઓ મારફત છેવટે એક એવો જીવ અસ્તિત્વમાં આવ્યો જે દ્વેષને બદલે પ્રેમ તથા અન્યાયને બદલે ન્યાય અપનાવી શકે છે, દાંતે જેવી કવિતા લખી શકે છે, મોઝાર્ટ જેવું સંગીત રચી શકે છે, અને લીઓનાર્દો જેવી ચિત્રકળા સરજી શકે છે. અલબત્ત, સૃષ્ટિની ઉત્પત્તિ અંગેનો આ દૃષ્ટિકોણ તરંગી છે. અને તરંગી એટલે ધૂની એવા અર્થમાં હું આ નથી કહેતો, પણ માનસિક બીમારીના અર્થમાં કહું છું. આ પ્રકારનો દૃષ્ટિકોણ સ્કીઝોફ્રેનીઆજન્ય ચિંતનના કેટલાક અંશોને મળતો આવે છે.''

અને છતાં વાસ્તવિકતા એ છે કે આવા પ્રકારનું ચિંતન આજે વિજ્ઞાનના નામે પ્રસ્થાપિત થયેલું છે અને દુનિયાભરનાં બાળકોનાં મગજમાં આ જ ભૂસું ભરવામાં આવે છે. ૧૯૭૭માં જોહ્ન વોટસન નામના એક શિક્ષકને ઉત્ક્રાંતિવાદને બદલે સૃષ્ટિની ઉત્પત્તિની બાઇબલની કથા શીખવવા બદલ શાળામાંથી બરતરફ કરવામાં આવ્યો ! બસ, બધે ઉત્ક્રાંતિવાદની જ આણ પ્રવર્તવી જોઈએ —આ સમસ્ત સૃષ્ટિ અને માનવજાત નરી આકસ્મિક ઘટનાથી વિશેષ બીજું કશું નથી. માનવજીવનનો અને સૃષ્ટિનો ન કોઈ અર્થ છે, ન કોઈ હેતુ કે પ્રયોજન છે કે ન કોઈ તેની પાછળ બુદ્ધિપૂર્વકની યોજના છે !

ખરું જોતાં આ પ્રકારના ઉત્ક્રાંતિવાદ પાછળ વિજ્ઞાનનો કોઈ આધાર નથી. આજે તો ઘણા ખ્યાતનામ વિજ્ઞાનીઓએ આની સામે અવાજ ઉઠાવ્યો છે અને બિલકુલ વૈજ્ઞાનિક કારણોસર જ ઉત્ક્રાંતિવાદનો ઇન્કાર કર્યો છે. ઉત્ક્રાંતિવાદ કોઈ વિજ્ઞાન નથી, બલ્કે વિજ્ઞાનવાર્તા છે, એક પ્રકારનું તૂત છે. એ તૂત એટલું સફળ થયું છે કે તેણે આધુનિક માનવીને 'વિજ્ઞાન' અને 'ધર્મ' વચ્ચેના જાણે કોઈ કદી ન ઉકેલી શકાય એવા સંઘર્ષમાં જકડી લીધો છે. માનવજાતને ઉન્નતિ માટે પ્રેરતી તમામ શ્રદ્ધાઓનો તેણે નાશ કર્યો છે, અને તેની જગ્યાએ એક એવી શ્રદ્ધા મૂકી

છે જે માનવજાતને પતન તરફ ખેંચી રહી છે. બધી જ વસ્તુને સ્પર્ધાત્મક જીવન-સંઘર્ષ અને નૈસર્ગિક પસંદગીના સિદ્ધાંત મારફત સમજાવવાનો દાવો કરનાર ઉત્ક્રાંતિવાદ એ ઓગણીસમી સદીના ભૌતિક ઉપયોગિતાવાદની સૌથી આત્યંતિક પેદાશ છે. વીસમી સદીનું ચિંતન પણ હજી આ જુઠાણામાંથી પોતાને મુક્ત નથી કરી શક્યું, એ એક એવી નિષ્ફળતા છે જે કદાચ પશ્ચિમની સંસ્કૃતિનો નાશ નોતરશે. કેમ કે સુખ-સગવડ અને હયાતીના ઉપયોગિતાવાદથી ઉપરવટ એવાં મૂલ્યો, અર્થો અને ઉદ્દેશોમાં શ્રદ્ધા ન હોય, એટલે કે એક ધાર્મિક શ્રદ્ધા ન હોય, તો કોઈ પણ સંસ્કૃતિ ટકી શકતી નથી.

સમજવાની વાત એ છે કે ભૌતિક વિજ્ઞાનોના આધારે જીવન માટે કોઈ યથાર્થ શ્રદ્ધા જન્મી શકે નહીં. એ વિજ્ઞાનો કેવળ દશ્યમાન જગત વિશેનું નિરીક્ષણ જ રજૂ કરે છે. અને તેમ છતાં એ વિજ્ઞાનોમાં પણ આજે જે નવનવી પ્રગતિ થઈ છે, તે ઓગણીસમી સદીના ભૌતિક ઉપયોગિતાવાદને સાવ નિરર્થક સાબિત કરી રહી છે. હેરલ્ડ બર યેલ યુનિવર્સિટીમાં શરીરરચનાશાસ્ત્રના પ્રાધ્યાપક છે. ચાલીસેક વરસ સુધી એમનું સંશોધન ચાલ્યું. વિષય હતો, નિર્જીવ સામગ્રીને સજીવમાં પ્રયોજનાર અને ટકાવી રાખનાર અગમ્ય તત્ત્વની ખોજ. પ્રા૦ બરનું કહેવું છે કે -

''માણસ —હકીકતે તમામ સજીવ સ્વરૂપો — વિદ્યુત-ગતિશીલ (electrodynamic) ક્ષેત્રો દ્વારા સંચાલિત અને નિયંત્રિત હોય છે. આ ક્ષેત્રોનું ચોકસાઈથી માપન અને આલેખન થઈ શકે છે. આ ઊર્જાક્ષેત્રો ઘણાં જટિલ છે. તેમ છતાં આધુનિક ભૌતિકશાસ્ત્રને જાણીતાં એવાં અન્ય સરળ ક્ષેત્રોના જેવું જ એમનું સ્વરૂપ છે, અને એવા જ નિયમોને એ અનુસરે છે. ભૌતિકશાસ્ત્રનાં ક્ષેત્રોની જેમ આ ઊર્જાક્ષેત્રો પણ વિશ્વરચનાના ભાગ રૂપ છે અને અવકાશનાં વિપુલ પરિબળોથી પ્રભાવિત છે. હજારો પ્રયોગોથી એમ જાણવા મળ્યું છે કે તેઓ સંચાલનના અને દિશા-દર્શનના ગુણધર્મો પણ ધરાવે છે. હવે, સંચાલન અને દિશા-દર્શન અકસ્માત કરતાં સાવ જુદાં છે, અને અમુક હેતુ સૂચવે છે. આમ, જીવનનાં ઊર્જાક્ષેત્રો વિજાણુયુકત ઉપકરણ પર આલેખન પામેલો સ્પષ્ટ

પુરાવો રજૂ કરે છે કે માનવજીવન એ કોઈ આકસ્મિક ઘટના નથી. ઊલટું, મનુષ્ય બ્રહ્માંડનો એક અવિભાજ્ય ભાગ છે. બ્રહ્માંડનાં વિવિધ ઊર્જાક્ષેત્રોમાં એ સંકળાયેલો છે. બ્રહ્માંડના અચળ નિયમોને એ આધીન છે. બ્રહ્માંડની નિયતિ અને હેતુમાં મનુષ્ય પણ એક હિસ્સેદાર છે.''

આ રીતે જીવન એ અટપટા રાસાયણિક સંયોજનથી વિશેષ બીજું કશું નથી, એ વાત નેસ્તનાબૂદ થાય છે. અલબત્ત, જીવનનું રહસ્ય હજી ખોળવું પડશે. પરંતુ ઉત્ક્રાંતિવાદ, ભૌતિકવાદ, ઉપયોગિતાવાદ આજ સુધી ઊંચા સિંહાસને આરૂઢ થઈને બેઠેલાં ત્યાંથી તેમને ઉઠાડી મૂકવાનું કામ સાચી દિશાનું એક મોટું પગલું છે.

# ૯

# જીવન એક પાઠશાળા

**મા**ણસે પોતાની આસપાસની જુદી જુદી પરિસ્થિતિ સાથે તાલ મેળવતાં-મેળવતાં જીવવાનું છે. કેટલીક વાર કપરા સંજોગોમાંથીયે માર્ગ કાઢીને ચાલવાનું છે. આને લીધે તેની સામે અનેકવિધ સવાલો ઊઠતા રહે છે. એમ કહી શકાય કે જીવવું એટલે સવાલો સાથે ઝૂઝવું.

આ સવાલોના ઉકેલ ન જડે તો માણસને તેનો ભારે અજંપો રહે છે. તેથી માણસ આ સવાલોના ઉકેલ શોધવાની કાયમ મથામણ કરતો રહ્યો છે. છેલ્લા સૈકાઓમાં ભૌતિક વિજ્ઞાનોએ જે હરણફાળ ભરી, તેમાં અનેક સવાલોના ઉકેલ શોધાયા. તેથી એમ મનાવા લાગ્યું છે કે આ રીતે જોખ-માપ, નિરીક્ષણની પ્રયોગશાળાની પદ્ધતિએ આપણે બધા જ સવાલોના ઉકેલ શોધી કાઢીશું. અનેક વિજ્ઞાનીઓ અને બીજાઓ આવી રીતે ઉકેલ શોધવામાં પડ્યા છે. આપણી સંસ્કૃતિમાં હવે મોટા ભાગના લોકો આ બ્રહ્માંડની અજાયબીઓ વિશે ચિંતન કરવામાં અથવા આત્મજ્ઞાન મેળવવામાં પોતાનો સમય વેડફતા નથી. તેઓ 'સવાલો ઉકેલવામાં' પડ્યા છે.

પરંતુ શું બધા જ સવાલો ઉકેલી શકાય તેવા હોય છે ? સવાલ-સવાલના સ્વરૂપમાંયે ફરક છે. દા૰ત૰ આપણી સામે એક સવાલ આવ્યો કે બે પૈડાંવાળું મનુષ્યબળથી ચાલે એવું વાહન કેમ બનાવવું ? ઘણી શોધો થઈ, પ્રયોગો થયા, ઉકેલ રજૂ થયા. છેવટે એમ ફલિત થયું કે આનો ઉકેલ છે —સાઇકલ. હવે આ બાબત ઝાઝું વિચારવાનું કે ખોજ કરવાનું રહેતું નથી. આ એક લગભગ કાયમનો ઉકેલ જડી ગયો.

આ પ્રકારના સવાલોનું સ્વરૂપ એવું હોય છે કે તેના જવાબો એકમેકથી સાવ ભિન્ન હોય એવા નથી હોતા. એ બધા જવાબો લગભગ એકરૂપ હોય છે, એકબીજા સાથે સુસંવાદી હોય છે, સમાનધર્મી હોય છે, એક જ દિશામાં જનારા, કોઈ એક કેન્દ્ર તરફ જનારા હોય છે. આવા સવાલોને હું (convergent) કેન્દ્રગામી, સુસંવાદી સવાલો કહીશ. આવા સવાલોના ઉકેલ વહેલામોડા આવી શકશે. હજી સુધી નહીં શોધાયા હોય તો હવે શોધાશે. જરૂર છે માત્ર વધુ સમયની, સંશોધન ને વિકાસ માટે વધુ નાણાંની, અને કદાચ વધુ બુદ્ધિ-પ્રતિભાની.

પરંતુ બીજા કેટલાક સવાલો એવા છે જેના જવાબો એકરૂપ નહીં પણ સાવ જુદી જુદી દિશામાં જતા હોય છે, વિરોધાભાસી જણાય છે. એવા સવાલના અભ્યાસ પરથી ઘણા સમર્થ લોકો પણ એકબીજાથી સાવ ભિન્ન, અને ક્યારેક તો બિલકુલ વિરોધી જવાબો પર પહોંચે છે. દાખલા તરીકે શિક્ષણનો સવાલ લઈએ. આપણાં બાળકોને કેવી રીતે શિક્ષણ આપવું ? તો આ વિશે એકસરખા બુદ્ધિશાળી માણસો પણ આપણને ભિન્ન ભિન્ન સલાહ આપે છે.

કેટલાક સ્પષ્ટ અંતઃસ્ફુરણાને આધારે કહે છે : શિક્ષણ એ વર્તમાન સંસ્કૃતિને આગામી પેઢી સુધી પહોંચાડવાની પ્રક્રિયા છે. જેમની પાસે જ્ઞાન અને અનુભવ છે, તેઓ 'શીખવે' છે, તથા જેમની પાસે હજી જ્ઞાન અને અનુભવ નથી, તેઓ 'શીખે' છે. આ સાવ સીધી, સાદી, તર્કયુક્ત વાત છે. તેથી શિક્ષણ માટે શિક્ષકોનો અધિકાર જોઈએ. અને વિદ્યાર્થીઓની શિસ્ત તેમ જ આજ્ઞાંકિતતા જોઈએ.

આ જ સવાલનો કાળજીપૂર્વક અભ્યાસ કરનારા બીજા કેટલાક કહે છે : શિક્ષણ એટલે બીજું કાંઈ નહીં, પણ 'અનુકૂળતા' કરી આપવી. કેળવણીકાર એક સારા માળી જેવો છે. તે સારી, તંદુરસ્ત, ફળદ્રુપ જમીન પૂરી પાડે છે. જેમાં કુમળો છોડ મજબૂત મૂળિયાં નાખી શકે અને પછી પોતાને જોઈતાં પોષણ-તત્ત્વો મેળવી શકે. એ છોડ પોતાની ઢબે વિકસશે. તેથી શિક્ષણ માટે શિસ્ત ને આજ્ઞાંકિતતાની નહીં પણ સ્વતંત્રતાની —શક્ય તેટલી વધુમાં વધુ સ્વતંત્રતાની જરૂર છે.

જો પહેલા સલાહકારોને સાચા માનીએ, તો શિસ્ત ને આજ્ઞાંકિતતા એક સારી વસ્તુ છે. અને શુદ્ધ તર્ક આપણને કહેશે કે જે સારું હોય, તે વધુ માત્રામાં

વળી વધુ સારું. અને એ જ તર્ક આપણને ત્યાં સુધી પહોંચાડશે કે સંપૂર્ણ શિસ્ત અને સંપૂર્ણ આજ્ઞાંકિતતા શ્રેષ્ઠ વસ્તુ છે. પરિણામે, નિશાળ એક કેદખાનું બની રહેશે.

અને જો બીજા સલાહકારોને સાચા માનીએ, તો શિક્ષણમાં સ્વતંત્રતા એક સારી વસ્તુ છે, અને સંપૂર્ણ સ્વતંત્રતા શ્રેષ્ઠ. પરિણામે નિશાળ એક જંગલ, એક પ્રકારનું સ્વૈરવિહારી પાગલખાનું બની રહેશે.

સ્વતંત્રતા અને શિસ્ત/આજ્ઞાંકિતતા બે પરસ્પર વિરોધી દ્વંદ્વ છે. તેમાં સમાધાન શક્ય નથી. આ લો કે પેલું લો. 'મન ફાવે તેમ કરો,' અથવા 'હું કહું તેમ કરો.'

આમાં તર્ક આપણને મદદ નહીં કરી શકે. કેમ કે તર્કનો એવો આગ્રહ છે કે બે પરસ્પરવિરોધી વસ્તુ એકીસાથે સાચી ન હોઈ શકે. તર્ક એમ પણ કહે છે કે કોઈ વસ્તુ સારી હોય, તો વધુ માત્રામાં તે વધુ સારી.

જેને હું બીજા પ્રકારના સવાલો કહું છું તેનું સ્વરૂપ આવું છે. તેને હું (divergent) વિસંવાદી, દ્વંદ્વાત્મક સવાલો કહીશ. તેમાં તર્ક કામ નથી આવતો. જીવન તર્ક કરતાં વધુ મોટું છે.

શિક્ષણની શ્રેષ્ઠ પદ્ધતિ કઈ ? કેટલાક નીવડેલા કેળવણીકારોને પૂછીશું તો કહેશે કે "તમારાં આ બુદ્ધિનાં ચૂંથણાં અમે ન સમજીએ. અમે તો એટલું જાણીએ કે આ નાનકડાં ખેપાનીઓને તમારે 'ચાહવાં' જોઈએ." પ્રેમ, તાદાત્મ્ય, હમદર્દી, સમજ, અનુકંપા —આ બધું શિસ્ત કે સ્વતંત્રતા કરતાં ઘણી વધુ ઉચ્ચ કક્ષાની શક્તિ માગી લે છે.

શિક્ષણની જેમ રાજકારણ પણ એક વિશિષ્ટ દ્વંદ્વાત્મક સવાલ ઊભો કરે છે. ત્યાં ઘણી વાર સ્વતંત્રતા અને સમાનતાનો દ્વંદ્વ ખડો કરી દેવાય છે. એટલે કે સ્વતંત્રતા વિરુદ્ધ સમાનતા અને સમાનતા વિરુદ્ધ સ્વતંત્રતા ! જો છુટ્ટો દોર આપી દેવામાં આવે, તો બળિયો વધુ સમૃદ્ધ બનશે અને નબળો સહન કરશે, અને સમાનતા ક્યાંય જોવા નહીં મળે. બીજી બાજુ સમાનતા લાવવા સ્વતંત્રતા ઉપર કાપ મૂકવો પડે — સિવાય કે ઉચ્ચતર કક્ષાએથી કોઈ પરિબળ તેમાં દાખલ થાય.

ફ્રાંસની ક્રાંતિનું સૂત્ર કોણે ઘડ્યું તે મને ખબર નથી, પણ એ કોઈ વિરલ પ્રજ્ઞાવાન પુરુષ હોવો જોઈએ. (કેટલાકનું માનવું છે કે લૂઈ કલોડ દ સેન્ટ માર્ટિને તે ઘડ્યું છે. એનો જીવનકાળ ૧૭૪૩ થી ૧૮૦૩ છે, અને એણે પોતાનાં લખાણો 'એક અજાણ્યો ફિલસૂફ' એવા નામે લખ્યાં છે.) સામાન્ય તર્કબુદ્ધિથી જેનો સમન્વય ન થઈ શકે એવા 'સ્વતંત્રતા' અને 'સમાનતા'ના દ્વંદ્વમાં એણે 'બંધુતા'નું ત્રીજું પરિબળ ઉમેર્યું. એ વધુ ઉચ્ચ કક્ષાનું પરિબળ છે. સ્વતંત્રતા અને સમાનતા કાયદા મારફત બળજબરીથી લાવી શકાય, પરંતુ બંધુતા એ કાનૂન, સંસ્થા કે તંત્રથી ઉપરવટ એવો માનવીય ગુણ છે. માણસ પોતાના વ્યક્તિગત આચરણથી, વધુ સારો માણસ થઈને તે સાધી શકે.

'લોકોને વધુ સારા માણસ બનાવવા શી રીતે ?' —આવો સવાલ હમેશાં પુછાય છે, અને તે બતાવે છે કે મૂળ મુદ્દો જ સમજાયો નથી. સારા માણસ 'બનાવી' ન શકાય, 'થઈ' શકાય.

ખેર, સમજવાની વાત એ છે કે આપણી સામેના સવાલો બે પ્રકારના છે. જ્યાં નિર્જીવ પદાર્થ કે તંત્ર સાથે કામ લેવાનું છે ત્યાં તેને લગતા સવાલોના અમુક ચોક્કસ જવાબો મળી શકશે, અને તે જવાબ અનુસાર વર્તવા માટે કોઈ ઉચ્ચ કક્ષાના ગુણની કે શક્તિની જરૂર નહીં પડે. ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, ભૂમિતિ, ગણિત વગેરેમાં આવું બની શકશે. પરંતુ ઉપરની કક્ષાએ સજીવ સૃષ્ટિમાં આવું શક્ય નહીં બને. ત્યાં સવાલોનું સ્વરૂપ જ જુદું છે. તેમાં તર્કબુદ્ધિ પર આધારિત નહીં, પણ વિવેકબુદ્ધિ પર આધારિત ઉકેલો જ જડશે, અને તેના અમલ માટે ઉચ્ચ કક્ષાના માનવીય ગુણોની જરૂર પડશે. જીવન દ્વંદ્વોથી ભરેલું છે. વિકાસ અને ક્ષય, સ્વતંત્રતા અને વ્યવસ્થા, આવાં દ્વંદ્વો જ જીવનમાં બધે જોવા મળશે. વિવેકપૂર્વક આ દ્વંદ્વોથી ઉપર ઊઠીને જીવવાનું છે.

ભૌતિક સવાલોની જેમ જીવનના દ્વંદ્વાત્મક સવાલોનો કાયમને માટે નિકાલ થઈ શકતો નથી. એમનો કોઈ અંતિમ ઉકેલ આવી શકતો નથી. એમના ઉકેલની કોઈ નક્કર ફોર્મ્યુલા બનાવી શકાતી નથી. તેમ છતાં આ દ્વંદ્વોને અતિક્રમી શકાય છે. સ્વતંત્રતા અને વ્યવસ્થા એ સામાન્ય કક્ષાએ બે વિરોધી વસ્તુ છે, પરંતુ ઉચ્ચતર કક્ષાએ, ખરેખરી માનવીય કક્ષાએ એ બંને એકમેકનાં વિરોધી રહેતાં નથી. પ્રેમ,

અનુકંપા, સમજ, હમદર્દી વગેરે ઊર્ધ્વ પરિબળોને કારણે બે વિરોધી તત્ત્વોનો સમન્વય થઈ જાય છે.

આવું કઈ રીતે બને છે ? બંધુતાનું ઊર્ધ્વ પરિબળ ઉમેરાતાં સ્વતંત્રતા અને સમાનતા વચ્ચેનો પરસ્પરનો વિરોધ ખતમ થઈને બંનેનો સમન્વય કઈ રીતે થાય છે ? આ તાર્કિક નહીં પણ અસ્તિત્વવાદી પ્રશ્નો છે. અસ્તિત્વવાદનો મૂળ મુદ્દો એ છે કે અનુભવને પુરાવા તરીકે સ્વીકારો, એટલે કે અનુભવ વિના કશો પુરાવો ન હોઈ શકે. પ્રેમ ને અનુકંપાનો પ્રવેશ થતાં વિરોધી દ્વંદ્વોથી ઉપર ઊઠી શકાય છે, એ તાર્કિક વિવાદનો નહીં, પ્રત્યક્ષ અનુભૂતિનો વિષય છે. માણસ પોતાના સાક્ષાત્ અસ્તિત્વમાં આ વસ્તુનો અનુભવ કરી શકે છે. (આના પરથી જ 'અસ્તિત્વવાદ' કહેવાય છે.) એક કુટુંબ છે. બે મોટા ભાઈ છે અને બે નાની બહેનો છે. કુટુંબમાં સ્વતંત્રતા છે, અને છતાં તેનાથી સમાનતા જોખમાતી નથી, કારણ કે મોટા ભાઈઓની ચઢિયાતી શક્તિ બંધુતાથી રસાયેલી છે.

જીવનના આવા દ્વંદ્વાત્મક સ્વરૂપનો આપણને બરાબર ખ્યાલ હોવો જોઈએ. આપણી તાર્કિક બુદ્ધિને આવી દ્વંદ્વાત્મક સ્થિતિ ગમતી નથી. એ તો મોટે ભાગે કોમ્પ્યુટરની માફક હા કે ના, આ કે પેલું —ની રીતે વર્તે છે. પરંતુ જીવનના આવા દ્વંદ્વાત્મક સ્વરૂપના યથાર્થ ખ્યાલ વિના ખરી સમજબુદ્ધિ સંભવી શકતી નથી.

સમાજ-જીવનમાં ન્યાયની પણ જરૂર છે અને દયાની પણ જરૂર છે. થોમસ એક્વિનાસે કહ્યું છે : ''દયા વિનાનો ન્યાય ક્રૂરતા છે; ન્યાય વિનાની દયા અંધાધૂંધીની જનેતા છે. ન્યાય અને દયાના દ્વંદ્વ વચ્ચે ઊર્ધ્વ પ્રજ્ઞા જ સમન્વય સાધી શકે. એવી જ રીતે સમાજને સ્થિરતા અને પરિવર્તન, પરંપરા અને નવપ્રયાણ, સાર્વજનિક હિત અને વ્યક્તિગત હિત, આયોજન અને મુક્ત સાહસ, વ્યવસ્થા અને સ્વતંત્રતા, વિકાસ અને વિલયની જરૂર છે. આ પરસ્પર વિરોધી જણાતાં તત્ત્વોના સમન્વય ઉપર જ સમાજનું સ્વાસ્થ્ય નિર્ભર છે. બેમાંથી કેવળ એકનો જ આશરો લેવા જતાં માણસની માણસાઈનો જ ખાતમો થઈ જશે.

આ દ્વંદ્વોને લીધે જગતમાં અજંપો અને તાણ રહે છે. પરંતુ આવી તાણને લીધે માણસની સંવેદનશીલતા વધુ ને વધુ સૂક્ષ્મ બને છે તથા ઉચ્ચતર માનવીય શક્તિઓ જાગૃત બને છે. આવું ન હોય તો માણસ એક ચતુર પ્રાણી કરતાં વિશેષ બીજું કશું નથી. માણસને માણસ રહેવા દેવા માટે આવાં દ્વંદ્વોનો સમન્વય સાધતી વિવેકબુદ્ધિનો નિરંતર વિકાસ થતો રહેવો જોઈએ. માણસને 'પૂર્ણ માનવ' બનાવવા માટે તથા માણસની તર્કથી પર એવી ઊર્ધ્વ શક્તિઓના વિકાસ માટે આવા વ્યાયામની નિતાંત આવશ્યકતા છે. બધી જ પરંપરાગત સંસ્કૃતિઓએ જીવનને એક પાઠશાળા માની છે તથા એક યા બીજી રીતે માણસની આ મથામણની કેળવણીની પ્રક્રિયા રૂપે અગત્યતા સ્વીકારી છે.

# ૧૦

# કળાનો અસલ મર્મ

**અહીં** કળા વિશે થોડી છણાવટ કરી લઈએ. આજે તો કળાને નામે ગમે તે ચાલી જાય. 'આધુનિક કળા'નો અને 'જમાનાથી આગળની કળા'નો દાવો કરાતો હોય, ત્યાં તેના વિશે વાંકું બોલવાની હિંમત કોણ કરે ? પરંતુ આવા ભીરુ થઈ જવાની જરૂર નથી. જીવંત મનુષ્ય સાથે કળાનો અનુબંધ જોડવાનો પ્રયાસ કરીશું તો કેટલીક આધારભૂત કસોટીઓ અવશ્ય મળી રહેશે.

કળાનો સંબંધ આપણી લાગણીઓ, આપણી ચિંતનશક્તિ અને આપણી ઇચ્છાશક્તિ સાથે આવે છે. કળા જો મુખ્યત્વે આપણી લાગણીઓ પર પ્રભાવ પાડવા માગે તો આપણે તેને મનોરંજન કહીશું. કળા જો મુખ્યત્વે આપણી ઇચ્છાશક્તિ પર પ્રભાવ પાડવા માગે તો તેને પ્રચાર કહીશું. કળા દ્વારા મનોરંજન પણ સધાય છે અને પ્રચાર પણ સધાય છે. છતાં તેમાં કશુંક ખૂટતું હોય એવો આપણને ભાસ થાય છે. કોઈ મહાન કળાકારે મનોરંજન તરફથી કે પ્રચાર તરફથી પોતાનું મોઢું ફેરવી લીધું નથી, પરંતુ તેની સાથોસાથ કોઈ પણ મહાન કળાકારે માત્ર મનોરંજન અને પ્રચારથી સંતોષ પણ માની લીધો નથી. દરેક મહાન કળાકાર તર્કબુદ્ધિથી પર એવી માણસની ઉચ્ચ બૌદ્ધિક શક્તિઓને સ્પર્શ કરીને સત્ય, સત્યની શક્તિ આપણા સુધી પહોંચાડવા અચૂક મથ્યો છે. મનોરંજન અને પ્રચાર પોતા થકી આવી કોઈ શક્તિ આપણને આપી શકતાં નથી, બલ્કે આપણા ઉપર સત્તા જમાવે છે. જ્યારે મનોરંજન અને પ્રચારથી ઉપરવટ જઈને તથા એમને ગૌણ બનાવી દઈને સત્યના સંક્રમણ ઉપર લક્ષ અપાય છે, ત્યારે કળા આપણી ઉચ્ચ શક્તિઓના વિકાસ માટે મદદરૂપ થાય છે. અને મહત્ત્વ આ જ વાતનું છે.

કળાનું ખરું મૂલ્ય શું છે ? વિખ્યાત કળામર્મજ્ઞ આનંદ કુમારસ્વામી કહે છે : ''પોતાને માફક આવે એવી જમીનમાં જેમ છોડવા પોષણ પામે છે અને વિકસે છે, તેમ કળાએ જો મનુષ્યને પોષણ પૂરું પાડવું હોય અને મનુષ્યના શ્રેષ્ઠ અંશોનો વિકાસ સાધવો હોય, તો તેણે માણસની લાગણીઓને નહીં પણ માણસની સમજદારીને સ્પર્શ કરવો જોઈએ. એક રીતે જોઈએ તો લોકો સાચા છે. તેઓ હંમેશાં એમ જાણવા માગે છે કે આ કળાકૃતિ 'શાના વિશે' છે.... લોકોને આપણે એ અપ્રિય સત્ય કહેવું જોઈએ કે મોટા ભાગની આ મહાન કળાકૃતિઓ ઈશ્વર વિશે છે, જેનો આપણે ભદ્ર સમાજમાં કદી ઉલ્લેખ કરતા નથી. આ મહાન કળાકૃતિઓના અંતરતમ સ્વરૂપ અને સંદેશ સાથે સુસંગત હોય એવું શિક્ષણ જો આપણે આપવા માગતા હોઈએ તો તે સંવેદનશીલતા બાબત નહીં, તત્ત્વચિંતન બાબત આપવું પડશે.''

બધી મહાન કળાકૃતિઓ ઈશ્વર વિશે હોય છે, એટલે કે મૂંઝાયેલા માનવીને માર્ગ દર્શાવવા માટે હોય છે —પર્વતારોહણનો માર્ગ. એ કળાકૃતિઓ મૂંઝાયેલા માટે એક ભોમિયાની ગરજ સારે છે. દાંતેનું મહાકાવ્ય 'ડિવાઈન કોમેડી' આવી એક કળાકૃતિ છે. એ સાહિત્યના રસિયાઓ અને સુખિયા ભદ્રજનો માટે નહીં પણ સામાન્ય સ્ત્રી-પુરુષો માટે લખાયેલું. દાંતેએ સ્પષ્ટ કહ્યું છે કે, ''આ સમગ્ર કાવ્ય કલ્પનાવિહાર ખાતર નહીં પણ વ્યવહારુ હેતુસર રચાયું છે. દુર્દશામાં જીવતા લોકોને તે સ્થિતિમાંથી બહાર કાઢીને પરમ સુખ-શાંતિ ને આનંદની સ્થિતિ તરફ દોરી જવાનો મારો હેતુ છે.''

એ કાવ્યમાં એક યાત્રીનું વર્ણન છે. બાહ્ય સફળતાઓ અને સત્તાની ચરમ સીમાએ પહોંચ્યા બાદ એને એકાએક એવી પ્રતીતિ થાય છે કે પોતે ઉચ્ચ ચોટીએ પહોંચવાને બદલે ઘોર જંગલમાં અટવાઈ પડચો છે અને કોઈ રસ્તો સૂઝતો નથી. સાચો માર્ગ છોડીને પોતે કઈ રીતે અહીં આવા ઘોર જંગલમાં આવી ચઢચો, તે પણ એને યાદ નથી. એટલો બધો એ બેધ્યાન બની ગયેલો. ભાનમાં આવ્યા બાદ એણે ઊંચું જોયું તો સૂર્યના પ્રકાશમાં પર્વતારોહણનો પથ દેખાયો. એણે ફરી ઉપર ચઢવાનો પ્રયત્ન આરંભ્યો. માર્ગમાં અનેક પ્રલોભનો અને આડખીલીઓ આવી. ઉપર સ્વર્ગમાંથી બીટ્રીસ યાત્રીની આ બધી મથામણ જોતી હતી. એ

એને મદદ કરવા માગતી હતી. પરંતુ એ પોતે એને મદદ કરી શકે તેમ હતી નહીં, કેમકે ધર્મની પહોંચની બહાર એ બહુ નીચે પડી ચૂક્યો હતો. તેથી બીટ્રીસે વિર્જીલના રૂપમાં કળાને કહ્યું કે એ યાત્રીને સહાય કરી આ ઘોર જગ્યામાંથી બહાર દોરી જાય.

આમ, ખરી કળાકૃતિ માણસના સામાન્ય સ્વભાવ અને એની ઉચ્ચ સંભાવનાઓ વચ્ચેની કડીરૂપ હોય છે. એ સત્યસ્વરૂપ છે તેથી માણસને માર્ગદર્શન કરાવી શકે છે. કળાને માત્ર એના સૌંદર્ય ખાતર સંઘરવી એ બિલકુલ ભૂલ-ભરેલું પગલું છે. કળાનું અસલ કર્તવ્ય માનવીના હૃદયને પર્વતારોહણની ઉત્કટ અભીપ્સાથી ભરી દેવાનું છે.

બધી જ મહાન સાહિત્યકૃતિઓ જીવનના દ્વંદ્વાત્મક સવાલોની છણાવટ કરે છે. આવા સાહિત્યને —બાઇબલને પણ માત્ર લલિત સાહિત્ય રૂપે માનવું, જાણે કે તેનો મુખ્ય હેતુ ખાસ ચુનંદા શબ્દો ને ઉપમાઓ દ્વારા કાવ્ય, કલ્પના ને કળામયતાની અભિવ્યક્તિ કરવાનો જ છે એમ માનવું, એ તો ઉદાત્તને ક્ષુલ્લકમાં પલટી નાખવા બરાબર છે.

## ૧૧

# માનવ-વિકાસની અસીમ સંભાવનાઓ

ઘણા લોકો આજે સમાજ માટે એક નવા નૈતિક આધારની, એક નવા નીતિશાસ્ત્રની વાત કરે છે. જ્યારે તેઓ 'નવું' એમ કહે છે, ત્યારે એ વસ્તુ ભૂલી જાય છે કે આમાં તો દ્વંદ્વાત્મક સવાલો સાથે કામ પાડવાનું છે. તેથી કોઈ નવી શોધ કરવાની આ બાબત નથી, પરંતુ માણસની ઉચ્ચ શક્તિઓના વિકાસની તેમજ વ્યવહારમાં તેના અમલની આ બાબત છે.

શેક્સપિયરે એક જગ્યાએ કહ્યું છે, ''કેટલાક પાપથી ઉપર ચઢે છે, અને કેટલાક પુણ્યથી નીચે પછડાય છે.'' અર્થાત્ એનું કહેવું એમ છે કે સદાચાર સારો છે અને દુરાચાર ખરાબ છે એટલું નક્કી કરી દેવું પૂરતું નથી. મહત્ત્વની વાત એ છે કે માણસ પોતાની ઊર્ધ્વ સંભાવનાઓ તરફ ઊંચે ચઢે છે કે ત્યાંથી નીચે પડે છે. સામાન્ય રીતે સદ્‌ગુણ અને સદાચાર મારફત માણસ ઊંચે ચઢતો હોય છે. પરંતુ આ સદાચાર જો માત્ર બાહ્ય દેખાવ પૂરતો હોય અને તેની પાછળ આંતરિક શક્તિ ન હોય, તો માણસ કેવળ આત્મતુષ્ટિમાં રાચતો રહેશે અને તેનો કશો વિકાસ નહીં થાય. તેવી જ રીતે સામાન્ય ધોરણ મુજબ જેને આપણે પાપ માનતા હોઈએ, તેનો આઘાત જો માણસમાં અગાઉ સુષુપ્ત રહેલી એની ઊર્ધ્વ શક્તિઓને જગાડવાનું કામ કરે, તો કદાચ તેનાથી એ માણસના વિકાસની પ્રક્રિયા શરૂ થઈ જાય.

બધું પરંપરાગત જ્ઞાન હંમેશાં સામાન્ય તર્કશાસ્ત્રથી ઉપરવટ જતું હોય છે. સારું શું ? તો કે આપણી ઊર્ધ્વ શક્તિઓનો વિકાસ કરીને એ આપણને ખરેખરા માનવ બનવામાં મદદ કરે તે સારું, અને તેનાથી વિપરીત તે ખરાબ. માનવ બનવું

એટલે આત્મ-સભાનતાની દિશામાં આગળ વધવું. તેના વિના પશુસૃષ્ટિથી ભિન્ન એવી કોઈ માનવતાની સંભાવના નથી. અને તેના વિના તો સારું એટલે ડાર્વિનવાદ મુજબ વાતાવરણને અનુકૂળ થવું અને પોતાની હયાતી ટકાવી રાખવી, અથવા ઉપયોગિતાવાદ મુજબ 'વધુમાં વધુ માણસોનું વધુમાં વધુ સુખ' સાધવું, જેમાં સુખ એટલે દૈહિક સુખ-સગવડ અને ઉત્તેજનાથી વિશેષ બીજું કશું નહીં.

જો કે ખરું જોતાં લોકોમાં એક કોઠાસૂઝ છે. એટલે આ ડાર્વિનવાદથી કે ઉપયોગિતાવાદથી એમને કદી સમાધાન થતું નથી. ભારે અનુકૂળ વાતાવરણ વચ્ચે મબલખ સુખ-સગવડ અને ઉત્તેજના સાથે જીવતાં જીવતાંયે તેઓ હંમેશાં પૂછ્યા કરે છે —સારું શું છે ? ભલાઈ એટલે શું ? અનિષ્ટ એટલે શું ? પાપ એટલે શું ? જીવનને સાર્થક કરવા માટે મારે શું કરવું જોઈએ ? હું યોગ્ય જીવન શી રીતે જીવી શકું ?

તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં કોઈ બાબત સૌથી વધુ અસ્તવ્યસ્ત હોય, તો તે નીતિશાસ્ત્ર. જીવનમાં કેવી રીતે વર્તવું તે વિશે નીતિશાસ્ત્રના પ્રાધ્યાપકો પાસે કોઈ માર્ગદર્શન માગવા જશે, તો તે ભાગ્યે જ કશું પામશે. હા, તેઓ અભિપ્રાયોનો ધોધ વરસાવશે. બહુ જૂજ અપવાદો સિવાય મોટા ભાગના પ્રાધ્યાપકો આ પૃથ્વી પર માનવજીવનનો શો હેતુ છે તે વિશે સ્પષ્ટતા વિના જ નીતિશાસ્ત્રનું ખેડાણ કરવા બેસે છે. એ તો સાવ દેખીતું છે કે જીવનના હેતુ વિશેના સ્પષ્ટ ખ્યાલ વિના સારું શું ને ખરાબ શું, સાચું શું ને ખોટું શું, ઈષ્ટ શું ને અનિષ્ટ શું, તે નક્કી કરવું શક્ય જ નથી. સારું શાના માટે ? ઈષ્ટ શાના માટે ?

પરંતુ સૌથી મોટી મુશ્કેલી જ આ છે. હેતુની વાત તો કરાય જ નહીં. એ તો ભારે મોટો તર્કદોષ ગણાય ! સદ્‌ગુણ ખાતર જ સદ્‌ગુણ. પરંતુ માનવજાતના મહાન ગુરુઓમાંના કોઈને આવી ટાળંટાળથી સમાધાન નહીં થાય. એક વસ્તુ સારી છે એમ કહેવાય, પરંતુ તે શાના માટે સારી છે તે જો કોઈ ન કહી શકતું હોય, તો મને તેમાં કઈ રીતે રસ પડશે ? જો આપણો ભોમિયો, આપણી સામેનો જીવનનો નકશો આ સારું ક્યાં છે, અને તેની સમીપ કઈ રીતે જઈ શકાય તેમ છે, તે આપણને ન દર્શાવી શકતો હોય, તો તે કશા કામનો નથી.

અહીં અત્યાર સુધીના આપણા વિવેચનનું પુનરાવલોકન કરી લઈએ. આપણે જોયું કે ભિન્ન ભિન્ન યોનિઓ છે, અસ્તિત્વની, જીવનની ભિન્નભિન્ન શ્રેણીઓ છે. નીચેની શ્રેણીથી જેમ જેમ ઉપર જતા જઈએ છીએ તેમ તેમ પ્રગતિનાં લક્ષણ જોવા મળે છે, નવી નવી શક્તિઓ અને સંભાવનાઓ ઉમેરાતી જાય છે. માનવની કક્ષાએ આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે હજી આગળ અસીમ વિકાસની સંભાવના છે. માણસ શું શું કરી શકે તેની કોઈ મર્યાદા જણાતી નથી. કોઈ એક માણસ અમુક ઉચ્ચ કોટીએ પહોંચી શકે, તો તે માનવ-વિકાસની ઉચ્ચ સંભાવનારૂપ બની રહે છે, પછી ભલે ને કોઈ બીજો માણસ ફરી એટલી કક્ષાએ ન પહોંચી શક્યો હોય. સાથોસાથ ગમે તેવો પૂર્ણ માનવ પણ માનવયોનિ અંતિમ પેદાશરૂપ નથી. આત્મસભાનતા એ માણસની ખાસ લાક્ષણિકતા છે. એ શક્તિનો અનેક ગણો વિકાસ કરતા રહેવો જોઈએ. આના પરથી વિકાસની દિશા કઈ હોવી જોઈએ, તેનો ખ્યાલ આવી શકશે. અને તો જ પૃથ્વી ઉપરના આપણા જીવનને અર્થપૂર્ણતા અને હેતુ પ્રાપ્ત થશે.

ત્યાર બાદ આપણે જોયું કે જે પિંડે છે, તે જ બ્રહ્માંડે છે. આપણી આસપાસ જે કાંઈ છે, તેને અનુરૂપ શક્તિ આપણી ભીતર પડેલી હોય જ છે. નહીં તો બહારનું જ્ઞાન શકય જ ન બને. આપણને ઉચ્ચ-ઉચ્ચતર શ્રેણીઓની આવી આંતરિક શક્તિઓની દેણ મળેલી છે. શક્તિ જેમ જેમ વધુ ઉચ્ચ કક્ષાની, તેમ તેમ હજી ઓછી વિકસિત તથા તેના વિકાસ માટે વધુ પુરુષાર્થની આવશ્યકતા. આપણા જીવનની કક્ષા વધારવી હોય તો આપણે આવા વિકાસ માટે પોષક હોય એવી જીવનપદ્ધતિ અપનાવવી પડશે. એ જીવનપદ્ધતિ એવી હોય જેમાં આપણી નિમ્ન પ્રકૃતિ ઉપર માત્ર જરૂર પૂરતું ધ્યાન આપવું પડે કે જેથી આપણા ઉચ્ચતર વિકાસ માટે આપણને પૂરતો અવકાશ રહે તથા તે બાબત આપણે મુકતપણે ધ્યાન આપી શકીએ.

આ પુરુષાર્થમાં મુખ્ય વાત છે આપણા પોતાના વિશે તથા બીજાઓ અને આપણી આસપાસના જગત વિશે બાહ્ય તેમ જ આંતરિક જ્ઞાન કેળવવાની. તેમાં આપણે આપણી પોતાની જાતને તટસ્થતાથી, સ્વસ્થતાથી, સૂક્ષ્મતાથી ઓળખી શકીશું. તેના પર આપણી સમજશક્તિ નિર્ભર રહેશે. આજે જાતને ઓળખવાની

આ વાત ભુલાઈ ગઈ છે તેથી જ દુનિયામાં આપણે એકબીજા પર વિશ્વાસ મૂકી શકતા નથી, મોટા ભાગના લોકો સતત માનસિક તાણમાં જીવે છે. ગમે તેવી અદ્યતન ટેકનોલોજી છતાં પરસ્પરનો સંપર્ક વધુ ને વધુ મુશ્કેલ બનતો જાય છે, અને સમાજમાં સ્વાભાવિક સુસંવાદ જોવા મળતો નથી. એટલે પછી કલ્યાણરાજ વગેરે તંત્રાત્મક ઉપાયોથી થાગડથીગડ કરવું પડે છે.

આંતરિક જગત સ્વતંત્રતાનું જગત છે, બાહ્ય જગત અનિવાર્યતાનું જગત છે. આ બે વચ્ચેના સમન્વય ઉપર જીવનના બધા ગંભીર સવાલોનું સમાધાન નિર્ભર છે. આપણી તર્કબુદ્ધિ આવા દ્વંદ્વાત્મક સવાલોને ટાળવાનું પસંદ કરે છે, જ્યારે માણસની ઉચ્ચતર શક્તિઓ જીવનના આવા પડકારને ઝીલી લેવામાં જ જીવનની સાર્થકતા માને છે. માણસનો વિકાસ પણ આમાં જ રહેલો છે. આ શ્રદ્ધાની બાબત છે. આપણું સામાન્ય મગજ આપણને એમ જ સમજાવતું રહે છે કે આપણે તુચ્છ વસ્તુ છીએ, અલ્પ માત્ર છીએ. આપણી શ્રદ્ધા આપણને તેનાથી ઘણું ઊર્ધ્વનું જ્ઞાન આપતી રહે છે, આપણી સામે નવી નવી ક્ષિતિજો ખોલતી રહે છે.

સારું શું ને ખરાબ શું ? ઈષ્ટ શું ને અનિષ્ટ શું ? તે બધું આપણી શ્રદ્ધા પર અવલંબે છે. અત્યાર સુધી આપણે જે કાંઈ વિવેચન કર્યું, તે પરથી મનુષ્યની સાચી પ્રગતિ શેમાં સમાયેલી છે, તે સમજવું હવે આપણા માટે મુશ્કેલ નથી :

— માણસનું પ્રથમ કર્તવ્ય છે, સમાજ પાસેથી અને પરંપરા પાસેથી શીખવું તથા આ રીતે બહારથી માર્ગદર્શન મેળવીને પોતાનું તાત્કાલિક સુખ પ્રાપ્ત કરવું.

— માણસનું બીજું કર્તવ્ય છે, જે જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેને ભીતર વાગોળવું, તેનું વિશ્લેષણ કરવું, સારું-સારું રાખવું અને ખરાબ કાઢી નાખવું. આ પ્રક્રિયાને વ્યક્તિકરણ (individuation)ની પ્રક્રિયા કહી શકાય. માણસ હવે બાહ્ય પરિબળોથી દોરવાવાને બદલે પોતાની જાતે સંચાલન કરતો થાય છે.

— માણસનું ત્રીજું કર્તવ્ય પહેલાં બે કર્તવ્યો પાર પાડ્યા પછી જ હાથ ધરી શકાશે, અને તેને માટે શક્ય તેટલી અત્યંત શ્રેષ્ઠ સહાયની માણસને જરૂર પડશે. એ કર્તવ્ય છે, 'સ્વ'નો લોપ, પોતાના ગમા-અણગમા તથા સર્વ પ્રકારની અહંકેન્દ્રી પ્રવૃત્તિઓનો લોપ. માણસ જેટલે અંશે આમાં સફળ થશે, તેટલે

અંશે બહારનાં પરિબળોથી દોરવાતો બંધ થશે, અને સાથોસાથ પોતાની જાતથી દોરવાતો પણ બંધ થશે. માણસ ત્યારે મુકત બન્યો, અથવા કહો કે માણસ ઈશ્વર-પ્રેરિત બન્યો.

દરેક માણસ સામે જો આ જ ત્રિવિધ કર્તવ્ય હોય, તો આપણે એમ કહી શકીએ કે આ મુક્તિના પથ પર જે મને અને બીજાને મદદરૂપ થાય, તે સારું. મારી પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે 'હું મારી જાત જેટલો જ મારા પડોશીને પ્યાર કરું,' પરંતુ ઉપર વર્ણવી એવી વિકાસયાત્રા આરંભવા જેટલો પર્યાપ્ત પ્રેમ જો મેં મારી જાતને નહીં કર્યો હોય, તો હું મારા પડોશીને પ્રેમ જ નહીં કરી શકું (સિવાય કે વાસનાગત અથવા લાગણીવશ પ્રેમ). હું તેને કેવી રીતે પ્રેમ કરી શકું અને મદદ કરી શકું, જ્યાં સુધી સંત પૉલની જેમ મારે પણ કહેવું પડતું હોય : ''મારું પોતાનું વર્તન મને મૂંઝવી દે છે. કેમ કે હું જોઉં છું કે હું ખરેખર જે કરવા માગું છું તે કરતો નથી. પણ ખરેખર જેને તિરસ્કારું છું તે કરું છું.'' આથી મારા પડોશીને તેમ જ મારી જાતને પ્રેમ કરવા અને મદદ કરવા શક્તિમાન થવા માટે મને કહેવામાં આવે છે કે 'ઈશ્વરને પ્રેમ કર'. અર્થાત્ પરિશ્રમપૂર્વક અને ધૈર્યપૂર્વક મારા ચિત્તને ઉચ્ચતમ વસ્તુઓ તરફ તેમ જ મારી પોતાની યોનિ કરતાં ઉપરની ઊર્ધ્વ યોનિઓ તરફ કેન્દ્રિત અને પ્રયત્નશીલ રાખવું, તેમાં જ મારું 'કલ્યાણ' છે.

# ૧૨

# ઊર્ધ્વ યાત્રામાં જ માનવ્યનો મર્મ

'ડિવાઈન કોમેડી'માં દાંતેને જ્ઞાન થયું કે પોતે ઘોર જંગલમાં અટવાઈ પડ્યો છે. સાચો માર્ગ છોડીને પોતે કઈ રીતે આવે માર્ગે ચઢી ગયો, તે પણ એને યાદ નથી. ભાનમાં આવ્યા બાદ એનામાં ફરી પર્વતારોહણની અભીપ્સા જાગી. પરંતુ એવું આરોહણ શરૂ કરે તે પહેલાં એણે નરકની ઊંડી ગર્તાનું દર્શન કરી આવવાનું હતું, કે જેથી પોતે કેવા પાતકમાં પડ્યો છે તેની વાસ્તવિકતાનો યથાર્થ ખ્યાલ આવે.

આજે આધુનિક જગતમાં વરવી વાસ્તવિકતાઓ શી છે, તેનું કોઈ યથાર્થ વર્ણન કરવા જાય, તો તેને નિરાશાવાદી, પ્રલયવાદી વગેરે કહીને ઉતારી પાડવામાં આવે છે. પરંતુ દાંતે તેમ જ આધુનિક સમાજ ઉપરના સર્વોત્તમ ભાષ્યકારોમાંના એક એવા ડોરોથી સેયર્સને આ બાબતમાં આવું કહેવાનું છે :

''નરક એ બીજું કાંઈ નહીં પણ પાતક અને ભ્રષ્ટાચારની સ્થિતિમાં પડેલા માનવસમાજનું એક ચિત્ર છે. આજે આપણને લગભગ ખાતરી થઈ ચૂકી છે કે સમાજની સ્થિતિ વરવી છે અને તે પરિપૂર્ણતાની દિશામાં આગળ વધી રહ્યો નથી. કેવી ગર્તામાં આપણે પહોંચી ગયા છીએ, તે સહેલાઈથી જોઈ શકાય છે. નિરર્થકતા, વ્યર્થતા, નિ:સારતા. કશીયે જીવંત શ્રદ્ધાનો અભાવ. ઉત્તરોત્તર શિથિલ થતાં જતાં નીતિમત્તાનાં ધોરણો. અકરાંતિયો ભોગવાદ. નવી નવી ચીજવસ્તુઓ ખરીદવા માટેની આંધળી દોટ. નાણાંકીય બિન-જવાબદારી. નિરંકુશ મનોદશા. સ્વકેન્દ્રી અને હઠાગ્રહી વ્યક્તિવાદ. હિંસા. જીવન અને ચીજવસ્તુ પ્રત્યેના આદરનો અભાવ. જાતીય વૃત્તિનું શોષણ. પ્રચાર અને જાહેરખબરોમાં ભ્રષ્ટ કરી મૂકવામાં આવતી ભાષા. ધર્મમાં પણ

પેસી ગયેલી વેપારી વૃત્તિ. અંધવિશ્વાસને પ્રોત્સાહન. લોકોનાં મન-મગજ પર જાતજાતનાં માધ્યમો દ્વારા ભૂરકી નાખીને અને લોક-ઉન્માદ જન્માવીને માનવચિત્તને અમુક ઢાંચામાં ઢાળવાનો પ્રયાસ. જાહેર જીવનમાંનો પાર વિનાનો ભ્રષ્ટાચાર અને દાવપેચ. દંભ, અપ્રામાણિકતા, બૌદ્ધિક નિષ્ઠાનો અભાવ. પરસ્પરના મતભેદો અને અણબનાવોને વધુ ને વધુ વકરાવવાનો પ્રયાસ. એક વર્ગને બીજા વર્ગ વિરુદ્ધ અને એક દેશને બીજા દેશ વિરુદ્ધ ઉશ્કેરવાની કોશિશ. સંદેશ-વ્યવહારનાં માધ્યમો મારફત ફેલાવાતાં જુઠાણાં. લોકોની હીનમાં હીન અને અણઘડમાં અણઘડ લાગણીઓને બહેકાવીને થતું માણસનું શોષણ. આત્મીય સ્વજનો, રાષ્ટ્ર, ખાસ મિત્રો પ્રત્યે પણ વિશ્વાસઘાત —આપણા પતનનાં આ બધાં એક પછી એક પગથિયાં છે. આ બધું છેવટે સમાજના ઠંડાગાર મૉત તરફ અને સર્વ સુસંસ્કૃત સંબંધોની નાબૂદી તરફ માનવજાતને દોરી જાય છે.''

આ સમસ્યાઓ આપણે અગાઉ જોયું એવા દ્વંદ્વાત્મક પ્રકારની છે અને છતાં લોકો ઉકેલો શોધવા પાછળ ધમપછાડા કરે છે ! એમને આપણે જો એમ કહીએ કે સમાજને ફરી સ્વસ્થ બનાવવો હશે તો બહાર નહીં, અંદર ખોળવું પડશે, તો તેઓ ગુસ્સે થઈ જાય છે. ડોરોથી સેયર્સે વાસ્તવિકતાનું કરેલું વર્ણન અડધી સદી પહેલાં લખાયેલું છે. ત્યાર પછી તો પતનનો વેગ વધ્યો છે. આજે આ વર્ણન વધુ જાણીતું લાગે છે.

જો કે આજે હવે પરિસ્થિતિમાં કેટલાક આશાસ્પદ સુધારા પણ જોવા મળે છે : સમાજની સ્વસ્થતા પાછી મેળવવા બહાર નહીં, ભીતર ડૂબકી દેવી પડશે, એ વાત કેટલાકને ગળે ઊતરવા લાગી છે. રાજકારણથી જ બધું ઠીક થઈ જશે, એવી માન્યતા આજથી પચાસ વરસ પહેલાં જેટલી કટ્ટર હતી તેટલી આજે હવે રહી નથી. નવી જીવનશૈલી અને સ્વૈચ્છિક સાદાઈની દિશામાં આજે જાતજાતના પ્રયોગો થઈ રહ્યા છે. ભૌતિક વિજ્ઞાનવાદનો ઘમંડ હવે ઊતરી રહ્યો છે અને ભદ્ર સમાજમાં પણ હવે ક્યારેક ઈશ્વરના નામનો ઉલ્લેખ સહન કરી લેવાય છે.

અલબત્ત, આમાંનું કેટલુંક માનસ-પરિવર્તન આધ્યાત્મિક અંતઃદૃષ્ટિને કારણે નહીં પણ પરિસ્થિતિવશ ઊભા થયેલા ભૌતિકવાદી ભયને કારણે આવેલું છે. આજે

વાતાવરણના પ્રદૂષીકરણની સમસ્યા, ઊર્જાની તંગીની સમસ્યા, અનાજની અછતની સમસ્યા અને કથળતા આરોગ્યની સમસ્યા માનવજાત સામે ઘૂરકિયાં કરી રહી છે, અને તેના ભયથી માણસો કંઈક જુદી રીતે વિચારવા લાગ્યા છે. અને તેમ છતાં કેટલાક લોકો હજીયે યંત્રવિજ્ઞાનની જાતજાતની યુક્તિ-પ્રયુક્તિ દ્વારા આ બધી સમસ્યાઓને પહોંચી વળાશે, એમ પોતાના મનને મનાવતા રહે છે. તેઓ કહે છે કે અણુશક્તિનો વિકાસ કરવાથી આપણી ઊર્જાની સમસ્યા ઊકલી જશે, તેલમાંથી ખાદ્ય પ્રોટીન મેળવવાની પ્રક્રિયાને અણીશુદ્ધ કરવાથી દુનિયાની અન્ન સમસ્યા ઊકલી જશે, અને નવી દવાઓ શોધવાથી આરોગ્ય અંગેના ગમે તેટલા ભયને અવશ્ય નિવારી શકાશે..... વગેરે, વગેરે.

કેટલાક માણસો ભલે હજી આવી રીતે પોતાના મનને મનાવતા રહેતા હોય, પરંતુ સરવાળે જોઈએ તો આધુનિક માણસ સર્વશક્તિમાન છે એવી શ્રદ્ધા હવે ઓસરતી જાય છે. ઘડીભર માની પણ લઈએ કે ઉપરોક્ત બધી સમસ્યાઓ ટેકનોલોજી મારફત ઉકેલી નાખવામાં આવે છે, તો પણ નિરર્થકતા, વ્યર્થતા, નિઃસારતા, ગેરવ્યવસ્થા, ભ્રષ્ટાચાર વગેરેની પરિસ્થિતિ તો જેમની તેમ રહેશે. ટેક્નોલોજીના વિકાસ દ્વારા આ વસ્તુને દૂર કરી શકાય તેમ નથી. આમ, વધુ ને વધુ લોકોને એ વાતની પ્રતીતિ થતી જાય છે કે 'આધુનિક પ્રયોગ' નિષ્ફળ નીવડ્યો છે. શરૂ-શરૂમાં એ પ્રયોગની ભારે બોલબાલા રહી. કઠોર તર્કશાસ્ત્ર દ્વારા તેણે માણસને એની ઊર્ધ્વ કક્ષાએથી વિખૂટો પાડી દીધો. વાસ્તવમાં આ ઊર્ધ્વ કક્ષાઓને લીધે જ માણસની માણસાઈ કાયમ રહી શકે તેમ છે. માણસે સ્વર્ગના દરવાજા પોતાને માટે બંધ કરી દીધા, તથા પુષ્કળ શક્તિ ને કુશળતાપૂર્વક પોતાની જાતને પૃથ્વી સાથે જ બાંધી રાખવાનો પ્રયત્ન કર્યો. પરંતુ આજે હવે એમ જણાય છે કે પૃથ્વી તો એક અલ્પકાલીન સ્થિતિ છે. તેથી સ્વર્ગને આંબવાનો પ્રયાસ છોડી દેવો એનો અર્થ એ કે જાતે કરીને નરકનું પતન વહોરી લેવું.

મંદિરો, મસ્જિદો, દેવળો વિનાના જીવનવ્યવહારની કલ્પના કદાચ થઈ શકે છે, પણ ધર્મ વિનાનું જીવન શક્ય નથી. એટલે કે રોજિંદા જીવનની કક્ષાથી ઉપર ઊઠીને ઉચ્ચતર કક્ષાઓ સાથેના સંપર્ક માટેના તથા ઉચ્ચતર કક્ષાઓ તરફ પ્રગતિ સાધવા માટેના વ્યવસ્થિત પુરુષાર્થ વિનાનું જીવન શક્ય નથી. ધર્મ વિના

જીવવાનો આધુનિક પ્રયોગ નિષ્ફળ નીવડ્યો છે. અને એક વાર આપણે આટલું સમજી લીધું તો પછી આપણું આધુનિકથી આગળનું ખરેખરું કામ શું છે તે આપણને સમજાઈ જશે. એ એક નોંધપાત્ર બીના છે કે આજે જુદી જુદી ઉંમરના અસંખ્ય યુવાન માણસોનું મોઢું હવે સાચી દિશામાં છે. એમને એવી આંતરિક પ્રતીતિ થઈ ચૂકી છે કે સમસ્યાઓના બાહ્ય ઉકેલો કોઈ રીતે મદદરૂપ થાય તેમ નથી, બલ્કે, કદાચ વિઘ્નરૂપ નીવડે.

જીવનની કળાનો મર્મ છે, પ્રતિકૂળ સંજોગોને અનુકૂળ કરવા. આપણને એટલું જ્ઞાન થાય કે આપણે ખરે જ નરકલોકમાં ઊતરી ચૂક્યા છીએ, જ્યાં 'સમાજનું ઠંડુંગાર મૉત અને સર્વ સુસંસ્કૃત સંબંધોની નાબૂદી' જ આપણી રાહ જુએ છે, ત્યારે જ આપણે આપણા જીવનને નવો વળાંક આપવા માટે જરૂરી એવી હિંમત અને કલ્પનાશક્તિનું આવાહન કરી શકીશું. ત્યારે પછી જગતને આપણે નવા પ્રકાશમાં જોઈ શકીશું. એટલે કે એક એવું જગત જેમાં આધુનિક માણસે કાયમ જેની વાતો કરી છે પણ જે કદી સાધી શકાયું નથી તે ખરેખર વાસ્તવમાં સાધી શકાય.

પૃથ્વીની ઉદારતા સમસ્ત માનવજાતને પોષી શકે તેમ છે. પૃથ્વીને તંદુરસ્ત સ્થળ તરીકે જાળવી રાખવા માટે ઇકોલોજીનું પૂરતું જ્ઞાન આજે હવે આપણને છે. પૃથ્વી પર પૂરતી મોકળાશ છે અને પૂરતી સાધનસામગ્રી છે, કે જેથી દરેકને પર્યાપ્ત આશ્રય મળી રહે. જરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરતા પ્રમાણમાં ઉત્પન્ન કરી લેવા જેટલા આપણે શક્તિમાન છીએ કે જેથી કોઈ પણ માણસને બેહાલીમાં ન જીવવું પડે.

અને ત્યારે આપણે જોઈશું કે આર્થિક સમસ્યા હવે ઊકલી ગઈ છે. લોકોને જરૂર પૂરતું કેમ પૂરું પાડવું તે આપણે જાણીએ છીએ. તેને માટે હવે કોઈ હિંસક, અમાનુષી, આક્રમક ટેકનોલોજીની જરૂર નથી. હકીકતે કોઈ આર્થિક પ્રશ્ન જ નથી, અને એક રીતે જોઈએ તો ક્યારેય કોઈ આર્થિક પ્રશ્ન હતો જ નહીં. પરંતુ એક નૈતિક પ્રશ્ન છે. અને નૈતિક પ્રશ્નો એવા નથી કે જેના કાયમી ઉકેલો જડી શકે, અને ભાવિ પેઢી વિનામહેનતે જીવન ગુજારી શકે. ના, એમના ઉકેલો નહીં શોધાય. એમને તો સમજવા પડશે અને એમની ઉપરવટ જવું જોઈશે.

આધુનિક જગતને બચાવી લઈ શકાય એટલા પૂરતા માણસો પોતાના જીવનને નવો વળાંક આપવા માટે સમયસર તૈયાર થશે ખરા ? આવો પ્રશ્ન ઘણી વાર પુછાય છે. પરંતુ આનો ગમે તે જવાબ અપાય, તે માણસને ગેરમાર્ગે જ દોરશે. આનો જવાબ જો 'હા' હશે, તો આપણે અલ્પસંતોષી બની જઈશું. અને આનો જવાબ જો 'ના' હશે તો હતાશ થઈ જઈશું. બહેતર છે કે આ દ્વિધાને બાજુએ રાખી આપણે કામે લાગી જઈએ.

# જીવનના સર્વાંગી વિજ્ઞાન અંગે
# સમ્યક્ સમજ કેળવવા
# અન્ય વિચારપ્રેરક પુસ્તકો

| | | રૂપિયા |
|---|---|---|
| વિજ્ઞાન-અધ્યાત્મ | વિનોબા | ૫૦ |
| સર્વોદયનું અર્થકારણ | વિનોબા | ૨૦ |
| શાણો સમાજ | ઍરિક ફ્રૉમ | ૪૦ |
| આશાની ક્રાંતિ | ઍરિક ફ્રૉમ | ૩૦ |
| ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ | ફ્રિટ્જૉફ કાપ્રા | ૨૦ |
| ત્રીજું મોજું | એલવિન ટૉફલર | ૩૦ |
| વિકાસનાં ખંડિયેરો | વુલ્ફગાંગ ઝેક્સ | ૧૦ |
| 'હિંદસ્વરાજ' : એક અધ્યયન | કાન્તિ શાહ | ૫૦ |
| સર્વોદય આરોહણ | કાન્તિ શાહ | ૨૫ |
| અજ્ઞાતના ઓવારા | પ્રબોધ ચોકસી | ૨૦ |

સર્વના ઉદય માટે મથતું વિચારપત્ર

# ભૂમિપુત્ર

માતા भूमिः पुत्रो अहं पृथिव्याः

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

## અર્ધ શતાબ્દી પૂરી કરી ભૂ.ની શબ્દ-યાત્રા અખંડ ચાલે છે

- ❑ સર્વોદય વિચારધારાની રજૂઆત - છણાવટ - સમીક્ષા
- ❑ વિશ્વભરના ભદ્ર-મંગલ વિચારોનો સુચારુ પરિચય
- ❑ અદ્યતન વિશ્વ-પ્રવાહોનું આકલન-અવલોકન
- ❑ સાંપ્રત પ્રશ્નોનું તટસ્થ વિવેચન
- ❑ વર્તમાન સામાજિક-આર્થિક-રાજકીય પ્રવાહોનું સર્વોદયની દષ્ટિએ અવલોકન
- ❑ પર્યાવરણીય પ્રશ્નો અંગે અદ્યતન ચર્ચા-વિચારણા
- ❑ સમકાલીન પ્રશ્નોમાં માર્ગદર્શન પૂરું પાડે એવી, જીવનનો મર્મ સરળ શૈલીમાં સમજાવતી અને આધ્યાત્મિક ઉન્નતિ માટે ભાથું પૂરું પાડતી, વિનોબાજીનાં પ્રવચનો-સાહિત્યમાંથી ચૂંટેલી અણમોલ સામગ્રી
- ❑ [illegible] …વેદનો ઝીલતી એક પાનની વાર્તા
- ❑ જાહેરાતો વિનાનું ૧/૪ ડેમી માપનાં ૨૪ પાનનું નરદમ વાચન


સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ ● પારુલ ● દશરથલાલ શાહ ● કાન્તિ શાહ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

[illegible] …વાજમ રૂ. ૧૫૦, આજીવન અનામત રૂ. ૧૫૦૦

[illegible]દશમાં સીમેલ રૂ. ૩૦૦, એરમેલ રૂ. ૬૦૦



Acc. No. 130277
Date 10-9-2010

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

પશ્ચિમની સભ્યતા ભૂલી પડી છે. તે હડહડતા ભૌતિકવાદમાં ગરકી ગઈ છે. ભૌતિક પદાર્થ વિજ્ઞાનના ક્ષેત્રે તેણે મોટી હરણફાળ ભરી છે. પરંતુ હવે તેની મર્યાદાઓ છતી થઈ રહી છે.

૧૯મી સદીના કેટલાક વિચારો કોઈ પરમ સત્યો જેવી પ્રતિષ્ઠા પામ્યા છે. વાસ્તવમાં, તે કોઈ પરમ સત્યો છે નહીં. માટે ૧૯મી સદીના વિચારોની ગુલામીમાંથી મુક્ત બનીએ. (ભૌતિક) વિજ્ઞાનની સીમાઓ પિછાનીએ. સાહિત્ય, કળા, નીતિશાસ્ત્ર, જીવન-મૂલ્યો તત્ત્વજ્ઞાન વગેરેને યથાસ્થાને પુનઃ સ્થાપિત કરીએ. ભૌતિક વિજ્ઞાનનો સામ્રાજ્યવાદ ખતમ કરીએ.

Library IIAS, Shimla
GJ 891.478 SH 91 J
00130277

SABARMATI ASHRAM
000784 Ahmedabad
JEEVANNNU SARVANGI
VIGNAN GUJ.
MRP: Rs. 25

૨૫ રૂપિયા